CMYK CMYK

RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા  નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ અષાઢ સુદ -૨  ગુરૂવાર તા.૧૬-૦૭-૨૦૨૬  અંક : ૧૬૮ વર્ષ : ૨૧  email :rajkot@aaspassindia.com  કિંમત રૂા. ૨-૫૦  પાના - ૮










અષાઢી બીજ એટલે ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો ઉત્સવ.બહેન સુભદ્રાજીની નગર જોવા માટેની ઈચ્છા પૂરી કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામજીએ આજના દિવસે રથમાં બેસીને નગરભ્રમણ કર્યું હતું.સામાન્ય રીતે પ્રભુના દર્શન માટે ભાવિકો તેમના દ્વારે જતા હોય છે,અહીં ભગવાન પોતે તેમના ભાઈ અને બહેન સાથે લોકોને દર્શન આપવા માટે નીકળ્યા હતા.ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામજીનો બહેન પ્રત્યેનો પ્રેમ સદાય અખંડ રહે તે માટે દર વર્ષે અષાઢી બીજના દિવસે રથયાત્રા નીકળે છે. ઓડિશામાં આવેલ જગપ્રસિદ્ધ જગન્નાથ પુરીમાં આજથી રથયાત્રાનો પરંપરા મુજબ પ્રારંભ થયો છે.ભગનાની રથયાત્રામાં લાખો ભક્તો જોડાયા છે.ભારતના રાષ્ટ્રપતિ અને વડાપ્રધાને પણ રથયાત્રા પર્વની દેશવાસીઓને શુભકામના પાઠવી છે.ગુજરાતના અમદાવાદ શહેરમાં નીકળતી રથયાત્રા દેશમાં બીજા ક્રમે છે.આજે સવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભગવાનના રથની પહિંદવિધિ કરી હતી અને યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.જગતના નાથના દર્શન કરવા માટે હજારો ભાવિક ભાવવિભોર બન્યા હતા.

ભગવાન જગન્નાથની પવિત્ર રથયાત્રાના શુભ અવસર પર, પ્રખ્યાત રેતી કલાકાર અને પદ્મશ્રી પુરસ્કાર વિજેતા સુદર્શન પટનાયકે ઓડિશાના પુરી બીચ પર તેમની અનોખી કલાથી દેવતાને શ્રદ્ધાંજલિ આપી. તેમણે બીચની રેતી પર ભગવાન જગન્નાથની ભવ્ય પ્રતિમા સાથે ૧૦૦ લઘુચિત્ર રેતીના રથ બનાવ્યા. તેમની મનમોહક કલાકૃતિએ રથયાત્રાના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્વને આબેહૂબ રીતે રજૂ કર્યું. પુરી બીચ પર બનાવેલી આ ખાસ રેતી કલા ભક્તો અને પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની, જ્યાં મોટી સંખ્યામાં લોકો આ અદ્ભુત કલાકૃતિ જોવા માટે આવ્યા.

# મારી ભૂખ હડતાળ લોકશાહીમાં સરકારની જવાબદારી સુનિશ્ચિત કરવા માટે : સોનમ વાંગચુક

## સરકારને ઢંઢોળવા માટે ૨૦ જુલાઈએ ચાલો સંસદ માર્ચનું આયોજન

નવી દિલ્હી

લદ્દાખની માગણીઓને લઈને આંદોલન ચલાવી રહેલા પર્યાવરણવિદ અને સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકની ભૂખ હડતાળ આજે ગુરુવારે ૧૯મા દિવસમાં પ્રવેશી ગઈ છે. સતત બગડતી તબિયત વચ્ચે પણ તેમનો ઉત્સાહ ઓછો થયો નથી. બુધવારે રાત્રે એક વીડિયો સંદેશ જાહેર કરીને તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, તેમનો આ સંઘર્ષ હજુ ખતમ થયો નથી. તેમણે કહ્યું કે, ભલે મારા શરીરના સ્નાયુઓ નબળા પડી રહ્યા છે, પરંતુ મારું દિલ અને મગજ પૂરેપૂરું સ્વસ્થ છે અને હું લડત ચાલુ રાખીશ.



સોનમ વાંગચુકના નિયમિત મેડિકલ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. તેમણે પોતાના વીડિયો સંદેશમાં જણાવ્યું કે, 'મારી સ્થિતિ એવી નથી કે હું આગામી બે-ચાર દિવસમાં મરી જાઉં. ૧૮ દિવસના અનશન બાદ પણ મારો ઈસીજી રિપોર્ટ સારો આવ્યો છે. હા, શરીરમાં નબળાઈ છે અને મસલ્સ ઘટી રહ્યા છે, પરંતુ મારું દિલ બરાબર કામ કરી રહ્યું છે. તેથી હું હજુ ઘણા દિવસ સુધી આંદોલન ખેંચી શકું તેમ છું.'

લડત ચાલુ રાખવા બાબતે સોનમ વાંગચુકે કહ્યું કે, 'દેશભરમાંથી લોકો અને વરિષ્ઠ નેતાઓ મને અનશન તોડવાની અપીલ કરી રહ્યા છે, જ્યારે કેટલાક લોકોએ તો કોર્ટમાં જઈને સરકારને મને બળજબરીથી જમાડવાનો આદેશ આપવાની પણ માગ કરી છે. જોકે, જો હું અત્યારે હાર માની લઈશ, તો સરકારને ખોટો સંદેશ જશે કે કોઈ પણ જવાબ આપ્યા વિના આંદોલન દબાવી શકાય છે. આ લડત મારી વ્યક્તિગત નહીં, પણ લોકશાહીમાં સરકારની જવાબદારી સુનિશ્ચિત કરવા માટેની છે.'પોતાના આંદોલનને આગળ વધારવા માટે સોનમ વાંગચુક દ્વારા આગામી ૨૦ જુલાઈએ 'ચલો સંસદ' માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે દેશભરના વિદ્યાર્થીઓ, યુવાનો, શિક્ષકો અને સામાન્ય નાગરિકોને આ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં જોડાવા માટે અપીલ કરી છે. તેમણે શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓને વિનંતી કરી છે કે તેઓ ૨૦ જુલાઈના દિવસને 'એક્સપીરિયન્શિયલ એજ્યુકેશન ડે' (અનુભવાત્મક શિક્ષણ દિવસ) તરીકે ઉજવે, જેથી વિદ્યાર્થીઓ દેશની લોકતાંત્રિક પ્રક્રિયાને નજીકથી અને લાઈવ સમજી શકે. આ વિરોધ પ્રદર્શન માત્ર એક વિરોધ પ્રદર્શન નથી, પણ લોકશાહીને સમજવાની એક મોટી તક છે.

# ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ વિવાદ વચ્ચે છત્તીસગઢના ગ્રાહકની તરફેણમાં આવ્યો ગ્રાહક ફોરમનો ચુકાદો

## જાણીતી કાર કંપની અને ડીલરને નવી ઈ ૨૦ પેટ્રોલ સપોર્ટ કરતી કાર અને વળતર ચૂકવવા આપ્યો આદેશ

રાયપુર

દેશમાં ૨૦% ઈથેનોલ મિશ્રિત ઈંધણને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે છત્તીસગઢની રાયપુર જિલ્લા ગ્રાહક અદાલત દ્વારા એક જાણીતી કાર કંપની અને તેના સ્થાનિક ડીલર વિરુદ્ધ અત્યંત કડક અને ઐતિહાસિક ચુકાદો સંભળાવવામાં આવ્યો છે. એન્જિનની ખામી અને ઈ ૨૦ પેટ્રોલના કારણે ઊભા થયેલા વિવાદ અંગે દેશનો આ પ્રકારનો આ પહેલો કિસ્સો છે. ગ્રાહક ફોરમના અધ્યક્ષ પ્રશાંત કુંડુ અને સભ્ય ડૉ. આનંદ વર્ગીસની બેન્ચે ગ્રાહક સાથે થયેલી છેતરપિંડી અને ખરાબ સર્વિસ બદલ કંપની તથા ડીલર બંનેને દોષિત ઠેરવ્યા છે અને પીડિત ગ્રાહકને તે જ મોડલની નવી ઈ-૨૦ પેટ્રોલ સપોર્ટ કરતી કાર આપવાનો આદેશ કર્યો છે.

અદાલતે પોતાના આદેશમાં સ્પષ્ટ કર્યું છે કે જો કંપની અને ડીલર ૪૫ દિવસની અંદર ગ્રાહકને નવી કાર નહીં સોંપે, તો તેમણે ગાડીની મૂળ કિંમત, આરટીઓ અને વીમા ખર્ચ સહિત કુલ રૂ.૨૦,૫૦,૪૯૪ ની પૂરેપૂરી રકમ પર વાર્ષિક ૭% ના દરે વ્યાજ ચૂકવવું પડશે. આ વ્યાજ આદેશની તારીખથી લઈને ચૂકવણીના દિવસ સુધીનું રહેશે. આ ઉપરાંત, ગ્રાહકને થયેલી માનસિક હેરાનગતિના વળતર પેટે રૂ.૦૧ લાખ અને કોર્ટ કચેરીના ખર્ચ પેટે રૂ.૧૦,૦૦૦ અલગથી ચૂકવવાનો આદેશ પણ કરાયો છે.



ચીન અને પાડોશી દેશોમાં ટાયફૂન બાવી વાવાઝોડું ત્રાટક્યા પછી માછીમારો આઈલુન બે મરીન રાંચ ખાતે તેમની બોટમાં પાછા ફર્યા. આ વાવાઝોડું, જે એક દાયકામાં ચીનમાં ત્રાટકેલા સૌથી ભયાનક વાવાઝોડામાંનું એક હતું, તેના કારણે સમગ્ર પ્રદેશમાં મૃત્યુ અને વ્યાપક નુકસાન થયું હતું.

# સરકારે ડીઝલ અને જેટ ફ્યુલની નિકાસ પરના ટેક્સમાં કર્યો વધારો

## ડીઝલના નિકાસ પરનો વિન્ડફોલ ટેક્સ પ્રતિ લીટર ૮.૫ રૂપિયાથી વધારીને ૧૫.૫૦ અને જેટ ઈંધણ પરનો ટેક્સ પણ પ્રતિ લીટર ૭.૫૦ રૂપિયાથી વધારીને ૧૪.૫ રૂપિયા કરવામાં આવ્યો

નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા સંઘર્ષના કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો સતત વધી રહી છે. આ વૈશ્વિક કટોકટી વચ્ચે ભારત સરકારે દેશમાં ઈંધણની તંગી અને મોંઘવારી રોકવા માટે મોટો નિર્ણય લીધો છે.

સરકારે ડીઝલ અને જેટ ઈંધણના નિકાસ પરના વિન્ડફોલ ટેક્સમાં મોટો વધારો ઝીંકી દીધો છે. આ નવા દરો આજથી એટલે કે ગુરુવાર, ૧૬ જુલાઈથી જ અમલી બની ગયા છે.

સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આદેશ અનુસાર, ડીઝલના નિકાસ પરનો વિન્ડફોલ ટેક્સ પ્રતિ લીટર ૮.૫ રૂપિયાથી સીધો વધારીને ૧૫.૫૦ રૂપિયા કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત, વિમાનમાં વપરાતા એવિએશન ટર્બાઈન ફ્યુઅલ એટલે કે જેટ ઈંધણ પરનો ટેક્સ પણ પ્રતિ લીટર ૭.૫૦ રૂપિયાથી વધારીને ૧૪.૫ રૂપિયા કરવામાં આવ્યો છે. વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલ મોંઘું થતાં સરકારે નિકાસને અંકુશમાં લેવા આ પગલું ભર્યું છે.

આર્થિક વિશ્લેષકોના મતે, સરકારના આ નિર્ણય પાછળનો મુખ્ય હેતુ દેશની અંદર પેટ્રોલ, ડીઝલ અને જેટ ઈંધણની કિંમતોને નિયંત્રણમાં રાખવાનો છે. જો સરકાર નિકાસ પરનો ટેક્સ ન વધારે, તો ભારતની ખાનગી રિફાઈનિંગ કંપનીઓ વધુ નફો કમાવવાની લાલચમાં સ્થાનિક બજારમાં સપ્લાય કરવાને બદલે વિદેશોમાં ઈંધણ મોકલવાનું વધારી દે. જો એવું થાય તો ભારતમાં ઓઈલની ભારે તંગી સર્જાય અને મોંઘવારી આસમાને પહોંચી શકે છે, જેને રોકવા સરકારે આ વ્યૂહનીતિ અપનાવી છે.

નિકાસ પર ટેક્સ વધવાને કારણે રિફાઈનરી કંપનીઓ માટે વિદેશમાં ડીઝલ વેચવું મોંઘું પડશે, જેથી તેઓ સ્થાનિક બજારમાં પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવશે. દેશમાં ડીઝલનો પૂરતો સ્ટોક રહેવાથી માલસામાનની હેરફેરનો ખર્ચ (ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ) સ્થિર રાખવામાં મદદ મળશે. આના કારણે સામાન્ય જનતા પર જીવનજરૂરી ચીજવસ્તુઓની મોંઘવારીનો સીધો અને તાત્કાલિક બોજ નહીં પડે.

બીજી તરફ, જેટ ઈંધણ પર નિકાસ ટેક્સ વધારવાના કારણે દેશની સ્થાનિક એરલાઈન્સ કંપનીઓ માટે ઈંધણની અછત નહીં સર્જાય. જોકે, આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલ મોંઘું થવાને કારણે વૈશ્વિક બજારમાં જેટ ઈંધણની કિંમતો ઊંચી રહેશે. આ સ્થિતિને જોતાં આગામી દિવસોમાં એરલાઈન્સ કંપનીઓ ભાડામાં વધારો કરી શકે છે, જેનાથી સામાન્ય લોકો માટે હવાઈ સફરની ટિકિટો મોંઘી થવાની પૂરેપૂરી શક્યતા છે.

# પાકિસ્તાનના અનેક શહેરોમાં ખાદ્ય સંકટ સર્જાયું

## પંજાબ પ્રાંતના ખાદ્ય વિભાગ દ્વારા ઘઉંના સપ્લાય અને ટ્રાન્સપોર્ટ પરમિટ બ્લોક કરી દેવામાં આવતા લોટની ગંભીર અછત સર્જાઈ

નવી દિલ્હી

આર્થિક તંગી અને મોંઘવારીનો સામનો કરી રહેલા પાકિસ્તાન પર હવે વધુ એક મોટું સંકટ આવી પડ્યું છે. પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ અને રાવલપિંડી સહિતના અનેક પ્રમુખ શહેરો પર લોટ (આટા) ની ગંભીર અછતનું જોખમ મંડરાઈ રહ્યું છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતના ખાદ્ય વિભાગ દ્વારા કોઈ પણ સત્તાવાર લેખિત આદેશ વિના અચાનક જ ઘઉંના સપ્લાય અને ટ્રાન્સપોર્ટ પરમિટ બ્લોક કરી દેવામાં આવ્યા છે. જેના કારણે ઈસ્લામાબાદની આશરે ૪૫ જેટલી લોટ મિલો સંપૂર્ણપણે બંધ થવાના આરે પહોંચી ગઈ છે, કારણ કે આ મિલોમાં ઘઉંનો સ્ટોક હવે સાવ ખાલી થઈ ગયો છે.



પાકિસ્તાની અખબાર 'ડોન' ના અહેવાલ મુજબ, પાકિસ્તાન ફ્લોર મિલ્સ એસોસિએશનની રાવલપિંડી શાખાએ ચેતવણી આપી છે કે જો ઘઉંનો સપ્લાય તાત્કાલિક પુનઃ શરૂ કરવામાં નહીં આવે, તો ઈસ્લામાબાદ, રાવલપિંડી, મરી અને કોટલી સત્તિયાનમાં લોટની ભારે કટોકટી સર્જાશે. આ અછતને કારણે બજારમાં લોટની સંગ્રહખોરી, કાળાબજારી અને કિંમતોમાં અસહ્ય ઉછાળો આવવાની પૂરેપૂરી આશંકા છે. પંજાબ ફૂડ ડિપાર્ટમેન્ટે ૧૩ જુલાઈના રોજ કોઈ પણ નોટિફિકેશન બહાર પાડ્યા વિના માત્ર મૌખિક રીતે જ પરમિટ સસ્પેન્ડ કરવાનો 'તુઘલકી ફરમાન' સંભળાવી દીધો હતો. આ નિર્ણયથી દરરોજ આવતો ૮,૦૦૦ ટન ઘઉંનો નિયમિત સપ્લાય સંપૂર્ણપણે અટકી ગયો છે.

ઈસ્લામાબાદના ઔદ્યોગિક વિસ્તારો (૧-૯ અને ૧-૧૦) માં આવેલી આ લોટ મિલો આ જોડિયા શહેરોની ખાદ્ય સુરક્ષા માટે કરોડરજ્જુ સમાન છે. એસોસિએશને સ્પષ્ટ કર્યું છે કે જો ઈસ્લામાબાદ માટે ઘઉંનો સપ્લાય વહેલી તકે વહાલ કરવામાં નહીં આવે, તો રાવલપિંડીની મિલો પણ પોતાનું ઉત્પાદન ઠપ કરી દેશે. આનાથી ઊભી થનારી અરાજકતા અને ખાદ્ય સંકટની તમામ જવાબદારી પંજાબના ફૂડ ડિપાર્ટમેન્ટની રહેશે. પીએફએમએ (પંજાબ) ના પ્રમુખ રિયાઝુલ્લાહ ખાને આક્ષેપ કર્યો છે કે, છેલ્લા કેટલાક મહિનાઓથી અલગ-અલગ બહાના હેઠળ વારંવાર સપ્લાય રોકવામાં આવી રહ્યો છે, જેના કારણે મિલ સંચાલકો ભારે આર્થિક નુકસાન વેઠી રહ્યા છે.

આ ગંભીર પરિસ્થિતિને જોતાં લોટ મિલ એસોસિએશને પંજાબના મુખ્યમંત્રી મરિયમ નવાઝને આ મામલે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા અપીલ કરી છે.

# ત્રણ ભાષાઓનો અભ્યાસ કરવાની બોર્ડની નીતિને પડકારતી અરજીઓ પર સંબંધિત સંસ્થાઓ પાસેથી જવાબ માંગ્યો

## શિક્ષણ મંત્રાલયે એક સોગંદનામામાં જણાવ્યું હતું કે બહુભાષીવાદ અને રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપવા માટે ત્રણ ભાષાની નીતિ જરૂરી

નવીદિલ્હી,

કેન્દ્ર, સીબીએસઈ અને એનસીઈઆરટીએ સુપ્રીમ કોર્ટમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી) ૨૦૨૦ ના ત્રણ-ભાષા માળખાના અમલીકરણનો મજબૂત રીતે બચાવ કર્યો, અને કહ્યું કે "બહુભાષીવાદ અને રાષ્ટ્રીય એકીકરણ" ને પ્રોત્સાહન આપવું જરૂરી છે. અલગ-અલગ સોગંદનામામાં, કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન અને નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગએ દેશભરની સીબીએસઈ-સંલગ્ન શાળાઓમાં અપનાવવામાં આવેલી ત્રણ-ભાષા નીતિ સામે દાખલ કરાયેલી અરજીઓને ફગાવવાની માંગ કરી છે.દરમિયાન, ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે મંગળવારે કેન્દ્ર,એનટીઈઆરટી અને સીબીએસઈ પાસેથી ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને બે ભારતીય ભાષાઓ સહિત ત્રણ ભાષાઓનો અભ્યાસ કરવાની ફરજિયાત કરતી બોર્ડની નીતિને પડકારતી બે નવી અરજીઓ પર ૧૦ દિવસની અંદર જવાબ માંગ્યો છે.શિક્ષણ મંત્રાલયે એક સોગંદનામામાં જણાવ્યું હતું કે બહુભાષીવાદ અને રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપવા માટે ત્રણ ભાષાની નીતિ જરૂરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ભાષા શિક્ષણ અને બહુભાષી શિક્ષણ સંબંધિત ભલામણો એનઈપી હેઠળ કલ્પના કરાયેલા વ્યાપક શૈક્ષણિક સુધારાઓનો એક ભાગ છે.

CMYK CMYK

# સેમિકન્ડક્ટર, રોબોટિક્સ, AI અને હાઈપર-સ્કેલ ડેટા સેન્ટર્સના વૈશ્વિક હબ તરીકે ગુજરાત પ્રસ્થાપિત

## સાયન્સ એન્ડ ટેક્નોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાના હસ્તે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા 'રોબોફેસ્ટ ગુજરાત ૬.૦'નું કરાયું લોન્ચિંગ

ગાંધીનગર,

ગુજરાત આજે પરંપરાગત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતા રાજ્યમાંથી હાઈ-ટેક "સનરાઈઝ સેક્ટર્સ" જેવા કે સેમિકન્ડક્ટર, રોબોટિક્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને હાઈપર-સ્કેલ ડેટા સેન્ટર્સના વૈશ્વિક હબ તરીકે ઉભરી આવ્યું છે, તેમ આજે 'રોબોફેસ્ટ ગુજરાત ૬.૦'ના લોન્ચિંગ કાર્યક્રમમાં સાયન્સ એન્ડ ટેક્નોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું. ગુજરાતમાં વર્ષ ૨૦૦૬માં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વ હેઠળ સ્થાપિત વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ આજે સ્પેસ ટેકનોલોજી, બાયોટેકનોલોજી અને આગામી ક્વોન્ટમ મિશન સહિતના ૧૧ મુખ્ય વર્ટિકલ્સ પર કાર્ય કરી રહ્યું છે. ભૂતકાળમાં જ્યાં પ્રાથમિક શાળાઓના વિજ્ઞાન મેળાઓ સામાન્ય મોડલ્સ પૂરતા સીમિત હતા, ત્યાં આજે ગુજકોસ્ટ આયોજિત 'રોબોફેસ્ટ' જેવા મંચો થકી હજારો યુવા વિદ્યાર્થીઓ મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ અને આઈટીના સમન્વયથી અત્યંત જટિલ વાસ્તવિક રોબોટ્સનું નિર્માણ કરી શિક્ષણ ક્ષેત્રે આવેલા ક્રાંતિકારી બદલાવને પ્રદર્શિત કરી રહ્યા છે, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ) દ્વારા દેશની સૌથી પ્રતિષ્ઠિત અને પ્રતિભાશાળી રોબોટિક સ્પર્ધા 'રોબોફેસ્ટ ગુજરાત ૬.૦'નું આજે ગાંધીનગર ખાતે




સાયન્સ એન્ડ ટેક્નોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

મંત્રી શ્રી મોઢવાડિયાએ કહ્યું હતું કે, રોબોટિક્સ ટેકનોલોજી માત્ર વૈજ્ઞાનિક સંશોધન પૂરતી મર્યાદિત ન રહેતા માનવજીવન અને રાષ્ટ્રીય સુરક્ષા માટે અનિવાર્ય બની ચૂકી છે. તબીબી ક્ષેત્રે મેળવેલી સિદ્ધિના ઉદાહરણરૂપે, એશિયાની ખ્યાતનામ કિડની ઈન્સ્ટિટ્યૂટ (IKDRC) ખાતે તાજેતરમાં જ રોબોટિક સર્જરીના માધ્યમથી સાત જટિલ લિવર ટ્રાન્સપ્લાન્ટ ૧૦૦ ટકા સફળતાના દર સાથે પીડારહિત રીતે પૂર્ણ કરવામાં આવ્યા છે. બીજી તરફ, બદલાતા વૈશ્વિક પ્રવાહો વચ્ચે ભવિષ્યના યુદ્ધો સૈનિકો દ્વારા સીધા સરહદ પર લડવાને બદલે અદ્યતન રોબોટ્સ, ડ્રોન્સ અને બંકરમાં બેસીને સંચાલિત થતી આધુનિક શસ્ત્ર પ્રણાલી દ્વારા લડવામાં આવી રહ્યા છે. આમ, દેશના સાર્વભૌમત્વ અને સરહદી સુરક્ષાને અખંડ રાખવા માટે રોબોટિક એન્જિનિયરિંગમાં આત્મનિર્ભરતા અત્યંત આવશ્યક છે.

# અમદાવાદની એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાની તપાસ છ અઠવાડિયામાં પૂર્ણ થવાની ધારણા

## તમામ તથ્યો અને તકનીકી તપાસના આધારે ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં ડ્રાફ્ટ ફાઈનલ રિપોર્ટ તૈયાર કરવામાં આવશે

નવીદિલ્હી,

ગુજરાતના અમદાવાદમાં એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાની તપાસ આગામી છ અઠવાડિયામાં પૂર્ણ થવાની ધારણા છે. આ પછી, અકસ્માત અંગેનો ડ્રાફ્ટ ફાઈનલ રિપોર્ટ ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં તૈયાર થઈ જશે. આ માહિતી એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોએ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલા તેના સોગંદનામામાં પૂરી પાડી હતી. એએઆઈબીએ જણાવ્યું હતું કે અકસ્માતની તપાસ માટે નિર્ધારિત તમામ પગલાં યોગ્ય રીતે અનુસરવામાં આવી રહ્યા છે. એએઆઈબીએ તેના સોગંદનામામાં જણાવ્યું હતું કે અકસ્માતની ગંભીરતા, સ્કેલ અને તકનીકી જટિલતાને ધ્યાનમાં રાખીને તપાસ સુનિશ્ચિત કરવામાં આવી છે. જો અન્ય એજન્સીઓને સંડોવતા જરૂરી પ્રક્રિયાઓ સમયસર પૂર્ણ થાય છે, તો તપાસ આગામી છ અઠવાડિયામાં પૂર્ણ કરવામાં આવશે. તમામ તથ્યો અને તકનીકી તપાસના આધારે, ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં ડ્રાફ્ટ ફાઈનલ રિપોર્ટ તૈયાર કરવામાં આવશે.સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલા તેના સોગંદનામામાં, એએઆઈબીએ એમ પણ જણાવ્યું હતું કે ભારતીય કાયદા હેઠળ વિમાન અકસ્માતની તપાસ માટે નિર્ધારિત તમામ ૧૦ પગલાંનું સંપૂર્ણ પાલન કરવામાં આવી રહ્યું છે. તપાસ નિયમો અનુસાર આગળ વધી રહી છે. એએઆઈબીએ સુપ્રીમ કોર્ટને જાણ કરી હતી કે કોકપીટ વોઈસ રેકોર્ડરમાંથી ઓડિયો રેકોર્ડિંગ અને વિમાનમાંથી અન્ય છબીઓ અથવા ઓડિયો રેકોર્ડિંગ જાહેર કરી શકાતી નથી. બ્યુરોએ જણાવ્યું હતું કે આવું કરવું કાયદા દ્વારા સખત પ્રતિબંધિત છે.

# ભગવાનના મોસાળમાં ભક્તોનું 'ભવ્ય રસોડું', ૧૦૦ વર્ષ જૂની પરંપરા

અમદાવાદ,

રથયાત્રા માટે ભગવાનનું મોસાળ સરસપુર ભક્તિમય માહોલમાં રંગાઈ ચૂક્યું છે. અહીં આવેલી મોટાભાગની શેરી અને પોળમાં રસોડાઓ ધમધમી રહ્યા છે. ભગવાનના મોસાળ સરસપુરની એ પરંપરા રહી છે કે રથયાત્રામાં જોડાયેલા સાધુ-સંતો, લાખો ભક્તો અને સુરક્ષામાં તહેનાત પોલીસ કર્મચારીઓને સ્થાનિક રહિશો અત્યંત હેતપૂર્વક જમાડે છે. આ સેવા યજ્ઞ માટે પોળ અને શેરીના યુવાઓ તેમજ વડીલો છેલ્લા કેટલાક દિવસોથી રાત-દિવસ એક કરીને તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. દરેક પોળ અને સોસાયટીના રસોડામાં હજારો કિલો શુદ્ધ ઘીનો મોહનથાળ અને ફરસાણમાં લાઈવ ફૂલવડી બનાવીને તૈયાર રાખવામાં આવી છે. આવતીકાલે અષાઢી બીજની વહેલી સવારથી જ બટેકાનું શાક, મિક્સ શાક, ગરમાગરમ પુરી અને દાળ-ભાત બનાવવાની કામગીરી શરૂ કરાશે, જેથી મોસાળમાં આવતા ભક્તોને ગરમ અને તાજો પ્રસાદ પીરસી શકાય.

રણછોડરાય મંદિરના મહારાજ લક્ષ્મણદાસજીએ જણાવ્યું કે, સરસપુરમાં અમાસના દિવસે એક ભંડારો થાય છે અને ત્યારબાદ રથયાત્રાના દિવસે ભંડારો થાય છે. એના બે-ત્રણ દિવસ પહેલાંથી જ ભંડારા બનાવવાની શરૂઆત થઈ જાય છે. ખાસ કરીને સરસપુરની દરેક પોળ, શેરી અને ગામોમાં બુંદી, મોહનથાળ, શાક, પુરી, ફૂલવડી, લાડુ, શીરો, પાપડ-કઢી, દાળ-ભાત, માલપૂવા, ઊંધિયા વગેરે અલગ-અલગ જગ્યાએ બને છે.

# ગીર વિસ્તારમાં હવે નવા રિસોર્ટ અથવા હોટેલને કોઈ નવી મંજૂરી આપવામાં નહીં આવે

## માનવ-સિંહ સંઘર્ષના ૧૦ બનાવો સામે આવ્યા બાદ સિંહોનાં રહેઠાણ અને પર્યાવરણના સંરક્ષણ માટે રાજ્ય સરકારનો નિર્ણય

ગીર સોમલનાથ,

ગીર અને ગ્રેટર ગીર વિસ્તારમાં છેલ્લા ૪૫ દિવસમાં માનવ-સિંહ સંઘર્ષના ૧૦ બનાવો સામે આવ્યા બાદ રાજ્ય સરકારે સિંહોનાં રહેઠાણ અને પર્યાવરણના સંરક્ષણ માટે મહત્ત્વનો નિર્ણય લીધો છે. હવે ગીર વિસ્તારમાં નવા રિસોર્ટ અથવા હોટેલને કોઈ નવી મંજૂરી આપવામાં નહીં આવે. સાથે જ ગેરકાયદે રિસોર્ટ, અનિયંત્રિત પ્રવાસન અને અભયારણ્ય માર્ગો પરની બિનનિયંત્રિત અવરજવર સામે પણ કડક કાર્યવાહી હાથ ધરાશે.



વન વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે ગીર વિસ્તારમાં પર્યટન માટેની માળખાકીય સુવિધાઓની વ્યાપક સમીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી નવા રિસોર્ટ કે હોટેલને મંજૂરી આપવામાં આવશે નહીં. હોમસ્ટેના નામે શરૂ થઈ બાદમાં વ્યાવસાયિક રિસોર્ટમાં ફેરવાઈ ગયેલી અનેક મિલકતના કારણે સિંહનાં સંવેદનશીલ રહેઠાણ પર દબાણ વધી રહ્યું છે.વન અને પર્યાવરણ પ્રધાન અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે ગીર અને ગ્રેટર ગીર વિસ્તારમાં કોઈ નવા રિસોર્ટ કે હોટેલને મંજૂરી આપવામાં આવશે નહીં. જે એકમો પરવાનગી વિના કાર્યરત છે, તેમને બંધ કરીને તેમનાં ગેરકાયદે બાંધકામો દૂર કરવામાં આવશે.અધિકારીઓના જણાવ્યા મુજબ ટૂંક સમયમાં આવા ગેરકાયદે એકમોની ઓળખ માટે વિશેષ સર્વે હાથ ધરાશે. ખાસ કરીને ધારી-તુલશીશ્યામ કોરિડોર પર વન વિભાગની વિશેષ નજર રહેશે. આ વિસ્તારમાં આશરે ૩૦ જેટલા રિસોર્ટ ઊભા થયા હોવાનું સામે આવ્યું છે. દીવ જતાં પ્રવાસીઓ માટે આ માર્ગ લોકપ્રિય હોવાથી સફારી વિસ્તારની બહાર સિંહને જોવા વાહનો રોકવાની ઘટનાઓ પણ વધી રહી છે.

# ડાકોરમાં ભગવાન રણછોડરાયજીની ૨૫૪મી ભવ્ય રથયાત્રા ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે નીકળી

ડાકોર,

અષાઢી બીજના દિવસે જગન્નાથપુરી તેમજ અમદાવાદ ખાતે ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાય છે, ત્યારે સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર ખાતે વર્ષોથી પરંપરાગત રીતે પુષ્ય નક્ષત્રમાં રણછોડરાયજીની રથયાત્રા નીકળે છે. બુધવારે(૧૫ જુલાઈ) ડાકોરમાં રણછોડરાયજીની ૨૫૪મી ભવ્ય રથયાત્રા ભક્તિભાવ અને હર્ષોલ્લાસ નીકળી. જેમાં મંદિરથી મંગળા આરતી સહિતની પારંપરિક વિધિ કર્યા બાદ રણછોડરાયજી ચાંદીના રથમાં બિરાજમાન થઈ નગરયાત્રાએ નીકળ્યા હતા. રથયાત્રામાં ચરોતર સહિત રાજ્યમાંથી મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા.અષાઢી બીજના દિવસે જગન્નાથપુરી તેમજ અમદાવાદ ખાતે ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાય છે.ત્યારે સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર ખાતે વર્ષોથી પરંપરાગત રીતે પુષ્ય નક્ષત્રમાં રણછોડરાયજીની રથયાત્રા યોજવામાં આવે છે. જે મુજબ આજરોજ પુષ્ય નક્ષત્રમાં ભક્તિ ભાવ સાથે ધામધમપૂર્વક ૨૫૪મી રથયાત્રા નીકળી હતી.

રથયાત્રા નિમિત્તે ડાકોરના ઠાકોર રાજાધિરાજ ભગવાન રણછોડરાયજી મંદિરમાંથી ચાંદીના રથ પર બિરાજીને નગરચર્યા કરવા માટે નીકળ્યા હતા.

**મંગળા આરતી સહિતની પારંપરિક વિધિ કર્યા બાદ રણછોડરાયજી ચાંદીના રથમાં બિરાજમાન થઈ નગરયાત્રાએ નીકળ્યા**

# મહિલા પર હાઈડ્રોક્લોરિક એસિડ ફેંકી જીવલેણ હુમલો કરવાના ગુનામાં વૃધ્ધાને ૧૦ વર્ષની સજા

## અમદાવાદમાં પાડોશમાં રહેતી મહિલાએ સોનાની ચેઈન લૂંટવાના ઈરાદે કર્યો હતો હુમલો

અમદાવાદ,

ઈસનપુર વિસ્તારમાં વર્ષ ૨૦૨૨માં બનેલા ચકચારી એસિડ એટેક કેસમાં સિટી સિવિલ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. પાડોશમાં રહેતી મહિલાએ સોનાની ચેઈન લૂંટવાના ઈરાદે ૫૯ વર્ષીય મહિલા પર હાઈડ્રોક્લોરિક એસિડ ફેંકી જીવલેણ હુમલો કર્યો હોવાનો ગુનો સાબિત થતાં કોર્ટે ૬૪ વર્ષીય મહિલા આરોપીને ૧૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી છે. સાથે જ ભોગ બનેલી મહિલાને વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમ હેઠળ રૂ. ૩ લાખનું વળતર ચૂકવવાનો આદેશ પણ કર્યો છે.

પ્રિન્સિપાલ જજ હેમાંગ રાજેન્દ્ર રાવલે પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે, એસિડ હુમલાના કારણે પીડિત મહિલાની આંખોની દૃષ્ટિ પર ગંભીર અસર થઈ હતી અને તેમને શારીરિક તેમજ માનસિક રીતે ભારે નુકસાન સહન કરવું પડ્યું હતું. કોર્ટે માનવતાવાદી અભિગમ અપનાવીને વળતરની રકમ ચૂકવવાનો નિર્દેશ કર્યો છે. ઉપરાંત આરોપી પાસેથી વસૂલવામાં આવનારી દંડની રકમ પણ પીડિતાને જ આપવામાં આવશે.

કેસની વિગતો મુજબ, ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ સવારે ઈસનપુર સ્થિત કર્ણાવતી એપાર્ટમેન્ટમાં ભોગ બનેલી મહિલા પોતાના ઘરે એકલા હતા. ત્યારે સામે રહેતી આરોપી મહિલા ખાંડની વાટકી પરત લેવાના બહાને તેમના ઘરે પહોંચી હતી. બાદમાં તેણે પીડિતાની સોનાની ચેઈનની ડિઝાઈન જોવા અને તેનો ફોટો પાડવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

જ્યારે પીડિતા ચેઈન બતાવીને તેને પરત તિજોરીમાં મૂકવા જઈ રહ્યા હતા, ત્યારે આરોપીએ પાછળથી તેમના માથા અને આંખો પર હાઈડ્રોક્લોરિક એસિડ રેડી દીધું હતું. એસિડના કારણે પીડિતાએ બૂમાબૂમ કરતાં આરોપીએ તેમને ધક્કો મારી બેડ પર પાડી દીધા હતા, ગળું દબાવવાનો પ્રયાસ કર્યો હતો અને ઝપાઝપી દરમિયાન સોનાની ચેઈન તોડી નાખી હતી. પીડિતાના ચીસો સાંભળીને પડોશીઓ તેમજ તેમના પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા, જેના કારણે આરોપી મહિલા ત્યાંથી ભાગી છૂટી હતી.

# સગીરાને ન્યાય અપાવવા માટે રાખેલા વકીલે જ બ્લેકમેઈલ કરી તેની સાથે દુષ્કર્મ કર્યું

સુરત,

સુરતમાંથી એક ચોંકાવનારી અને શરમજનક ઘટના સામે આવી છે જેમાં, વર્ષ ૨૦૨૫માં ૧૩ વર્ષીય સગીરાનું અપહરણ અને દુષ્કર્મ થયું હતું, જે કેસ સચિન GIDC પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. આ કેસમાં પીડિત પરિવારે વકીલ પ્રણયરાજ ગોવિંદભાઈ રણવીરને પોતાનો પક્ષ રાખવા માટે રોક્યા હતા. પરિવારને તે વકીલ પર પૂરો ભરોસો હતો પણ વકીલે જ સગીરાને બ્લેકમેઈલ કરી તેની સાથે દુષ્કર્મ આચર્યું.

પોલીસે ધરપકડ કરેલ આરોપી વકીલે પીડિતાના પિતાને ફોન કરીને કહ્યું કે, 'તમારી દીકરીને મારે ઘરકામ માટે રાખવી છે.' એટલું જ નહીં, વકીલે એવી ધમકી પણ આપી કે, 'જો દીકરીને નહીં મોકલો, તો કોર્ટમાં ચાલતો તમારો જૂનો કેસ હું બગાડી નાખીશ.' વકીલની આ ધમકીથી ડરેલા પરિવારે લાચારીમાં દીકરીને વકીલ સાથે મોકલી હતી."

ડિંડોલી સ્થિત પોતાના મકાન પર લઈ જઈને આરોપી પ્રણયરાજે સગીરા સાથે મારપીટ કરી, કપડાં ઉતારી જબરજસ્તી દુષ્કર્મ આચર્યું અને એટલું જ નહીં, અકુદરતી કુકર્મ પણ કર્યું. પીડિતા ચૂપ રહે તે માટે તેણે આ ઘટનાનો વીડિયો બનાવી તેને બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું.પીડિતાએ પિતાને આપવીતી જણાવતા જ પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. તાત્કાલિક ૧૩ જુલાઈ ૨૦૨૬ના રોજ સચિન GIDC પોલીસમાં ફરિયાદ નોંધાઈ. ACP એ.સી. તરડે અને તેમની ટીમે ગંભીરતા દાખવીને POCSO અને બીજી વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ગણતરીના કલાકોમાં નરાધમ વકીલને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.


# વડોદરામાં મિત્રના ફ્લેટમાંથી યુવકનો શંકાસ્પદ હાલતે મૃતદેહ મળી આવ્યો

## મૃતક યુવક પોતાની બાઈક માંજલપુર સ્થિત ઈવા મોલ નજીક પાર્ક કરીને મિત્રના ફ્લેટ પર ગયો હતો

વડોદરા,

વડોદરા શહેરમાં ૨૧ વર્ષીય યુવકના શંકાસ્પદ મોતની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. વરણા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલા ડભોઈ રોડ પર કુબેર એક્સપ્રેશન એપાર્ટમેન્ટના એક ફ્લેટમાંથી યુવકનો મૃતદેહ મળી આવતા પોલીસે તપાસ શરૂ કરી છે. મૃતકની ઓળખ મકરપુરા વિસ્તારની ચિત્રકૂટ સોસાયટીમાં રહેતા આકાશ રવિન્દ્ર પાટીલ તરીકે થઈ છે.

પ્રાથમિક માહિતી મુજબ, આકાશ ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. નોકરી પરથી ઘરે પરત ન ફરતાં પરિવારજનો



ચિંતિત બન્યા હતા. પિતા રવિન્દ્ર પાટીલ આખી રાત પોતાના દીકરાની શોધખોળ કરતા રહ્યા, પરંતુ તેનો કોઈ પત્તો મળ્યો નહોતો.તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આકાશ પોતાની બાઈક માંજલપુર સ્થિત ઈવા મોલ નજીક પાર્ક કરીને પોતાના મિત્રો રાજેશ ઉર્ફે રાજ ઓઝા અને અજય પરમાર સાથે અજયના ફ્લેટ પર ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ, ત્યારબાદ બંને મિત્રો ફ્લેટમાંથી બહાર નીકળી ગયા હતા. ઘટનાના સંજોગોને ધ્યાનમાં રાખીને પોલીસે બંને મિત્રોની પૂછપરછ શરૂ કરી છે.

# રાજ્ય સરકારે સુરત પૂર પીડિતો માટે કુલ ૧૦૫૦ કરોડ રૂપિયાનું રાહત પેકેજ જાહેર કર્યું

## ભવિષ્યમાં ફરીથી પૂરની પરિસ્થિતિ ન સર્જાય તે માટે અત્યારથી જ નક્કર કામગીરી શરૂ કરી દેવામાં આવી

સુરત,

તારીખ ૬ જુલાઈના રોજ સુરત શહેરમાં ખાબકેલા અતિ ભારે વરસાદને કારણે ચારેય તરફ પાણી ફરી વળ્યા હતા. આ પૂર હોનારતને લીધે સુરતીઓને ખૂબ જ મોટા પ્રમાણમાં આર્થિક નુકસાન અને અગવડતાઓનો સામનો કરવો પડ્યો હતો. આ મુશ્કેલ સમયમાં સુરતવાસીઓની વહારે આવીને રાજ્ય સરકારે એક ઐતિહાસિક અને અત્યંત મહત્વનો નિર્ણય લીધો છે. આજે મળેલી કેબિનેટ બેઠકમાં પૂર પીડિતો માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારે સહાય પેકેજ મંજૂર કર્યું છે, જેની સત્તાવાર જાહેરાત ગૃહ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ એક ખાસ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કરી હતી.

રાજ્યમાં ભારે વરસાદને કારણે જે કોમર્શિયલ વિસ્તારોમાં નુકસાન થયું છે, ત્યાં આ સહાય પેકેજ લાગુ કરવામાં આવશે. સુરતમાં ભવિષ્યમાં ફરીથી આવી પૂરની પરિસ્થિતિ ન સર્જાય તે માટે અત્યારથી જ નક્કર કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ માટે થેન્નારસનની અધ્યક્ષતામાં એક વિશેષ ટીમ સુરત મોકલવામાં આવી હતી, અને હવે સુરતની ખાડીઓ પરના દબાણો સત્વરે દૂર કરવામાં આવશે. સુરત શહેર માટે સરકારે આગામી ત્રણ વર્ષ માટે વધુ ૫૫૦ કરોડનું પેકેજ જાહેર કર્યું છે. અગાઉ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૫૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું હતું, આમ સુરત માટે હવે કુલ ?૧૦૫૦ કરોડ રૂપિયાનું રાહત પેકેજ મંજૂર થયું છે. હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આ પેકેજ અંગેનો સત્તાવાર પરિપત્ર આજે સાંજ સુધીમાં જાહેર થઈ જશે. આમ છતાં, જો કોઈ અસરગ્રસ્તો સહાયથી બાકી રહી જશે, તો સરકાર તેમની રજૂઆતો સાંભળીને સહાય આપવા અંગે સકારાત્મક વિચારણા કરશે.



પૂરના પાણી ઓસરતા જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાત્કાલિક સુરતની મુલાકાત લીધી હતી અને નુકસાનીના સર્વે માટેના આદેશો આપ્યા હતા. શહેરમાં રોગચાળો ન ફેલાય તે માટે તમામ વિસ્તારોમાં મેગા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

# ગુજરાતમાં અશાંતધારાના સ્થાને હવે સ્પેસિફાઈડ એરિયા શબ્દનો ઉપયોગ થશે : નોટિફિકેશન જાહેર

## સ્પેસિફાઈડ એરિયા નક્કી કરવા માટે મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટીની થશે રચના

ગાંધીનગર,

ગુજરાત સરકાર દ્વારા અશાંત ધારા અંતર્ગત એક મહત્વપૂર્ણ નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે, જેમાં હવે 'અશાંત ધારા'ના બદલે 'સ્પેસિફાઈડ એરિયા' (નિયત અથવા વિશિષ્ટ વિસ્તાર) શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. આ વિસ્તારો નક્કી કરવા માટે એક 'મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટી'ની રચના કરવામાં આવશે, જેની સલાહના આધારે જે વિસ્તારોમાં કોમી તણાવ હોય અને ભવિષ્યમાં સ્થળાંતરની સંભાવના જણાય ત્યાં આ કાયદો લાગુ કરાશે.

મિલકત વેચાણની પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા માટે કલેક્ટર કક્ષાએ તપાસ કરવામાં આવશે અને આ માટે એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ બનાવવામાં આવશે. તપાસ બાદ જ વેચાણની મંજૂરી મળશે, અને જો ગેરકાયદેસર રીતે મિલકત ટ્રાન્સફર થઈ હશે, તો તે રદ કરીને છ માસમાં રકમ પરત કરી મિલકતનો કબજો પરત લેવાની જોગવાઈ કરવામાં આવી છે. આ સમગ્ર પ્રક્રિયા અંગેના વિસ્તૃત નિયમો સાથેનું નોટિફિકેશન સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

સરકારના નવા નોટિફિકેશન મુજબ, હવેથી 'અશાંત ધારા' શબ્દ પ્રચલિત નહીં રહે. તેની જગ્યાએ 'સ્પેસિફાઈડ એરિયા' (નિયત અથવા વિશિષ્ટ વિસ્તાર) શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. આ સાથે જ, કાયદાકીય પ્રક્રિયામાં 'ભોગ બનનાર' વ્યક્તિ માટે 'પર્સન અગ્રીવડ' જેવા શબ્દોનો ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

કોઈપણ વિસ્તારને 'સ્પેસિફાઈડ એરિયા' જાહેર કરતા પહેલા હવે એક ખાસ 'મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટી'ની રચના કરવામાં આવશે. આ કમિટીની સલાહ અને ભલામણોના આધારે જ રાજ્ય સરકાર કોઈ વિસ્તારને 'સ્પેસિફાઈડ એરિયા' તરીકે જાહેર કરશે.જે વિસ્તારોમાં કોમી તણાવ રહેતો હોય અથવા ભવિષ્યમાં ત્યાંથી લોકોનું મોટા પાયે સ્થળાંતર થવાની સંભાવના હોય, તેવા વિસ્તારોને ખાસ ધ્યાન હેઠળ રાખીને 'સ્પેસિફાઈડ એરિયા' જાહેર કરવામાં આવશે.નવા નિયમો હેઠળ, 'સ્પેસિફાઈડ એરિયા'માં આવતી મિલકતોના વેચાણ અંગેની પ્રક્રિયા વધુ કડક કરવામાં આવી છે. આવી મિલકતોના વેચાણ બાબતે કલેક્ટર કક્ષાએ તપાસ હાથ ધરવામાં આવશે. આ તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવશે. કોમી તણાવ કે શાંતિ ભંગ જેવી સ્થિતિની સઘન તપાસ કર્યા બાદ જ મિલકત વેચાણની મંજૂરી આપવામાં આવશે.

# સંરક્ષણ અને પોલીસ દળમાં જોડાવા ઈચ્છતા સ્થાનિક યુવાનો માટે ૩૦ દિવસના નિઃશુલ્ક નિવાસી તાલીમવર્ગનું આયોજન



અમરેલી:

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા સંરક્ષણ અને પોલીસ દળમાં જોડાવા ઈચ્છતા સ્થાનિક યુવાનો માટે ૩૦ દિવસના નિઃશુલ્ક નિવાસી તાલીમવર્ગ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્ગ અંતર્ગત પસંદગી પામેલા ઉમેદવારોને રહેવા-જમવાની સુવિધા સાથે શારીરિક અને લેખિત કસોટીની સંપૂર્ણ તાલીમ કોઈ પણ ચાર્જ વિના આપવામાં આવશે. આ ભરતીલક્ષી તાલીમમાં માત્ર અમરેલી જિલ્લાના ૧૭.૫ થી ૨૫ વર્ષની વય ધરાવતા, શારીરિક તેમજ માનસિક રીતે સક્ષમ પુરુષ ઉમેદવારો જ ભાગ લઈ શકશે, જેમની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ પાસ કે તેથી વધુ હોવી અનિવાર્ય છે. વધુમાં, જે યુવાનોએ અગ્નિવીરની લેખિત પરીક્ષા પાસ કરી હશે તેમને આ વર્ગમાં પ્રવેશ માટે પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે. આ તાલીમવર્ગમાં જોડાવા માટે રસ ધરાવતા ઉમેદવારોએ તેનું ફોર્મ જિલ્લા રોજગાર કચેરી, અમરેલી ખાતેથી રૂબરૂ અથવા તેમની સત્તાવાર ટેલીગ્રામ ચેનલ @empamreli પરથી વિનામૂલ્યે મેળવી લેવાનું રહેશે. સંપૂર્ણ વિગતો સાથે ભરેલું આ અરજી ફોર્મ જાહેરાત પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસની અંદર જિલ્લા રોજગાર કચેરી, બહુમાળી ભવન, અમરેલી ખાતે ટપાલ દ્વારા અથવા રૂબરૂ જઈને જમા કરાવવાનું રહેશે. આ સુવર્ણ તક અંગે વધુ માહિતી કે કોઈ પણ પ્રકારની પૂછપરછ માટે ઉમેદવારો કચેરીના સત્તાવાર ટેલિફોન નંબર ૯૫૧૨૩૪૦૫૪૯ પર સંપર્ક કરી શકે છે તેમ જિલ્લા રોજગાર અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ભાવનગર-સોમનાથ હાઈવે ઉપર આવેલ રાજુલાનાં ભેરાઈ ચોકડી બ્રિજ ઉપર મસમોટી તિરાડ પડી

## ટ્રાફિકથી ધમધમતા માર્ગ ઉપર મસમોટી તિરાડ પડી જતાં વાહનચાલકોમાં પણ ચિંતાનો માહોલ



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

રાજુલા નજીકથી પસાર થઈ રહેલ ભાવનગર-સોમનાથ વચ્ચેનાં નેશનલ હાઈવે ઉપર ભેરાઈ ચોકડીએ આવેલ બ્રિજ ઉપર ભારે વરસાદ બાદ મસમોટી તિરાડ પડી જતાં વાહનચાલકોમાં ચિંતાનો માહોલ ઉભો થયો હોય. નેશનલ હાઈવે વિભાગનાં અધિકારીઓ મસમોટી તિરાડ કયાં કારણોસર પડી છે તે અંગે તપાસ કરીને જનતા સમક્ષ નિવેદન કરવું જોઈએ.

એક તરફ દેશભરમાં જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી વિશાળ માર્ગો, આધુનિક પુલોનું નિર્માણ કાર્ય થઈ રહ્યું છે અને સરકારનાં પ્રતિનિધિઓ સ્પેશ ટેકનોલોજી નિર્માણ કાર્ય થઈ રહ્યું છે તેમજ ભ્રષ્ટાચાર વિહિન કાર્ય થતું હોવાનો દાવો કરી રહ્યા છે. પરંતુ, દેશનાં અનેક નેશનલ હાઈવેથી લઈને ગ્રામ્ય કક્ષાનાં માર્ગો સામાન્યવરસાદ પણ સહન કરી શકતા નથી અને સરકારનાં દાવાની પોલ અવારનવાર ખુલી થઈ રહી છે.

દરમિયાનમાં ભેરાઈ ચોકડી બ્રિજ ઉપર તિરાડ પડવા પાછળ જો ભ્રષ્ટાચાર હોય તો કસુરવાન બાંધકામ એજન્સી અને બેદરકાર અધિકારી સામે કાર્યવાહી કરવી જોઈએ. જો અન્ય કોઈ પણ કારણ હોય તો તેની પણ જાણકારી જનતાને આપવી જોઈએ કારણ કે આ કાર્ય જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી થયું હોવાથી જનતાને ખરી હકીકત જાણવાનો અધિકાર છે.

# લીલીયાનાં ખારા સહિતનાં ગામોનાં ખેતીપાકોને વ્યાપક નુકસાન

## ૧૦ દિવસ પહેલા થયેલ ભારે વરસાદથી કિંમતી બિયારણનું ધોવાણ થઈ ગયું

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લામાં ૧૦ દિવસ પહેલા મોટાભાગનાં વિસ્તારમાં વ્યાપક પ્રમાણમાં વરસાદ થયો હતો. જો કે જેમાં લીલીયા મોટા, સાવરકુંડલા અને રાજુલા, ધારી પંથકમાં ભારે વરસાદ આશીર્વાદરૂપને બદલે આફતરૂપ બની ગયો હતો.

દરમિયાનમાં લીલીયા મોટાનાં ખારા સહિતનાં અનેક ગામોમાં ખેડૂતોએ ભભકપાસભભ સહિતનું કરેલ વાવેતર ધોવાઈ ગયેલ. અમુક ખેડૂતોએ એકથી દોઢ મહિના પહેલા કરેલ વાવેતર વરસાદનાં અભાવે નિષ્ફળ જતાં પૂનઃ વાવેતર કરેલ અને તે પણ ધોવાઈ જતાં ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

આ અંગે ખારા ગામનાં અગ્રણી નરેશભાઈ આહીરે સોશ્યલ મીડિયાનાં માધ્યમથી જણાવ્યું કે, મોંઘા ભાવનું બિયારણ નાશ પામેલ હોય, કૃષિમંત્રીને પણ અનેક વખત કોલ કરેલ પણ તેઓ સાથે વાત થઈ શકી નથી.

તેઓએ વધુમાં જણાવ્યું કે ભભખારાભભ સહિતનાં આજુબાજુનાં અનેક ગામોનાં અનેક ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે અને વરસાદનાં અભાવે હવે મુરઝાતાબિયારણને બચાવવા માટે પાણીનું ટીપુ ટીપુ પીવરાવીને ભારે સંઘર્ષ કરી રહ્યા હોય રાજય સરકારે તાકીદે નુકસાનીનું ખેતરે-ખેતરે સર્વે કરીને ખેડૂતોને આર્થિક સહાય કરવી જોઈએ તેવી વિનંતી કરી છે.

# અમરેલીમાં લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)નો શપથ ગ્રહણ સમારોહ ‘‘સમર્પણ’’ યોજાયો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:





લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)નાલાયન વર્ષ ૨૦૨૬-૨૭ના નવા વરાયેલ પદાધિકારીઓનો શપથગ્રહણ સમારોહ ‘‘સમર્પણ’’ અમરેલીના ગજેરાપરા પટેલ વાડી ખાતે યોજાયેલ હતો.

લાયન વર્ષ ૨૦૨૫-૨૬નો સેવાકીય અહેવાલ લાયન પરેશભાઈ કાનપરીયાએ આપેલો હતો. ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજયકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, અમરેલી મતવિસ્તારના સાંસદ ભરતભાઈ સુતરીયાએ સમારોહમાં દીપ પ્રાગટય કરી લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા ગત વર્ષ દરમિયાન નિઃસ્વાર્થ ભાવથી કરવામાં આવતી વિવિધ માનવતાવાદી અને સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે સમાજસેવાના ક્ષેત્રે કલબનું યોગદાન પ્રશંસનીય અને પ્રેરણાદાયી છે. તેમણે ખાસ કરીને આજના સાંપ્રત સમયની અતિ આવશ્યક એવી સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને આરોગ્ય જાગૃતિ જેવા ક્ષેત્રોમાં વધુ વ્યાપક અને અસરકારક કામગીરી કરવા અપીલ કરી હતી, જેથી સમાજ વધુ સ્વસ્થ, સ્વચ્છ અને સમૃદ્ધ બની શકે.

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના લાયન વર્ષ ૨૦૨૬-૨૭ના નવા વરાયેલ પદાધિકારીઓમાં પ્રમુખ નરોત્તમભાઈ સાકરીયા, સેક્રેટરી દિનેશભાઈ સોરઠિયા, ટ્રેઝરર વિનોદભાઈ આદ્રોજા તેમજ કેબિનેટના સભ્યોને આગવી શૈલીમાં હોદ્દાના શપથ લેવડાવી તેમની જવાબદારીઓથી વાકેફ કરાવેલ હતાં. લાયનવાદના ત્રણ મુખ્ય આધારસ્તંભો સેવા,ભાતૃભાવના અને અસરકારક નેતૃત્વ પર વિશેષ ભાર મુકેલ હતો અને નિઃસ્વાર્થ સેવાભાવથી સમાજના અંતિમ વ્યકિત સુધી પહોંચવા શીખ આપી હતી. લાયન્સ કલબ ઓફ અમરેલી સિટીના નવા વરાયેલા પ્રમુખ લાયન નરોત્તમભાઈ સાકરીયાએ આગામી વર્ષની સેવાકીય પ્રવૃત્તિઓને વેગ સંપન્નતા બક્ષતી કલબની પરંપરાને સતત આગળ ધપાવશે તેવી મનોકામના વ્યકત કરી વ્યાપાર તેમજ સમાજની સાથોસાથ લાયનવાદના ઉદ્દેશો અને ધ્યેયને પાર પાડવામાં દરેક લાયન્સ મિત્રોને વર્ષ દરમિયાન ઓછામાં ઓછો એક સેવાકીય પ્રોજેકટ આપી લાયનવાદની જયોતને વધુ પ્રજવલિત કરી સમાજના તમામ સ્તરને ઉપયોગી થવા અપીલ કરી હતી.

લાયન વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન થયેલ કલબની વિશિષ્ટ કામગીરીમાં સહયોગ આપવા બદલ સુદર્શન નેત્રાલયના કિર્તીભાઈ ભટ્ટ, ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડિયા, મંત્રી બટુકભાઈ સોળીયા, ભૂરખીયા હનુમાનજી ટ્રસ્ટના હરજીભાઈ નારોલા તેમજ સદગુરૂ કબીર સેવા ટ્રસ્ટ સાવરકુંડલાના મહંત નારાયણ વતી વિશાલભાઈ વ્યાસનું સવિશેષ સન્માન કરવામાં આવેલ હતું.

સમારોહમાં મહેમાનોમાં સાવરકુંડલા માર્કેટીંગ યાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણી, સારહી યુથ કલબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, પરિવર્તન ટ્રસ્ટના પ્રમુખ શરદભાઈ ધાનાણી, અમરેલી જિલ્લા આહીર સમાજનાપ્રમુખ જીતુભાઈ ડેર, દામનગર માર્કેટિંગ યાર્ડના ચેરમેન હરજીભાઈ નારોલા, ગાયત્રી સંસ્કારધામ ચલાલાના મહેશભાઈ મહેતા, અગ્રણી ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવા, રીજીયન ચેરપર્સન કૌશિકભાઈ હપાણી, અમરેલી જિલ્લા મધ્ય સહકારી બેંકના જનરલ મેનેજર બી.એસ. કોઠીયા, ડો. પી.પી. પંચાલ, એકિઝકયુટિવ ડિસ્ટ્રિકટ સેક્રેટરી પરેશભાઈ કાનપરિયા, માઈક્રો કેબિનેટ ડિસ્ટ્રીક ચેરપર્સન, લાયન કાંતિભાઈ વઘાસીયા વિગેરેએ નવનિયુકત ટીમને શુભેચ્છા પાઠવી વધુમાં વધુ માનવતાવાદી સેવાકીય પ્રવૃત્તિઓને સમાજના નિમ્ન વર્ગ સુધી પહોંચાડવા અપીલ કરી હતી અને લાયન્સ પરિવારની નિસ્વાર્થ સેવા પરાયણ પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

# દામનગરઃ દબાણના નામે શાકભાજી વિક્રેતાની પજવણીથી સામુહિક હડતાળ





(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:દામનગર નગરપાલિકા નું સંવેદનહીન તંત્ર દબાણ દુરસ્તી ના નામે શાકભાજી વિક્રેતા ઓની પજવણી થી અચોક્કસ મુદત ની હડતાળ વૈકલ્પિક વ્યવસ્થા વગર અચાનક પોલીસ બળ સાથે પાલિકા તંત્ર નું વિચિત્ર દબાણ હટાવ થી ત્રસ્ત શાકભાજી વિક્રેતા ની હડતાળ

વારંવાર સ્થાનિક તંત્ર ને શાકભાજી વિક્રેતા જ જંગમ દબાણ કેમ દેખાઈ છે? મોટા ભાગ ના શોપિંગ મોલ પાર્કિંગ વગર ના દેખાવ પૂરતા મુકેલ પાર્કિંગ ને ઉચ્ચા લઈ માલિકી સમાંતર દબાણો અંગત ઉપીયોગ સામે તંત્ર મૌન કેમ ? રહેણાંક હેતુ ની જમીનો ઉપર વાણિજ્ય હેતુ ઈન્ડસ્ટ્રીઝ ઉપીયોગ સામે તંત્ર ઘુંટણીયે પડે છે મુખ્ય વાણિજ્ય સાંકડી બજારો માં પાર્કિંગ વગર શોપિંગ મોલ ધમધમે છે પાર્કિંગ માં કોઈ પણ પ્રવેશી ન શકે તેવી ગોઠવણ શોપિંગ મોલ ના પાર્કિંગ વળાંકી લેનાર ની પાલિકા તંત્ર કેમ લાજ કાઢે છે ? દબાણ હટાવવું હોય તો સ્થાવર દબાણ દારો સામે બહાદુરી બતાવો ? જંગમ લારી પથણા વાળા ની પજવણી બંધ કરો

મોટા ભાગે રસ્તા ના દબાણો કરી રોડ કાંઠા ઉપર ગેરકાયદેસર બાંધકામો ને આકારણી રજી એ ચડાવી વેરો વસુલતા પાલિકા તંત્ર ને માત્ર શાકભાજી વિક્રેતા ઓ કેમ દબાણદાર લાગે છે? રોજે રોજ નું પેટિયું રળતા ગરીબ ગુરબા ઓની પજવણી ક્યાં સુધી ?

સરકારી કચેરી સીટી સર્વે ના રેકર્ડ ઉપર એક હજાર થી વધુ ગેરકાયદેસર રસ્તા ઓની જમીન ઉપર સ્થાવર મિલકતો ખડકી દેનાર સામે તંત્ર ચૂપ કેમ છે ? જેવા અનેક સવાલો સાથે સ્થાનિક પાલિકા તંત્ર ને શહેર ભર ના શાકભાજી વિક્રેતા ઓનું આવેદન પત્ર જિલ્લા કલેકટર અમરેલી સુધી રજૂઆતો

દામનગર સ્થાનિક નગરપાલિકા તંત્ર દ્વારા કોઈ પણ પ્રકાર ની વૈકલ્પિક વ્યવસ્થા વગર શાકભાજી ની લારી પથણા હટાવતા જ શાકભાજી વિક્રેતા ઓની સામુહિક હડતાળ શહેર માં ખાનગી શોપિંગ મોલ મુખ્ય વાણિજ્ય બજારો ના રસ્તા ઓ સાંકડા બનાવી કાયમી સ્થાવર દબાણ કરતા ઓની લાજ કાઢતા તંત્ર સામે ભારે નારાજગી ઉભી થઈ શાકભાજી વિક્રેતા ઓની હડતાળ નો સુખદ ઉકેલ આવે તેવી શહેર ભર માંથી ઉઠી માંગ કીડી ને કોષ નો ડામ આપતા સંવેદન હીન તંત્ર સામે ફિટકાર ની લાગણી ઉભી થઈ દિવા ની દાજે કોડિયા ને બટાકા ભરતા તંત્ર એ માનવતા વાદી અપનાવવું જોઈ એ રોજે રોજ નું પેટિયું રહી ખાતા ગરીબ ગુરબા ની પજવણી બંધ કરી કાયમી વ્યવસ્થા ઉભી કરવી જોઈ

# આઈ.ટી.આઈ અમરેલી ખાતે અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી રોજગાર ભરતીમેળો યોજાશે




અમરેલી:

ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકની જિલ્લા રોજગાર વિનિમય કચેરી-અમરેલી અને ઔદ્યોગિક તાલીમ સંસ્થા - અમરેલીના સંયુક્ત ઉપક્રમે અનુબંધમ પોર્ટલના માધ્યમથી રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળો આગામી તા. ૧૭/૦૭/૨૦૨૬ (શુક્રવાર)ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આઈ.ટી.આઈ., લાઠી રોડ, અમરેલી ખાતે યોજાશે. આ મેળામાં શીતલ કૂલ પ્રોડક્ટ્સ લિમિટેડ (અમરેલી), ક્રેડિટ એક્સેસ ગ્રામીણ લી. (સાવરકુંડલા) અને HDFC Life ઈન્સ્યોરન્સ (અમરેલી) જેવી જાણીતી કંપનીઓ ભાગ લઈને વિવિધ જગ્યાઓ પર લાયક ઉમેદવારોની સીધી પસંદગી કરશે.

આ ભરતીમેળામાં ધોરણ-૧૦ પાસથી લઈને સ્નાતક અને અનુસ્નાતક સુધીની લાયકાત ધરાવતા તમામ સ્ત્રી અને પુરુષ ઉમેદવારો ભાગ લઈ શકે છે. રસ ધરાવતા ઉમેદવારોએ ભરતીમેળાના સ્થળે પોતાના મૂળ શૈક્ષણિક પ્રમાણપત્રો, આધારકાર્ડ અને બાયોડેટા જેવા જરૂરી દસ્તાવેજો સાથે હાજર રહેવાનું રહેશે. ખાસ નોંધનીય છે કે, ભરતીમેળામાં ભાગ લેતા પહેલા ઉમેદવારોએ ફરજીયાતપણે અનુબંધમ પોર્ટલ પર જઈને પોતાની ઓનલાઈન નોંધણી કરાવી લેવી. આ ભરતીમેળા અંગે વધુ વિગતો કે સહાય માટે ઉમેદવારો જિલ્લા રોજગાર વિનિમય કચેરીના ફોન નંબર ૦૨૭૯૨-૨૨૩૩૯૪ પર સંપર્ક કરી શકે છે તેમ જિલ્લા રોજગાર અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ હેલ્થ કોન્કલેવ એવોર્ડથી સન્માનિત



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

ભાવનગર જિલ્લા ના ઉમરાળા તાલુકા ના ટીમ્બિ સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી ને VTV NEWS હેલ્થ કોન્કલેવ અને એવોર્ડ-૨૦૨૬ થી સન્માનિત

તા.૬/૭/૨૦૨૬ નાં રોજ અમદાવાદ મુકામે હોટેલ ક્રાઉન પ્લાઝા માં ગુજરાત સરકારનાં આરોગ્ય વિભાગ સ્પોન્સરશીપ અંતર્ગત VTV NEWS, અભિયાન સાપ્તાહિક તથા સમભાવ ગૃપનાં સંયુક્ત ઉપક્રમે હેલ્થ કોન્કલેવ અને એવોર્ડ-૨૦૨૬ અર્પણ વિધિ કાર્યક્રમમાં સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીબી (જી.ભાવનગર) ને આ એવોર્ડ ગુજરાત સરકારનાં આરોગ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયા નાં હસ્તે તેમજ ગુજરાત સરકારનાં આરોગ્ય વિભાગનાં અધિકારીશ્રીઓ તેમજ સમગ્ર રાજયનાં આરોગ્યક્ષેત્રે કાર્યરત વિશિષ્ટ મહાનુભાવોની ઉપસ્થિતીમાં હોસ્પિટલ વતિ વહીવટકર્તા ટ્રસ્ટીશ્રીઓને અર્પણ કરવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ એવોર્ડ પસંદગી માટે ગુજરાતની ટ્રસ્ટ સંચાલિત સેવાભાવી અને આરોગ્યક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરતી પાંચ હોસ્પિટલોની પસંદગી કરવામાં આવી હતી. જેમાં સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીબી આ એવોર્ડ માટે પસંદગી પામેલ છે જે આપણા સહુ માટે ગૌરવની વાત બની છે.

# નાની કુંકાવાવમાં ખેતીની જમીન પર ગેરકાયદેસર કબ્જા મુદ્દે રાવ



અમરેલી:વડીયા તાલુકાના નાની કુંકાવાવ ગામમાં ખેતીની જમીન પર ગેરકાયદે કબ્જો કરવાના આક્ષેપ સાથે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદના આધારે વડીયા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

નાની કુંકાવાવ ગામના અને હાલ સુરતના પૂર્ણા ગામ ખાતે રહેતા દિલીપભાઈ ગોરધનભાઈ સોરઠીયાએ વડીયા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે નાની કુંકાવાવ ગામના ઉદરીયું સીમ વિસ્તારમાં આવેલી તેમની માલિકીની રેવન્યુ સર્વે નં. ૧૨૬ની કુલ હે. ૩-૧૧-૬૧ ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવતી ખેતીની જમીનમાંથી હે. ૦-૧૯-૪૯ ચોરસ મીટર જમીન પર શેઢા પાડોશી ધીરૂ રવજીભાઈ સોરઠીયાએ ગેરકાયદે કબ્જો કરી લીધો હતો. તેણે કબ્જો કરેલી જમીનમાં સતત ખેતી કરી પાકનું ઉત્પાદન મેળવી આર્થિક લાભ મેળવ્યો હતો. આ અંગેઆખરે પોલીસ ફરિયાદ નોંધાતા વડીયા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલી જિલ્લાના લાલાવદર ખાતે રૂા. ૨૫.૮૫ કરોડના ખર્ચે આધુનિક સ્પોર્ટ્સ હોસ્ટેલનું નિર્માણ થશે

## અમરેલીના યુવા ખેલાડીઓને મળશે વિશ્વસ્તરીય સુવિધાઓ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લાના લાલાવદર સ્થિત જિલ્લા રમત સંકુલ ખાતે રૂા. ૨૫.૮૫ કરોડના ખર્ચે આધુનિક સ્પોર્ટ્સ હોસ્ટેલના નિર્માણ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

અમરેલીના ધારાસભ્ય અને રાજયમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાના સતત પ્રયાસો અને અનુસરણના પરિણામે આ પ્રોજેક્ટને મંજૂરી મળી હતી. પ્રસ્તાવિત સ્પોર્ટ્સ હોસ્ટેલમાં ૧૦૦ યુવતીઓ અને ૧૦૦ યુવકો સહિત કુલ ૨૦૦ ખેલાડીઓ માટે રહેણાંકની સુવિધા ઉપલબ્ધ થશે. ઉપરાંત કિચન, ડાઈનિંગ એરિયા, રિક્રિએશનલ હોલ, ફાયર સેફ્ટી સિસ્ટમ, ફર્નિચર સહિતની આધુનિક સુવિધાઓ સાથે જી+૩ બિલ્ડિંગનું નિર્માણ કરવામાં આવશે.



રાજયમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, "અમરેલી અને સૌરાષ્ટ્રના પ્રતિભાશાળી ખેલાડીઓને પોતાના જિલ્લામાં જ શ્રેષ્ઠ સુવિધાઓ મળે તે રાજય સરકારની પ્રાથમિકતા છે. આ સ્પોર્ટ્સ હોસ્ટેલ યુવા ખેલાડીઓને રાજય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની તૈયારી માટે મજબૂત આધાર આપશે."

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજય સરકારના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લામાં રમતગમતના માળખાકીય વિકાસને સતત વેગ આપવામાં આવી રહ્યો છે. આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી તથા રમતગમત વિભાગના રાજય કક્ષાના મંત્રી શ્રી ડૉ. જયરામભાઈ ગામિતનો સહકાર બદલ તેમણે આભાર વ્યક્ત કર્યો હતો.

# બગસરાઃદેશી-દારૂના જથ્થા સાથે એક ઝડપાયો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:



ધારી ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીએ ધારી ડિવીઝન વિસ્તારના પોલીસ સ્ટેશનમાં દારૂ-જુગારની સફળ રેઈડો કરવા જરૂરી સુચના તથા માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે બગસરા પોલીસ ઈન્સ્પે.વી.કે. ગોલવેલકરની રાહબરી હેઠળ બગસરા પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા બગસરા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન તેમને ખાનગી રહે બાતમી આધારેના આધારે એક કારમાં દેશીદારૂનો જંગી જથ્થા સાથે બાબરા તાલુકાના તાઈવદર ગામે રહેતા રવુભાઈ નનકાભાઈ શાખ નામના ઈસમને દેશી દારૂ લીટર ૧૦૦૦ કીમત રૂપિયા ૨,૦૦,૦૦૦ તથા ફોરવ્હીલ કાર નં.GJ-16-AP-8575 કિમત રૂપિયા ૪,૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૬,૫૦,૦૦૦ ના મુદામાલસાથે પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## રશિયાનું 'ડૂમ્સડે' વિમાનઃ યુદ્ધનો ઇશારો કે રાજનીતિનો દાવ?

વિશ્વ આજે જીઓ પોલિટિકલ દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ મુકામ પર ઊભું છે, જ્યારે રશિયાએ પોતાનું સુપ્રસિદ્ધ 'ડૂમ્સડે' એરક્રાફ્ટ ઈરાનની રાજધાની તેહરાન મોકલીને સમગ્ર આંતરરાષ્ટ્રીય સમુદાયનું ધ્યાન ખેંચ્યું છે. આ માત્ર એક લશ્કરી ઉપકરણની હિલચાલ નથી, પરંતુ એક સંદેશ છેલજે અમેરિકા, નાટો અને પશ્ચિમી શક્તિઓને સીધો પડકાર છે. આ વિમાન, જેને સત્તાવાર રીતે 'એરબોર્ન કમાન્ડ પોસ્ટ' કહેવાય છે, તે પરમાણુ યુદ્ધ અથવા રાષ્ટ્રીય કટોકટી દરમિયાન દેશની સંપૂર્ણ કમાન સંભાળવા માટે રચાયેલ છે. તેની અંદર એક મોબાઈલ કમાન્ડ સેન્ટર છે, જ્યાં રાષ્ટ્રપતિ, સંરક્ષણ મંત્રી અને ટોચના લશ્કરી અધિકારીઓ સુરક્ષિત રીતે સંચાર જાળવી શકે છે, સેનાને આદેશ આપી શકે છે અને દેશભરની સુરક્ષા એજન્સીઓ સાથે સંકલન કરી શકે છે. તેની વિશેષતા એ છે કે તે ઇલેક્ટ્રોમેગ્નેટિક પલ્સ (ઈંપ) અને પરમાણુ વિસ્ફોટની અસરથી સુરક્ષિત છે, જે તેને 'અંતિમ સમય'નું ફાઇટર બનાવે છે. રશિયા પાસે આવા થોડાં જ વિમાનો છે, અને તેમની તહેનાત હંમેશાં ઊંચા રાજકીય સંકેતો સાથે જોડાયેલી હોય છે.તેહરાનની પસંદગી આકસ્મિક નથી. ઈરાન અને રશિયા વચ્ચે તાજેતરના વર્ષોમાં વ્યૂહાત્મક સંબંધો ઘણા ઊંડા થયા છેલ ખાસ કરીને યુક્રેન યુદ્ધમાં ઈરાન દ્વારા રશિયાને ડ્રોન અને શસ્ત્રો પૂરા પાડવામાં આવ્યા છે. પરંતુ આ વિમાન મોકલવાનો અર્થ ફક્ત 'સહયોગ' નથી; તે અમેરિકા અને ઇઝરાયલને સીધો સંદેશ છે કે રશિયા ઈરાનના રક્ષણ માટે કોઈ પણ હદ સુધી જવા તૈયાર છે. ખાસ કરીને જ્યારે ઈરાન પરમાણુ કરારને લઈને પશ્ચિમ સાથે ગતિરોધમાં છે, ત્યારે રશિયાનું આ પગલું ઈરાનને પીઠબળ આપવા સમાન છે. તે એવો સમય છે જ્યારે અમેરિકાએ તેહરાન વિરુદ્ધ પોતાના લશ્કરી થાણાં મજબૂત કર્યા છે, અને ઇઝરાયલે ઈરાની ન્યુક્લિયર સાઇટ્સ પર હુમલાની ધમકી આપી છે. આવા સંજોગોમાં રશિયાનું ડૂમ્સડે પ્લેન તેહરાનમાં ઊતરે એટલે તે 'હું તમારી સાથે ઊભો છું' કહેવાનો સૌથી મજબૂત રાજનૈતિક ઇશારો છે.આ કાર્યવાહી દ્વારા રશિયાએ અમેરિકાને સ્પષ્ટ ચેતવણી આપી છે કે તે ઈરાનને અલગ પાડવાની કોઈ પણ અમેરિકન યોજનાનો સામનો કરશે. આ ઉપરાંત, રશિયાએ પોતાની 'છત્રી શક્તિ'નો પ્રદર્શન કરીને એવો સંદેશ પણ આપ્યો છે કે જો યુક્રેન યુદ્ધ વધુ વ્યાપક સ્વરૂપ લેશે અથવા નાટો સીધું સંઘર્ષમાં ઉતરશે, તો રશિયા પાસે પોતાની કમાન સુરક્ષિત રાખવાની અને જવાબી કાર્યવાહી કરવાની ક્ષમતા છે. આ વિમાનની હાજરી ઈરાનમાં એટલે કે અમેરિકન ખુફિયા સંસ્થાઓ માટે પણ એક પડકાર છેલતેઓ હવે જાણે છે કે કોઈ પણ મોટી લશ્કરી કાર્યવાહી વખતે રશિયન ટોચનું નેતૃત્વ સીધું દૂરથી દાવપેચ ચલાવી શકે છે, જે જોખમની ગણતરીને બદલી નાખે છે.આ ઘટના પછી યુરોપીય સંઘ, યુકે અને ફ્રાન્સે ચિંતા વ્યક્ત કરી છે, જ્યારે ચીન મૌન રહ્યું છેલજે પોતે એક મહત્વનો સંકેત છે. ચીન ઇચ્છે છે કે રશિયા અને ઈરાન પશ્ચિમ સાથે સંતુલન જાળવે, પણ તે સીધો કોઈ પક્ષ ન લે. બીજી તરફ, તુર્કી અને સાઉદી અરેબિયાએ આ ઘટનાને 'અસ્થિર કરનારી' ગણાવી છે.

# વંચિતોના વાણોતર બન્યા પ્રજ્ઞાબહેન ગાંધી

સમાજમાં એવા અનેક બાળકો છે, જેમના જીવનમાં બાળપણનો અર્થ રમકડાં, શાળા, પુસ્તકો અને સપનાઓ નથી. તેમના હાથમાં પેન અને પુસ્તકને બદલે કચરાની થેલી હોય છે, માથા પર જવાબદારીઓનો ભાર હોય છે અને પેટની આગ બુઝાવવા માટે દિવસભર મહેનત કરવી પડે છે. કોઈ કચરો વીણીને જીવન ગુજારે છે, કોઈ ફુગ્ગા વેચે છે, કોઈ ચા-નાસ્તાની દુકાનમાં કામ કરે છે તો કોઈ બાંધકામના સ્થળે મજૂરી કરે છે. ફાટેલાં કપડાં, અપૂરતું ભોજન અને અભાવોથી ઘેરાયેલું જીવન તેમની નિયતિ બની જાય છે. શિક્ષણનો અધિકાર હોવા છતાં શાળાના દ્વાર સુધી પહોંચવાનો અવસર તેમને મળતો નથી. આવા અંધકારમય ભવિષ્ય ધરાવતા બાળકો માટે જો કોઈ વ્યક્તિ પોતાના જીવનનો દરેક શ્વાસ સમર્પિત કરે, તો તે માત્ર સમાજસેવક નહીં, પરંતુ સાચા અર્થમાં માનવતાના પૂજારી કહેવાય. ભાવનગરમાં આવી જ એક પ્રેરણાદાયી વ્યક્તિ છે – પ્રજ્ઞાબહેન ગાંધી, જેઓ આજે "વંચિતોના વાણોતર" તરીકે ઓળખાય છે.

ભાવનગર શહેરમાં અનેક સેવાકીય સંસ્થાઓ સમાજના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે. કોઈ આરોગ્ય માટે કાર્ય કરે છે, કોઈ પર્યાવરણ માટે, કોઈ શિક્ષણ માટે તો કોઈ ગરીબોના કલ્યાણ માટે. પરંતુ આ તમામ સંસ્થાઓમાં એક એવું નામ છે, જે માત્ર સંસ્થા નથી પરંતુ અસંખ્ય વંચિત બાળકોના જીવનમાં આશાનો દીવો પ્રગટાવનાર ચળવળ બની ગયું છે. આ સંસ્થાનું નામ છે "વંચિતોના વાણોતર". આ સંસ્થાની આત્મા છે પ્રજ્ઞાબહેન ગાંધી. તેમણે સમાજના છેવાડાના બાળકોને માત્ર ભણાવ્યા નથી, પરંતુ તેમને આત્મવિશ્વાસ, સ્વાભિમાન અને ઉજ્જવળ ભવિષ્યનું સ્વપ્ન પણ આપ્યું છે.

પ્રજ્ઞાબહેન ગાંધીનો જન્મ ૮ જુલાઈ, ૧૯૮૨ના રોજ ભાવનગરમાં થયો હતો. બાળપણથી જ તેમની અંદર કરુણા અને પરોપકારના સંસ્કાર હતા. શ્રી મુક્તાલક્ષ્મી મહિલા વિદ્યાલયમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મેળવ્યા બાદ તેમણે ભા.વા. ગાંધી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાંથી બી.કોમ. અને ત્યારબાદ એમ.કોમ.ની પદવી પ્રાપ્ત કરી. જ્ઞાન પ્રત્યેનો તેમનો તલસાટ એટલો હતો કે તેમણે લાઈબ્રેરી સાયન્સનો અભ્યાસ પણ પૂર્ણ કર્યો. શિક્ષણ પૂર્ણ થયા બાદ તેઓ શિક્ષિકા તરીકે કાર્યરત બન્યાં. પરંતુ તેમના જીવનનું સાચું ધ્યેય માત્ર શાળાના ચાર દિવાલોમાં પાઠ ભણાવવાનું નહોતું; તેઓ જીવનના સાચા પાઠ સમાજના વંચિત વર્ગ



સુધી પહોંચાડવા માંગતા હતા.

**સંસ્થા પરિચય**
**સુરેશ ભટ્ટ**

લગ્નજીવનમાં પ્રવેશ કર્યા બાદ તેમનો પરિવાર સુખી હતો. પુત્ર ધીમે-ધીમે મોટો થવા લાગ્યો ત્યારે તેઓ તેને સાથે લઈને શહેરમાં ફરવા જતાં. એ દરમિયાન તેમની નજર વારંવાર એવા બાળકો પર પડતી, જેઓ બાળપણ જીવવાને બદલે મજૂરી કરતા હતા. કોઈ કચરો વીણી રહ્યો હતો, કોઈ ભંગાર એકત્ર કરી રહ્યો હતો, તો કોઈ રસ્તા પર ફુગ્ગા વેચીને પરિવારનું પેટ ભરવાનો પ્રયત્ન કરતો હતો. આ દૃશ્યો માત્ર તેમની આંખે જોયાં નહોતાં; તેમણે તેને પોતાના હૃદયમાં અનુભવ્યાં હતાં. તેમણે બાળકો સાથે વાતો કરી, તેમની વ્યથા સાંભળી અને સમજ્યું કે ગરીબી કરતાં પણ મોટું દુ:ખ અજ્ઞાન છે. એ જ ક્ષણે તેમણે નક્કી કર્યું કે આ બાળકોના જીવનમાં શિક્ષણનો પ્રકાશ પહોંચાડવો જ પોતાના જીવનનો સાચો ધર્મ બનશે.

શિક્ષક તરીકેની નોકરી દરમિયાન જ તેમણે એક અસાધારણ નિર્ણય લીધો. શાળામાં આવનારા બાળકોને ભણાવવાની સાથે તેમણે તે બાળકો સુધી પહોંચવાનું શરૂ કર્યું, જેઓ શાળા સુધી પહોંચી શકતા નહોતા. ભાવનગરના જવાહર મેદાન અને આસપાસની ઝૂંપડપટ્ટીઓમાં રહેતા બાળકોને તેમણે શોધ્યા. જ્યાં સમાજને માત્ર ગરીબી દેખાતી હતી, ત્યાં પ્રજ્ઞાબહેનને ભવિષ્યના ડૉક્ટર, શિક્ષક, અધિકારી અને સારા નાગરિક દેખાતા હતા. તેમણે ખુલ્લા આકાશ નીચે શિક્ષણનો દીવો પ્રગટાવ્યો. ધીમે-ધીમે બાળકો જોડાવા લાગ્યા અને શિક્ષણ પ્રત્યે તેમનો વિશ્વાસ વધવા લાગ્યો.

આ કાર્ય માત્ર ભણાવવા પૂરતું મર્યાદિત નહોતું. ગરીબ બાળકને શાળામાં દાખલ કરાવ્યા પછી તેની ફી ભરવી, પુસ્તકો અપાવાં, યુનિફોર્મ અપાવવું અને જરૂરી શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ કરાવવી – આ બધું તેઓ પોતાના ખર્ચે કરતા રહ્યા. અનેક બાળકો આજે ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે, તેનું શ્રેય તેમના આ નિ:સ્વાર્થ પ્રયાસોને જાય છે. સમાજમાં ઘણા લોકો દાન આપે છે, પરંતુ કોઈના જીવનમાં શિક્ષણનું દાન આપવું સૌથી મોટું દાન કહેવાય. પ્રજ્ઞાબહેને આ દાનને જીવનધર્મ બનાવી દીધું છે.

તેમની સેવા માત્ર બાળકો સુધી મર્યાદિત નથી. છેલ્લા ઘણા વર્ષોથી તેઓ જવાહર મેદાન વિસ્તારમાં ગરીબ અને જરૂરિયાતમંદ બહેનોને વિનામૂલ્યે સીવણકામની તાલીમ આપે છે. આ તાલીમ દ્વારા અનેક મહિલાઓ આત્મનિર્ભર બની છે અને પોતાના પરિવારના આર્થિક વિકાસમાં યોગદાન આપી રહી છે. પ્રજ્ઞાબહેન માને છે કે શિક્ષણ અને કૌશલ્ય – બંને સમાજ પરિવર્તનના સૌથી મજબૂત સાધન છે.તેમની નિષ્ઠા અને સેવાભાવને માન્યતા પણ મળી છે. ભાવનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ હેઠળ તેઓ "પેરાલીગલ વોલન્ટિયર" તરીકે કાર્યરત રહ્યા છે. કાનૂની જાગૃતિ અને જનસેવાના ક્ષેત્રમાં કરેલી ઉત્તમ કામગીરી બદલ તેમને "બેસ્ટ પેરાલીગલ વોલન્ટિયર" તરીકે સન્માનિત કરવામાં આવ્યા છે. આ સન્માન માત્ર એક વ્યક્તિનું નહી પરંતુ માનવસેવાના મૂલ્યોનું ગૌરવ છે.પ્રજ્ઞાબહેનનું વ્યક્તિત્વ માત્ર સેવાભાવ પૂરતું સીમિત નથી. તેઓ રમતગમતમાં પણ સક્રિય છે. એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં તેમણે અનેક ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવી પોતાની દૃઢ ઈચ્છાશક્તિનો પરિચય આપ્યો છે. તેઓ સાબિત કરે છે કે જીવનમાં ઉંમર ક્યારેય પ્રગતિ માટે અવરોધ બનતી નથી. શરીરની તંદુરસ્તી અને મનની સકારાત્મકતા જ સમાજસેવાના લાંબા પ્રવાસમાં સાચી મૂડી છે.તેમનું સૌથી મોટું સ્વપ્ન છે – સમાજમાંથી નિરક્ષરતા દૂર કરવી. તેઓ વારંવાર કહે છે કે જો દરેક શિક્ષિત વ્યક્તિ પોતાના વિસ્તારના માત્ર એક કે બે બાળકોને ભણાવવાનો સંકલ્પ કરે તો આખું શહેર અને ત્યારબાદ આખો દેશ સાક્ષર બની શકે. આ વિચાર માત્ર એક સૂત્ર નથી; તે રાષ્ટ્રીય પુનર્જાગરણનો માર્ગ છે. શિક્ષણ દ્વારા સમાજ બદલાઈ શકે છે, ગરીબી દૂર થઈ શકે છે અને અસમાનતા ઘટી શકે છે – આ વિશ્વાસ પ્રજ્ઞાબહેનના દરેક કાર્યમાં સ્પષ્ટપણે જોવા મળે છે.

આજના સમયમાં જ્યારે ઘણા લોકો પોતાના પરિવાર અને સુખસગવડોમાં વ્યસ્ત છે, ત્યારે કોઈ વ્યક્તિ પોતાના સમય, શક્તિ અને સંપત્તિનો મોટો હિસ્સો અજાણ્યા બાળકોના ભવિષ્ય માટે સમર્પિત કરે, તે દુર્લભ ઘટના છે. પ્રજ્ઞાબહેન ગાંધીનું જીવન આપણને શીખવે છે કે સાચી સફળતા સંપત્તિ એકત્ર કરવામાં નથી, પરંતુ માનવજીવનમાં પ્રકાશ ફેલાવવામાં છે. તેમણે વંચિત બાળકોને માત્ર શિક્ષણ આપ્યું નથી; તેમણે તેમને સપના જોવાની હિંમત આપી છે.સમાજને આજે આવા જ સેવાયજ્ઞની જરૂર છે. દરેક નાગરિક જો પ્રજ્ઞાબહેન ગાંધી જેવી સંવેદના પોતાના હૃદયમાં જગાવે, તો ગરીબી, અજ્ઞાન અને નિરાશાના અંધકારને દૂર કરવામાં ઘણો સમય નહી લાગે. "વંચિતોના વાણોતર" માત્ર એક સંસ્થાનું નામ નથી; તે માનવતાની એવી ચળવળ છે, જે દરેક બાળકના જીવનમાં આશાનો સૂર્યોદય લાવવા માટે સતત પ્રયત્નશીલ છે.પ્રજ્ઞાબહેન ગાંધીનું સમગ્ર જીવન એક જીવંત સંદેશ આપે છે કે સાચું શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તકોમાં નથી, પરંતુ જરૂરિયાતમંદના જીવનમાં પ્રકાશ પ્રગટાવવામાં છે. તેઓ ખરેખર "નારી તું નારાયણી"ના આદર્શને જીવંત બનાવનાર એક પ્રેરણાસ્રોત છે. તેમના જેવા સેવાભાવી વ્યક્તિત્વને શબ્દોથી નહી, પરંતુ સમાજના દરેક બાળકના ઉજ્જવળ ભવિષ્યથી સાચી શ્રદ્ધાંજલિ આપી શકાય.

# સંગીત હૃદયથી ગવાય, મુખથી નહીં !

**વિશેષ**

દે હૂ ગામમાં આવેલા મંદિરના પ્રાંગણમાં સંત તુકારામનાં કીર્તન સાંભળવા વિશાળ માનવમેદની એકત્રિત થઈ હતી. સંત તુકારામ ઈશ્વરભક્તિમાં એકલીન થઈને ગાન કરતા હતા અને શ્રોતાસમૂહ ભક્તિરસમાં આનંદ તરબોળ બની ગયો હતો.

તુકારામની લોકપ્રિયતાની એ જમાનાના પ્રસિદ્ધ ગવૈયા ગવિઈ બૂવાને જાણ થઈ. સંગીતના ઊંડા મર્મજ્ઞા ગવઈ બૂવાએ વિચાર્યું કે આટલા બધા લોકોને આકર્ષી શકનાર તુકારામ જરૂર સંગીતના ઊંડા મર્મજ્ઞા હોવા જોઈએ. સંગીત શાસ્ત્રોનું એમણે આકંઠ પાન કર્યું હશે અને એકેએક રાગ, તાલ અને લયનું શાસ્ત્રીય સ્વરૂપ એમની પાસે હશે.તુકારામની કીર્તિથી આકર્ષાઇને ગવઈ બૂવા એમનાં ભજનો સાંભળવા આવ્યા. વિશાળ લોકસમુદાય તુકારામનાં ભજનો સાંભળીને ડોલતો હતો. બધા એક સાથે તાળી પાડીને ઝૂમતા હતા.

ગવઈ બૂવાએ આ ભજનો સાંભળ્યાં, પણ એ તો અકળાઈ ઊઠ્યા. 'અરે ! આ તે ગાય છે કેવું ? ન તાલનો ખ્યાલ છે, ન રાગની જાણકારી છે.'આ મશહૂર ગવૈયા અધવચ્ચે ઊભા થયા. એમના ચહેરા પર તિરસ્કારનો ભાવ હતો. મુખની રેખાઓ ઘણી સખત હતી અને જાણે ભજન તુચ્છ હોય તેમ તેઓ એમના વર્તનથી સૂચવતા હતા.મંદિરના પ્રાંગણમાંથી બહાર નીકળતી વખતે આ મશહૂર ગવૈયાએ મંદિરની ભીત પર લખ્યું,'સંગીત ગાવા માટે શાસ્ત્રનો પૂરો ખ્યાલ હોવો જોઈએ. હંમેશાં તાલ સ્વરથી જ ગાવુ જોઈએ. આ રીતે આમતેમ ગવાય નહીં. અહીં મારું સંગીત સાંભળવા આવજો એટલે સાચી સમજ પડશે.'બીજે દિવસે સાંજે ગવઈ બૂવા મંદિરના પ્રાંગણમાં આવ્યા અને સંગીત શરૂ કર્યું.સંત તુકારામ એમનો કાર્યક્રમ સાંભળવા ગયા અને ગવઈ બૂવા સંગીતકારની પેઠે ચહેરાના ભાવો બદલતા, સૂરો બદલતા અને સંગીતશાસ્ત્રની સમજ આપતા ગાવા લાગ્યા. તુકારામ પ્રત્યેની તોછડાઈ અને પોતાના સંગીતજ્ઞાનનો અહંકાર દેખાડતા હતા; પરંતુ લોકોને આમાં રસ ન પડયો.સંગીતને બદલે અહંકારનું પ્રદર્શન વધુ લાગ્યું, આથી એક પછી એક લોકો ઉઠવા લાગ્યા. આખરે તુકારામ પણ આ ભાવહીન શુષ્ક સંગીતથી કંટાળ્યા અને ઊઠીને બહાર જવા લાગ્યા. બહાર જતી વખતે એમણે મંદિરની ભીત પર લખ્યું,'સંગીત હૃદયથી ગાવું જોઈએ, મુખથી નહી. હૃદય રેડયા વગરનું સંગીત માત્ર મુખની કસરત બને છે.'

# ગીરના સિંહ અને બદલાતું પર્યાવરણ : સહઅસ્તિત્વનો સમય

ગીરનો એશિયાટિક સિંહ આજે માત્ર ગુજરાતનો નહીં પરંતુ સમગ્ર ભારતનું ગૌરવ છે. એક સમય એવો હતો જ્યારે આ સિંહોની સંખ્યા અત્યંત ઓછી થઈ ગઈ હતી અને તેમના અસ્તિત્વ સામે જ પ્રશ્ન ઊભો થયો હતો. પરંતુ રાજ્ય સરકાર, વન વિભાગ, સ્થાનિક માલધારી સમાજ અને વન્યજીવ નિષ્ણાતોના સતત પ્રયાસોના પરિણામે આજે ગીરના સિંહોની સંખ્યા નોંધપાત્ર રીતે વધી છે. આ સફળતા વિશ્વભરમાં વન્યજીવ સંરક્ષણના શ્રેષ્ઠ ઉદાહરણોમાં ગણાય છે.

**ગીરનો સિંહ આપણા કુદરતી વારસાની જીવંત ઓળખ છે. તેની વધતી સંખ્યા આપણા સંરક્ષણ પ્રયાસોની સફળતાનો પુરાવો છે. હવે આગળનું લક્ષ્ય માત્ર સિંહોની સંખ્યા વધારવાનું નહીં, પરંતુ માનવ અને વન્યજીવ વચ્ચે સંતુલિત સહઅસ્તિત્વ સ્થાપિત કરવાનું હોવું જોઈએ. ઘટતો જતો વન વિસ્તાર સૌથી મોટી સમસ્યા છે!!**

છેલ્લાં કેટલાક વર્ષોમાં ગીરના સિંહો જંગલની બહાર ગામો, ખેતીવાડી વિસ્તારો અને ક્યારેક શહેરોની નજીક પણ જોવા મળતા થયા છે. કેટલાક લોકો તેને માત્ર જોખમ તરીકે જોતા હોય છે, પરંતુ આ ઘટનાને વૈજ્ઞાનિક દૃષ્ટિએ સમજવાની જરૂર છે. વન્યજીવોના વર્તનમાં થતા આવા ફેરફારો પાછળ અનેક કુદરતી અને માનવસર્જિત કારણો જવાબદાર હોય છે.

સૌથી પહેલું કારણ એ છે કે સિંહોની સંખ્યા વધતાં તેમનો વિસ્તાર પણ સ્વાભાવિક રીતે વધે છે. દરેક સિંહ અથવા સિંહણને પોતાનો વિસ્તાર જોઈએ. જ્યારે એક જ જંગલમાં સંખ્યા વધે છે ત્યારે યુવાન સિંહો નવા રહેઠાણની શોધમાં બહાર નીકળે છે. આ કોઈ અસામાન્ય ઘટના નથી, પરંતુ કુદરતી પ્રક્રિયાનો એક ભાગ છે. વિશ્વના અનેક દેશોમાં વાઘ, દીપડા અને અન્ય મોટા વન્યજીવોમાં પણ આવું વર્તન જોવા મળે છે.

બીજું મહત્વનું કારણ પર્યાવરણમાં થતાં પરિવર્તનો છે. વરસાદની અનિયમિતતા, પાણીના સ્ત્રોતોમાં ફેરફાર, જંગલની બહાર લીલોતરી વધવી અને ખેતીના વિસ્તારોમાં શાકાહારી પ્રાણીઓની સંખ્યા વધવી જેવા પરિબળો સિંહોને નવી દિશામાં આકર્ષે છે. જ્યાં શિકાર સરળતાથી ઉપલબ્ધ હોય ત્યાં જંગલી પ્રાણીઓ પહોંચવાનો પ્રયાસ કરે છે. આ પ્રકૃતિનો સામાન્ય નિયમ છે.

વૈજ્ઞાનિકો જણાવે છે કે કોઈપણ પરિસ્થિતિ તંત્રમાં પ્રાણીઓ સતત ખોરાક, પાણી અને સુરક્ષિત રહેઠાણની શોધમાં રહે છે. જો આ ત્રણેય બાબતો જંગલની બહાર સરળતાથી ઉપલબ્ધ થવા લાગે તો તેઓ તે દિશામાં આગળ વધે છે. તેનો અર્થ એ નથી કે સિંહ વધુ આક્રમક બની ગયા છે. હકીકતમાં મોટાભાગના સિંહો માનવોથી દૂર રહેવાનું જ પસંદ કરે છે. અથડામણ ત્યારે થાય છે જ્યારે બંને એક જ વિસ્તારમાં અચાનક સામસામે આવી જાય.રાજ્ય સરકારે આ પડકારને ગંભીરતાથી લઈને અનેક મહત્વપૂર્ણ પગલાં લીધાં છે. વન વિભાગ દ્વારા સતત પેટ્રોલિંગ, સિંહોની હિલચાલ પર આધુનિક ટેક્નોલોજી દ્વારા નજર, રેસ્ક્યૂ ટીમોની ઝડપી કામગીરી, ગામડાંમાં જાગૃતિ કાર્યક્રમો અને પશુહાનિના વળતરની વ્યવસ્થા જેવી પહેલોથી માનવ અને સિંહ વચ્ચેનો સંઘર્ષ ઘણો ઓછો કરવામાં સફળતા મળી છે. આ કામગીરીને વધુ મજબૂત બનાવવા માટે આધુનિક ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ કરવો સમયની જરૂરિયાત છે.

આ સમસ્યાનું સૌથી અસરકારક સમાધાન માત્ર સિંહોને પકડવામાં નથી, પરંતુ તેમના માટે વધુ સુરક્ષિત કુદરતી આવાસ વિકસાવવામાં છે. ગીરની આસપાસના જંગલોને હરિયાળા બનાવવાં, વન્યજીવ કોરિડોર વિકસાવવા, પાણીના નવા સ્ત્રોત ઊભા કરવા અને શાકાહારી વન્યપ્રાણીઓની સંખ્યા જાળવવાથી સિંહોને જંગલમાં જ પૂરતું પર્યાવરણ મળી શકે છે. જ્યારે જંગલમાં જ પૂરતો ખોરાક અને પાણી ઉપલબ્ધ રહેશે ત્યારે બહાર જવાની જરૂરિયાત પણ ઘટશે.

ગામડાંના લોકો પણ આ અભિયાનના મહત્વપૂર્ણ ભાગીદાર બની શકે છે. જો સિંહ દેખાય તો ભીડ એકત્રિત ન કરવી, સોશિયલ મીડિયા માટે નજીક જઈને વિડિયો બનાવવાનો પ્રયાસ ન કરવો, તરત જ વન વિભાગને જાણ કરવી અને અધિકારીઓની સૂચનાઓનું પાલન કરવું એ દરેક નાગરિકની જવાબદારી છે. જાગૃત સમાજ અને સક્ષમ વહીવટ સાથે મળીને જ આ પડકારનો સફળ સામનો કરી શકે છે.

**આસપાસ ચોપાસ**
**સુરેશ ભટ્ટ**

આગામી સમયમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (છૈં), ડ્રોન સર્વેલન્સ, જીપીએસ આધારિત ટ્રેકિંગ કોલર, સ્માર્ટ કેમેરા અને ડેટા વિશ્લેષણ જેવી આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ વધારવાથી સિંહોની હિલચાલનું વધુ સચોટ નિરીક્ષણ શક્ય બનશે. સમયસર મળતી માહિતીના આધારે વન વિભાગ અગાઉથી જરૂરી કાર્યવાહી કરી શકશે, જેના કારણે માનવ અને વન્યજીવ બંનેની સુરક્ષા વધુ મજબૂત બનશે.ગીરનો સિંહ આપણા કુદરતી વારસાની જીવંત ઓળખ છે. તેની વધતી સંખ્યા આપણા સંરક્ષણ પ્રયાસોની સફળતાનો પુરાવો છે. હવે આગળનું લક્ષ્ય માત્ર સિંહોની સંખ્યા વધારવાનું નહીં, પરંતુ માનવ અને વન્યજીવ વચ્ચે સંતુલિત સહઅસ્તિત્વ સ્થાપિત કરવાનું હોવું જોઈએ. રાજ્ય સરકારના પ્રયાસો, વૈજ્ઞાનિક અભિગમ, સ્થાનિક લોકોનો સહકાર અને પર્યાવરણ પ્રત્યેની સંવેદના સાથે ગુજરાત આ ક્ષેત્રમાં સમગ્ર દેશ માટે એક આદર્શ મોડેલ બની શકે છે. વિકાસ અને પ્રકૃતિ વચ્ચેનું સંતુલન જાળવીને જ ગીરના સિંહોની ગર્જના આવનારી પેઢીઓ સુધી સુરક્ષિત રીતે સંભળાતી રહેશે.

તાજેતરના સમયમાં ગીર અને તેની આસપાસના વિસ્તારોમાં સિંહોના હુમલામાં નવથી વધુ લોકોનાં મૃત્યુ થયાં છે, જે નિ:સંદેહ ચિંતાજનક ઘટના છે. દરેક માનવજીવન અમૂલ્ય છે અને આવી ઘટનાઓને હળવાશથી લઈ શકાય નહીં. પરંતુ આ ઘટનાઓને માત્ર ભયના દૃષ્ટિકોણથી નહીં, વૈજ્ઞાનિક અને વહીવટી દૃષ્ટિએ પણ સમજવાની જરૂર છે. રાજ્ય સરકાર અને વન વિભાગે આ બનાવોને ગંભીરતાથી લઈને તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે.

વન વિભાગે માનવ પર હુમલો કરનાર અથવા અસામાન્ય વર્તન દર્શાવતા સિંહોને ઓળખીને તેમને પકડી વિશેષ નિરીક્ષણ હેઠળ રાખવાની કામગીરી શરૂ કરી છે. જોખમવાળા વિસ્તારોમાં ૨૪ કલાક પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે, રેસ્ક્યૂ ટીમોને સતત સતર્ક રાખવામાં આવી છે અને ગામોમાં લાઉડસ્પીકર તથા અન્ય માધ્યમો દ્વારા લોકોને સમયસર ચેતવણી આપવામાં આવે છે. રાત્રિના સમયે સિંહોની હિલચાલ પર ખાસ નજર રાખવા માટે આધુનિક સાધનોનો ઉપયોગ પણ વધારવામાં આવ્યો છે. જ્યાં જરૂર પડે ત્યાં ગામલોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની અને વન વિભાગની તાત્કાલિક ટીમોને ઘટનાસ્થળે મોકલવાની વ્યવસ્થા પણ વધુ મજબૂત બનાવવામાં આવી છે.



ઈમેજ એઆઈ દ્વારા જનરેટ

રાજ્ય સરકાર દ્વારા અસરગ્રસ્ત પરિવારોને આર્થિક સહાય અને જરૂરી વહીવટી સહયોગ પણ આપવામાં આવે છે. સાથે જ વન્યજીવ નિષ્ણાતોની સલાહના આધારે સિંહોના વર્તનનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે, જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓની સંભાવના ઓછી કરી શકાય. ડ્રોન સર્વેલન્સ, કેમેરા ટ્રેપ, જીપીએસ આધારિત મોનિટરિંગ અને ડેટા વિશ્લેષણ જેવી આધુનિક પદ્ધતિઓનો વધુ ઉપયોગ કરીને સિંહોની હિલચાલ પર સતત નજર રાખવાની દિશામાં પણ કામગીરી આગળ વધી રહી છે. અહીં એક વસ્તુ ખાસ મહત્વપૂર્ણ છે કે કોઈપણ જંગલી પ્રાણી કરતા માનવીનું જીવન અતિ મહત્વનું અને મૂલ્યવાન છે. બીજી મહત્વની વસ્તુ એ કે આજથી સો વર્ષ પહેલા ગીરનું જંગલ જેટલા વિસ્તારમાં હતું તેના કરતાં અનેક ઘણું સાંકડું થઈ ગયું છે. દિવસે દિવસે વનવિસ્તાર ઘટતો જાય છે જે અટકાવવાની જરૂર છે ભાવનગરના વિક્ટોરિયા પાર્ક થી માંડી ગીરના જંગલ સુધીના વિસ્તારનું જો મૂલ્યાંકન કરવામાં આવે તો ભાવનગરનો વિક્ટોરિયા પાર્ક શિહોરની કાટ નો વનવિસ્તાર ગીરના જંગલ સાથે જોડાયેલો હતો માળનાથના ડુંગર પણ તેનો જ એક પાર્ટ હતો આજે આખો વિસ્તાર અલગ પડી ગયો છે જંગલ વિસ્તાર સાવ ઘટી ગયો છે બીજી બાજુ સિંહની વસ્તી વધતી જાય છે

કારણ કે જેટલા પ્રમાણમાં સિંહની વસ્તી વધતી જાય છે એટલે તેટલા પ્રમાણમાં વનવિસ્તાર વધતો નથી તે એક મોટી સમસ્યા છે.આ પડકારનો કાયમી ઉકેલ સિંહોને નુકસાન પહોંચાડવામાં નથી, પરંતુ જંગલ અને માનવ વસાહતો વચ્ચે સુરક્ષિત અંતર, વધુ મજબૂત વન્યજીવ કોરિડોર, જંગલમાં પૂરતું પાણી અને શિકાર ઉપલબ્ધ કરાવવો તેમજ લોકોમાં સતત જાગૃતિ લાવવી એ છે. રાજ્ય સરકારે આ દિશામાં જે સકારાત્મક અભિગમ અપનાવ્યો છે, તે માનવ સુરક્ષા અને વન્યજીવ સંરક્ષણ બંને વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ છે. જો સરકાર, વૈજ્ઞાનિકો, વન વિભાગ અને સ્થાનિક લોકો મળીને આ પ્રયાસોને વધુ મજબૂત બનાવશે, તો ગીરમાં માનવ અને સિંહ વચ્ચેનું સહઅસ્તિત્વ વધુ સુરક્ષિત અને ટકાઉ બની શકશે.

# આર્જેન્ટિના ઈંગ્લેન્ડને હરાવીને સતત બીજી વખત ફિફા વર્લ્ડ કપ ફાઈનલમાં પહોંચ્યું

મુંબઇ,

આર્જેન્ટિનાએ સેમિફાઇનલમાં ઈંગ્લેન્ડને હરાવીને સતત બીજી વખત ફાઈનલમાં પ્રવેશ કર્યો. આર્જેન્ટિના ફિફા વર્લ્ડ કપ ટાઈટલ જાળવી રાખવાથી એક ડગલું દૂર છે. હવે તેઓ ફાઇનલમાં સ્પેનનો સામનો કરશે.

આર્જેન્ટિનાએ સેમિફાઇનલમાં ઈંગ્લેન્ડને ૨-૧થી હરાવીને સતત બીજી વખત ફાઈનલમાં પ્રવેશ કર્યો. આર્જેન્ટિના હવે ફાઇનલમાં સ્પેનનો સામનો કરશે. આર્જેન્ટિના હવે તેના ટાઈટલ બચાવવાથી માત્ર એક ડગલું દૂર છે. દરમિયાન, સેમિફાઇનલમાં ઈંગ્લેન્ડની સફરનો અંત આવ્યો છે. ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ ત્રીજા સ્થાન માટે રમશે. ગોર્ડનના ગોલથી ઈંગ્લેન્ડે બીજા હાફમાં લીડ મેળવી હતી, પરંતુ




આર્જેન્ટિનાએ સાત મિનિટમાં બે ગોલ કરીને મેચને પલટી નાખી હતી.

આર્જેન્ટિના માટે એન્ઝો ફર્નાન્ડીઝએ પહેલા ગોલ કર્યો, અને પછી લૌટારો માર્ટિનેઝે ઈન્જરી ટાઈમમાં ગોલ કરીને ટીમને ૨-૧ની લીડ અપાવી. આર્જેન્ટિનાએ અંત સુધી આ લીડ જાળવી રાખી. જોકે લિયોનેલ મેસીએ આ મેચમાં ગોલ કર્યો ન હતો, પરંતુ તેણે બંને ગોલમાં આસિસ્ટ કર્યો. મેસીએ પોતાની શાનદાર રમતથી બતાવ્યું કે તે ટીમનો સ્ટાર ખેલાડી કેમ છે. આર્જેન્ટિનાની જીત પછી, મેસ્સી ખુશીથી કૂદી પડ્યો અને તેના સાથી ખેલાડીઓ સાથે નાચવા લાગ્યો.

ઈંગ્લેન્ડ અને આર્જેન્ટિના વચ્ચેની મેચ શરૂઆતથી જ તણાવપૂર્ણ હતી. મેચની શરૂઆતની મિનિટોમાં જ ઈંગ્લેન્ડ અને આર્જેન્ટિનાના ખેલાડીઓ વચ્ચે ઝપાઝપી થઈ. બોલ લેવાનો પ્રયાસ કરતી વખતે, આર્જેન્ટિનાના એન્ઝો ફર્નાન્ડીઝે ત્રીજી મિનિટમાં ફાઉલ કર્યો અને આ દરમિયાન બંને ટીમોના ખેલાડીઓ સામસામે આવી ગયા. જોકે, રેફરીએ ખેલાડીઓને અલગ કરી દીધા. પહેલા હાફમાં આવું ઘણી વખત બન્યું જ્યારે બંને ટીમોના ખેલાડીઓ એકબીજા સાથે અથડાયા.

# જોસ બટલર ૨૦૦ વનડે મેચ રમનાર બીજો અંગ્રેજી બેટ્સમેન

મુંબઇ,

ઈંગ્લેન્ડના સ્ટાર બેટ્સમેન જોસ બટલરે ભારત સામેની પહેલી વનડેમાં હાજરી આપીને એક મોટો સિમાચિહ્ન હાંસલ કર્યો છે. જોસ બટલર ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન ઈયોન મોર્ગનના ખાસ ક્લબમાં જોડાયો છે. બર્મિંગહામમાં ૧૪મી ઓવરના પહેલા બોલ પર કેપ્ટન હેરી બ્રુક આઉટ થયા પછી બટલર બેટિંગ કરવા આવ્યો હતો. આ સાથે, વિકેટકીપર-બેટ્સમેને નવો ઈતિહાસ રચ્યો.

જોસ બટલરે ૨૦૦ વનડે મેચ રમવાની સિદ્ધિ હાંસલ કરી છે. તે વનડે ઈતિહાસમાં ૨૦૦ કે તેથી વધુ મેચ રમનાર માત્ર બીજા અંગ્રેજી ક્રિકેટર બન્યા છે. અગાઉ, આ સિદ્ધિ ફક્ત ભૂતપૂર્વ અંગ્રેજી




કેપ્ટન ઈયોન મોર્ગને હાંસલ કરી હતી. જોકે, ઈંગ્લેન્ડના કોઈ પણ ખેલાડીએ ક્યારેય ૩૦૦ કે તેથી વધુ વનડે મેચ રમી નથી.

નોંધનીય છે કે ઈયોન મોર્ગને ૨૦૦૯ થી ૨૦૨૨ દરમિયાન ઈંગ્લેન્ડ માટે ૨૨૫ વનડે મેચ રમી હતી. બટલર ૨૦૧૨ થી ઈંગ્લેન્ડ ટીમ સાથે છે. ૨૦૦ મેચોમાં, તેણે ૩૮.૮૭ ની સરેરાશથી ૫૫૨૦ રન બનાવ્યા છે, જેમાં ૧૧ સદી અને ૨૯ અડધી સદીનો સમાવેશ થાય છે. બટલર ફક્ત ઈયોન મોર્ગન પછી,વનડે ક્રિકેટમાં ઈંગ્લેન્ડનો બીજો સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. મોર્ગને ૬૯૫૭ રન બનાવ્યા છે.

# કોહલી પછી બીજા ભારતીય કેપ્ટન શુભમન ગિલે વિદેશી ધરતી પર ૫૦૦થી વધુ રન બનાવ્યા




બર્મિંગહામ,

ભારતીય ટીમે ઈંગ્લેન્ડ સામેની ત્રણ મેચની વનડે શ્રેણીની મજબૂત શરૂઆત કરી છે, બર્મિંગહામના એજબેસ્ટન સ્ટેડિયમ ખાતે શ્રેણીની પ્રથમ મેચ ૬ વિકેટથી જીતી લીધી છે. આ મેચમાં, ભારતીય ટીમને ૨૫૯ રનનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો. આ લક્ષ્યનો પીછો કરતી વખતે, તેઓએ રોહિત શર્મા અને વિરાટ કોહલીના રૂપમાં બે મહત્વપૂર્ણ વિકેટો ૪૮ રનના સ્કોર પર ગુમાવી દીધી. કેપ્ટન શુભમન ગિલે માત્ર એક છેડેથી ઈનિંગ્સનું સંચાલન કર્યું નહીં પરંતુ ટીમને જીત તરફ દોરી જવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. એજબેસ્ટન વનડેમાં ૮૦ રન બનાવ્યા બાદ ગિલ નિવૃત્ત હર્ટ થયો. આ ઈનિંગ્સ સાથે, તેણે એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી: તે વિરાટ કોહલી પછી બીજા ભારતીય કેપ્ટન બન્યા, જેમણે પોતાના ઘરના મેદાનની બહાર એક જ સ્થળે ૫૦૦ કે તેથી વધુ રન બનાવ્યા.

શુભમન ગિલ ૨૦૨૬ માં અત્યાર સુધી વનડે ફોર્મેટમાં જબરદસ્ત ફોર્મમાં છે. એજબેસ્ટનમાં તેનો બેટિંગ રેકોર્ડ નોંધપાત્ર છે. ગયા વર્ષે અહીં રમાયેલી ટેસ્ટ મેચમાં ગિલે બે સદી ફટકારી હતી, પરંતુ આ વર્ષે પણ ૈ મેચમાં આ વલણ ચાલુ રાખવામાં તે સફળ રહ્યો. શુભમન ગિલે અત્યાર સુધીમાં એજબેસ્ટન મેદાન પર કેપ્ટન તરીકે એક ટેસ્ટ અને એક વનડે રમી છે, જેમાં તેણે માત્ર ૩ ઈનિંગ્સમાં ૨૫૫ ની સરેરાશથી ૫૧૦ રન બનાવ્યા છે. આ સાથે, શુભમન ગિલ હવે ઈંગ્લેન્ડના કોઈ સ્થળે ૫૦૦ કે તેથી વધુ રન બનાવનાર પ્રથમ ભારતીય કેપ્ટન બની ગયો છે, અને વિરાટ કોહલી પછી, તે પોતાના ઘરની બહારના સ્થળે ૫૦૦ કે તેથી વધુ રન બનાવનાર માત્ર બીજા ભારતીય કેપ્ટન છે. કોહલીએ ઓસ્ટ્રેલિયાના સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર કેપ્ટન તરીકે ૮ મેચ રમી હતી, જેમાં તેણે ૬૪.૩૭ ની સરેરાશથી ૫૧૫ રન બનાવ્યા હતા.

# ભારતીય ટીમને ચીયર કરવા માટે કૃતિ સેનન કબીર બાહિયા સાથે બર્મિંગહામ પહોંચી

મુંબઇ,

અભિનેત્રી કૃતિ સેનન તેની નવી ફિલ્મ, "કોકટેલ ૨" માટે સમાચારમાં છે. દરમિયાન, તે મંગળવારે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની વનડે મેચ જોવા માટે બર્મિંગહામ પહોંચી હતી. ત્યાં, તે તેના કથિત બોયફ્રેન્ડ કબીર બાહિયા સાથે મેચનો આનંદ માણતી જોવા મળી હતી. સ્ટેન્ડમાંથી તેમના ફોટા વાયરલ થયા છે, જેનાથી તેમના કથિત સંબંધો વિશે ચર્ચાઓ ફરી શરૂ થઈ છે.આ પોસ્ટ્સ સામે આવ્યા પછી તરત જ, એજબેસ્ટન સ્ટેન્ડમાંથી કૃતિના વધુ ફોટા એક્સ પર વાયરલ થવા લાગ્યા.વનડે મેચ માટે સ્ટેડિયમમાં હાજર ઘણા ક્રિકેટ



ચાહકોમાં કૃતિ પણ હતી, પરંતુ કબીર સાથે તેની હાજરી ઓનલાઈન ચર્ચાનો વિષય બની ગઈ.જ્યારે અભિનેત્રીએ તેનો ૩૪મો જન્મદિવસ ઉજવ્યો ત્યારે કૃતિ અને કબીર વિશેની અફવાઓએ જોર પકડ્યું. ત્યારથી, તેમના કથિત સંબંધો વિશેના સમાચાર અને અટકળો સતત હેડલાઈન્સમાં છવાયેલી રહી છે. કબીરે કૃતિની બહેન નુપુર સેનન અને ગાયિકા સ્ટેબિન બેનના લગ્નમાં પણ હાજરી આપી હતી.

તાજેતરના બ્રેકઅપની અફવાઓએ કૃતિના અંગત જીવન વિશે ચર્ચાઓને વધુ વેગ આપ્યો છે. કબીરનો એક અજાણી મહિલા સાથેનો ફોટો વાયરલ થયા પછી આ અટકળો શરૂ થઈ હતી. બાદમાં, કૃતિએ કબીર સાથેના કેટલાક ફોટા શેર કર્યા, જેને તે અફવાઓને શાંત કરવાનો પ્રયાસ તરીકે જોવામાં આવ્યો. બંનેમાંથી કોઈએ પણ તેમના સંબંધોના સ્ટેટસ પર જાહેરમાં ટિપ્પણી કરી નથી.કામના મોરચે, કૃતિ છેલ્લે હોમી અદાજાનિયાની ફિલ્મ "કોકટેલ ૨" માં શાહિદ કપૂર અને રશ્મિકા મંદન્ના સાથે જોવા મળી હતી. આ ફિલ્મનું બોક્સ ઓફિસ કલેક્શન સરેરાશ હતું.

# હું નાસ્તિક છું, પણ મેં ક્યારેય કોઈ ધર્મ કે કોઈની માન્યતાઓની મજાક ઉડાવી નથી : અન્નુ કપૂર

મુંબઇ,

બોલીવુડના અનુભવી અભિનેતા અન્નુ કપૂર કહે છે કે અભિનેતાના અંગત વિચારો અને તેઓ જે પાત્ર ભજવે છે તેની ક્યારેય સમાનતા ન કરવી જોઈએ. તેમની આગામી કોમેડી-ડ્રામા ફિલ્મ "ઉત્તર દા પુત્તર" માં, તેઓ ભૌતિકશાસ્ત્રના પ્રોફેસરની ભૂમિકા ભજવે છે જે વાસ્તુ શાસ્ત્રમાં દ્રઢપણે માને છે. રસપ્રદ વાત એ છે કે, તેમની વાસ્તવિક જીવનની માન્યતાઓ તેમના પાત્રથી સંપૂર્ણપણે અલગ છે.

અન્નુ કપૂર કહે છે, "હું પોતે નાસ્તિક છું, પણ એનો અર્થ એ નથી કે હું કોઈ ધર્મ કે કોઈની શ્રદ્ધાનો આદર કરતો નથી. જ્યારે નિર્માતા સંદીપ કપૂરે મને આ ભૂમિકા વિશે કહ્યું, ત્યારે મેં ખચકાટ વિના હા પાડી. એક અભિનેતા તરીકે, મને એવી ભૂમિકાઓ ભજવવાની મજા આવે છે જે મારા વાસ્તવિક જીવનથી સંપૂર્ણપણે અલગ હોય."

તેમણે વધુમાં કહ્યું કે તેણે હસ્તરેખાશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્ર પર ઘણા પુસ્તકો વાંચ્યા છે, પરંતુ ફક્ત તેની જિજ્ઞાસા અને જ્ઞાન વધારવા માટે. તે માને છે કે તેના અંગત રુચિઓને તેના અભિનય સાથે જોડવી જોઈએ નહીં.

અન્નુ કપૂર કહે છે કે તેના નિવેદનોને ઘણીવાર ખોટી રીતે રજૂ કરવામાં આવે છે, જેના કારણે બિનજરૂરી વિવાદો ઉભા થાય છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું, "મેં ક્યારેય કોઈ ધર્મ કે કોઈની શ્રદ્ધાની મજાક ઉડાવી નથી. મારો ક્યારેય કોઈની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો ઈરાદો નહોતો." દરેક વ્યક્તિને પોતાના વિચારો અને માન્યતાઓનો અધિકાર છે, અને હું તેનું સન્માન કરું છું.

અભિનેતાના મતે, અભિનયની સુંદરતા વાસ્તવિક જીવન અને પડદા પર દર્શાવવામાં આવેલા પાત્ર વચ્ચેના તફાવતમાં રહેલી છે. તેમણે કહ્યું, "એક અભિનેતાને વાસ્તવિક જીવનમાં તેના પાત્ર જેવું દેખાવાની જરૂર નથી. તેની એકમાત્ર જવાબદારી એ છે કે તે તેના અભિનય દ્વારા દર્શકોને તે પાત્રમાં વિશ્વાસ કરાવે."તેમની ફિલ્મ "ઉત્તર દા પુત્તર" વિશે વાત કરતા, અન્નુ કપૂરે કહ્યું કે આ ફિલ્મ દર્શકોને ખૂબ હસાવશે અને સારો સંદેશ પણ આપશે.

# ધુરંધર અને ઈક્કા પછી અક્ષય ખન્ના તેલુગુ ફિલ્મમાં ડેબ્યૂ કરશે : મહાકાલીમાં શુક્રાચાર્યની ભૂમિકા ભજવશે

મુંબઇ,

બોની કપૂરની મોટી પુત્રી, અંશુલા કપૂર, તાજેતરમાં રોહન ઠક્કર સાથે લગ્નગ્રંથિથી જોડાઈ. ૬ જુલાઈના રોજ અંશુલાએ રોહન ઠક્કર સાથે તેના પરિવાર અને નજીકના મિત્રોની હાજરીમાં લગ્ન કર્યા હતા, અને લગ્નના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. હવે, બોની કપૂરે તેમની પુત્રીના લગ્નના કેટલાક અદ્રશ્ય ફોટા શેર કર્યા છે, જેમાં "ધુરંધર" ના "રેહમાન ડાકુ" ની ભૂમિકા ભજવનાર અક્ષય કુમાર વિગ વગર જોવા મળે છે. "ધુરંધર" પછી આ પહેલી વાર છે જ્યારે અક્ષય ખન્ના વિગ વગર જોવા મળ્યા છે અને ચાહકોએ તેમના લુક



પર પ્રતિક્રિયા આપી છે અને તેમની પ્રશંસા કરી છે.

બોની કપૂરે તેમની પુત્રી અંશુલાના લગ્નના કેટલાક અદ્રશ્ય ફોટા શેર કર્યા છે, જેમાં અંશુલા અને રોહનના લગ્નની કેટલીક સુંદર ઝલક, તેમજ લગ્ન અને રિસેપ્શનમાં હાજર રહેલા કેટલાક ખાસ મહેમાનોની ઝલકનો સમાવેશ થાય છે. આ ફોટામાંથી એકમાં, બોની કપૂર અક્ષય ખન્નાને ગળે લગાવતા જોવા મળે છે, જે "ધુરંધર" પછી પહેલી વાર વિગ વગર જોવા મળે છે. ફોટામાં હસતા અક્ષયને જોઈને અક્ષયના ચાહકો ખુશ થયા. ઘણા લોકોએ ટિપ્પણી કરી, અભિનેતાની એક ઝલક શેર કરવા બદલ બોની કપૂરનો આભાર માન્યો, જ્યારે અન્ય લોકોએ કહ્યું કે અક્ષય વિગ વિના પણ અદ્ભુત લાગે છે. બોની કપૂર દ્વારા શેર કરાયેલા ફોટામાં ઘણી સેલિબ્રિટીઓ જોવા મળી હતી, પરંતુ ૧૩મી સ્લાઇડ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જેમાં બોની કપૂર અક્ષય ખન્ના સાથે મુલાકાત કરી રહ્યા છે.

જ્યારે "ધૂરંધર" માં અક્ષય ખન્નાના લુક અને સ્વેગની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી, ત્યારે અભિનેતા દ્વારા રહેમાન ડાકુનું પાત્ર કાળજી વિના પૂર્ણ થયું ન હતું. તેને અને તેના મેકઅપ કલાકારોને કલાકો સુધી તૈયારી કરવી પડી હતી. તાજેતરમાં, "ધૂરંધર" ના સેટ પરથી અક્ષય ખન્નાના એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં તે રહેમાન ડાકુના પાત્ર માટે તૈયાર થતો જોવા મળ્યો હતો. વીડિયોમાં, તેનો મેકઅપ અને હેર આર્ટિસ્ટ દરેક વિગતો પર કાળજીપૂર્વક કામ કરતા જોઈ શકાય છે. અક્ષયના હેર આર્ટિસ્ટે વિગના સેટિંગથી લઈને હેરલાઇન ડિટેલિંગ સુધીની દરેક વસ્તુ પર ખૂબ ધ્યાન આપ્યું હતું, અને અક્ષય પોતે તેના પર ખાસ ધ્યાન આપતા જોવા મળ્યા હતા.

અક્ષય ખન્નાનો સ્ટાર આ દિવસોમાં વધી રહ્યો છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ન | હા | લા | પ્ર | અ | મા | બ | ડો | બા | મો | સા | કી |
| ર | ણ | બ | સા | બૂ | ભ | ળ | દ | ઓ | લ | ન | કા |
| ભ | બ | ઔ | દ | દ | મ | બા | ભા | ક | ગ | ર | સ |
| ધ | મ | ભો | બં | મ | કી | પ્રા | તી | અઃ | દ | અ | ર |
| ભો | ર | રો | કા | દ | હિ | બ | ગ | ગી | ધ | ણિ | ધ |
| લ | ફ | કા | પ્ર | બં | કા | મા | ળ | ગ | દ | ર | બ |
| ફ | ર | જ | મા | ધ | ત | બિ | સ | જ | સા | ળો | દ |
| બા | ક | કા | દ | દા | આ | બ | મ | ધ | ક્ષ | ક | શ |
| જી | ધ | ર | બ | ણ | ક | હિ | ન | મ | ર | એ | બં |
| જી | લ | અ | રા | ક | ઔ | ળ | ળ | કી | ળ | ર | ર |
| લ | બિ | ત | બ | ઐ | પ્રા | મા | ણિ | ક | વા | ગ | રા |
| ક | ગ | મા | ર | ર | ઔ | બ | આ | મા | શ | અ | ક |

**શબ્દ શોધો**

**પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# દક્ષિણ સિનેમાના સુપરસ્ટાર જુનિયર એનટીઆરનો રાજકારણમાં પ્રવેશ કરવાનો કોઈ ઈરાદો નથી

હૈદરાબાદ,

છેલ્લા કેટલાક દિવસોથી દક્ષિણ સિનેમાના સુપરસ્ટાર અને પેન-ઈન્ડિયા સ્ટાર જુનિયર એનટીઆરના રાજકીય ભવિષ્ય અંગે સોશિયલ મીડિયા અને મીડિયા વર્તુળોમાં અટકળો ચાલી રહી છે. અફવાઓ ફેલાઈ રહી હતી કે અભિનેતા ટૂંક સમયમાં રાજકારણમાં પ્રવેશ કરશે અને તેના માટે એક મોટું પ્લેટફોર્મ તૈયાર કરી રહ્યા હતા. જોકે, જુનિયર એનટીઆરની સત્તાવાર ટીમે હવે આ બધી અટકળોનો અંત લાવી દીધો છે અને પરિસ્થિતિ સ્પષ્ટ કરી છે. ટીમે એક નિવેદન બહાર પાડીને સ્પષ્ટતા કરી છે કે અભિનેતાનો હાલમાં રાજકારણમાં પ્રવેશવાનો કોઈ ઈરાદો નથી અને સોશિયલ મીડિયા પર ફરતા અહેવાલો માત્ર અફવાઓ છે.

એવી અટકળો હતી કે જુનિયર એનટીઆર ૧૮ જુલાઈના રોજ એક ભવ્ય કાર્યક્રમ સાથે તેમની રાજકીય સફર શરૂ કરશે. આ સ્પષ્ટતા કરતા, અભિનેતાની ટીમે જણાવ્યું હતું કે ૧૮ જુલાઈના રોજ આયોજિત કાર્યક્રમ કોઈપણ રાજકીય એજન્ડાથી પ્રેરિત નથી. આ કાર્યક્રમ 'ઓરુ વાદા' નામની એક નવી સામાજિક પહેલ અને જાહેર કલ્યાણ યોજના શરૂ કરવા માટે આયોજિત કરવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજ સેવા, પાયાના સ્તરે સહાય અને સમુદાય કલ્યાણનું માળખું જાહેર જનતા સમક્ષ રજૂ કરવાનો છે.

જુનિયર એનટીઆરની ટીમે ચાહકો અને સામાન્ય લોકોને અપીલ કરી છે કે તેઓ કોઈપણ નક્કર આધાર વિના ઈન્ટરનેટ પર ફરતા ભ્રામક સમાચાર પર વિશ્વાસ ન કરે. ટીમે મીડિયા આઉટલેટ્સ અને સોશિયલ મીડિયા યુઝર્સને પણ વિનંતી કરી છે કે તેઓ આ સામાજિક કાર્યક્રમનું રાજકારણ કરવાથી દૂર રહે અને કોઈપણ બનાવટી અહેવાલો પ્રકાશિત કે પ્રસારિત ન કરે. નિવેદનમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે 'ઓરુ વાદા' એક સંપૂર્ણપણે બિન-રાજકીય અને સામાજિક અભિયાન છે.

જ્યારે અભિનેતાના રાજકીય પદાર્પણ વિશે સમયાંતરે અટકળો ચાલી રહી છે, ત્યારે વાસ્તવિકતા એ છે કે જુનિયર એનટીઆર હાલમાં તેમના ફિલ્મી કારકિર્દીના સૌથી વ્યસ્ત તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. તેઓ એક પછી એક મોટી ફિલ્મોના શૂટિંગમાં વ્યસ્ત છે. હાલમાં, તેઓ પ્રશાંત નીલ દ્વારા દિગ્દર્શિત અને હોમ્બલે ફિલ્મ્સના બેનર હેઠળ નિર્મિત ખૂબ જ અપેક્ષિત એક્શન થ્રિલર ફિલ્મ 'ડ્રેગન' પર કામ કરી રહ્યા છે. આ ફિલ્મનો ફર્સ્ટ લૂક પોસ્ટર અને ટીઝર તાજેતરમાં રિલીઝ કરવામાં આવ્યો હતો, જેને દર્શકો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. ટીમ તરફથી આ સત્તાવાર સ્પષ્ટતા સાથે, ચાહકોનું ધ્યાન ફરી એકવાર જુનિયર એનટીઆરની આગામી ફિલ્મો અને ૧૮ જુલાઈના રોજ



લોન્ચ થનારી સામાજિક પહેલ 'ઓરુ વાદા' પર કેન્દ્રિત થયું છે.જુનિયર એનટીઆરએ ઋતિક રોશન સાથે અભિનય કરતી "વોર ૨" થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સારી ચાલી ન હતી. તે સૈફ અલી ખાન અને જાહ્નવી કપૂર સાથે "દેવરા" માં પણ દેખાયો હતો. ફિલ્મમાં તેના અભિનયને ખૂબ જ પસંદ કરવામાં આવ્યો હતો. ફિલ્મનો બીજો ભાગ ટૂંક સમયમાં આવી રહ્યો છે. નોંધનીય છે કે જુનિયર એનટીઆરને તેની પહેલી ફિલ્મ માટે રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો.

# રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ના સંચાલક મંડળ અને જાગૃત કર્મચારી મંડળ વચ્ચે પારિવારિક માહોલમાં કર્મચારી સેલેરી સેટલમેન્ટ મંજૂર : કર્મચારીગણમાં ખુશીની લહેર

## આપણી બેંક પારિવારિક સંસ્થા છે હંમેશા સહુનું ધ્યાન રાખે છે : દિનેશભાઈ પાઠકવાદ નહીં સંવાદ. સંસ્થાના વિકાસમાં સદાય સક્રિય અને સંચાલક મંડળની વડીલની ભૂમિકા માટે સર્વેનો આભાર : વિપુલભાઈ દવે

રાજકોટ, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં કાર્યરત જાગૃત કર્મચારી મંડળ અને બેંક સંચાલક મંડળ વચ્ચે તા. ૧ જુલાઈ ૨૦૨૬થી અમલમાં આવે તે રીતે કર્મચારી સેલેરી સેટલમેન્ટ મંજૂર થયું છે. અગાઉનું સેટલમેન્ટ તા.૩૦ જૂન ૨૦૨૬ના રોજ પૂર્ણ થતું હતું. ઘણી બધી સંસ્થામાં સમય પૂર્ણ થઈ જાય તેના છ—બાર માસ કે બે-ચાર વર્ષ વીતી જાય તો પણ સેટલમેન્ટ થતું ન હતું જ્યારે રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં સમય અવધિ પૂર્ણ

થાય તે પહેલા સેટલમેન્ટ મંજૂર થયું છે. જે સંસ્થાના વિકાસ માટે સારી નિશાની દર્શાવે છે.

બેંકના ચેરમેન શ્રી દિનેશભાઈ પાઠકે જણાવ્યું હતું કે, ''આપણી બેંક પારિવારિક સંસ્થા છે હંમેશા સહુનું ધ્યાન રાખે છે. સહુના સુખ દુઃખમાં આપણે સહુ સાથે જ છીએ. આપણે સહુએ આપણી ઓળખ એવી રીતેઆપવી જોઈએ કે રૂ. ૧૨,૦૦૦ કરોડનો બિઝનેસ મિક્સવાળી બેંકમાં હું કામ કરું છું અથવા તો ગુજરાતની ટોપ- ૫ સહકારી બેંકમાં કામ કરું છું. આનાથી આપણે કેવડી મોટી સંસ્થામાં કામ કરીએ છીએ તેની લોકોને માહિતી મળે છે. આપણે પણ આ રીતે ઓળખ આપીએ અને અન્ય કર્મચારીને પ્રેરણા આપીએ. નાગરિક બેંક, આપણી બેંક સૂત્રને અપનાવીએ. કામમાં દક્ષતા લાવીએ, ભૂલ ન કરીએ. ચૂકની જગ્યા ન રાખીએ. સમયસર કામ કરીએ. ગ્રાહકને સંતોષ થાય અને મજા આવે તેવું વાતાવરણ પૂરું પાડીએ. તેમની વાત સાંભળીએ.''



### મંડળનું પ્રતિનિધિત્વ બુદ્ધિશાળી છે. સંસ્થાના હિતમાં જ કામ કરે છે : વિનોદ શર્મા

જાગૃત કર્મચારી મંડળના પ્રમુખ શ્રી વિપુલભાઈ દવેએ જણાવ્યું હતું કે, ''અમોને ક્યારેય એવું લાગ્યું નથી કે કર્મચારી મંડળ અને સંચાલકો અલગ-અલગ છીએ. એક કુટુંબના વડીલ પાસે આપણી વાત કરી શકીએ તેવા જ ભાવ અને લાગણી સાથે હંમેશા આપને મળીએ છીએ. વાદ નહીં સંવાદ જ હોય છે. સંસ્થાના વિકાસમાં સદાય સક્રિય છીએ. સંચાલક મંડળની વડીલની ભૂમિકા માટે સર્વેનો આભાર.'' બેંકના જનરલ મેનેજર અને સીઈઓ શ્રી વિનોદ શર્માએ પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, ''મંડળનું પ્રતિનિધિત્વ બુદ્ધિશાળી છે. ક્યારેય ખોટી કે એક તરફી વાત કરતું નથી. સંસ્થા હિતમાં જ કામ કરે છે અને એટલે જ આપણી બેંક અવિરત પ્રગતિ કરી રહી છે.''

આ કાર્યક્રમમાં બેંક પરિવારમાંથી શ્રી દિનેશભાઈ પાઠક (ચેરમેન), શ્રી જીવણભાઈ પટેલ (વાઈસ ચેરમેન), ડિરેક્ટરગણમાંથી સીએ. શ્રી ચંદ્રેશભાઈ ધોળકિયા, શ્રી માધવભાઈ દવે, શ્રી અશોકભાઈ ગાંધી, શ્રી હસમુખભાઈ ચંદારાણા, શ્રી મંગેશજી જોશી, શ્રી કીર્તિદાબેન જાદવ, શ્રી જ્યોતિબેન ભટ્ટ, શ્રી વિક્રમસિંહ પરમાર, સીએ. શ્રી ભૌમિકભાઈ શાહ, સીએ. શ્રી બ્રિજેશભાઈ મલકાણ, સીએ. શ્રી દીપકભાઈ બકરાણીયા, શ્રી ચિરાગભાઈ રાજકોટિયા, શ્રી દેવાંગભાઈ માંકડ, શ્રી હસમુખભાઈ હિંડોચા, ડો. એન. જે. મેઘાણી, શ્રી લલિતભાઈ વોરા, શ્રી શૈલેશભાઈ મકવાણા (કો ઓપ્ટ), શ્રી વિનોદ શર્મા (જનરલ મેનેજર-સીઈઓ), શ્રી રજનીકાંત રાયચૂરા (ડીજીએમ), શ્રી ભાવેશભાઈ રાજદેવ (સેટલમેન્ટ કમિટી), શ્રી અલ્પેશભાઈ વ્યાસ (ચીફ મેનેજર-એચઆર), જાગૃત કર્મચારી મંડળના શ્રી વિપુલભાઈ દવે (પ્રમુખ), શ્રી તૃપ્તિબેન જોશી (ઉપપ્રમુખ), શ્રી ભરતભાઈ કુંવરીયા (મંત્રી), શ્રી જીજ્ઞેશભાઈ દવે (સહમંત્રી), શ્રી રોપેશભાઈ દેવાણી (ખજાનચી), રાજકોટ નાગરિક બેંક કર્મચારી

ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ.માંથી શ્રી આકાશભાઈ વાછાણી (પ્રમુખ), શ્રી કાજલબેન તન્ના (ઉપપ્રમુખ), શ્રી મનસુખભાઈ ગજેરા (મંત્રી) ઉપરાંત શ્રી ઉમેદભાઈ જાની (સ્ટાફ રિલેશન અધિકારી) ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં ફ્રીડમ યુવા ગ્રુપ દ્વારા શાળાઓના બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું

## મનપાના નવનિયુક્ત મેયર ડો.નેહલભાઈ શુક્લ, સ્ટે.ચેરમેન પરેશભાઈનું સન્માન




રાજકોટ, સમાજના વંચિત અને વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય, માટે ફ્રીડમ યુવા ગ્રુપ, રાજકોટ દ્વારા સતત ૨૩ માં વર્ષે શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન હેમુગઢવી હોલ ખાતે કરવામાં આવ્યુ હતુ.

મનોદિવ્યાંગ, થેલેસેમિક અને જરૂરતમંદ વિદ્યાર્થીઓને સ્કૂલબેગ, ફૂલસ્કેપ બુક્સ , લંચ બોક્સ, વોટર બોટલ, કંપાસ, એક્ઝામ પેડ સહિતની સામગ્રી સાથેની શૈક્ષણિક કીટ દાતાઓના સહયોગથી વિતરણ કરવામાં આવેલ. મેયર ડો. નેહલભાઈ શુક્લ, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, ફાલ્કન પંપના મોભી કમલનયનભાઈ સોજીત્રા, જાણીતા સહકારી અગ્રણી કલ્પકભાઈ મણિયાર દ્વારા દીપ પ્રગટાવી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવેલ.

આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, ગૌરાંગભાઈ ઠક્કર, કાશ્મીખરાબેન નથવાણી, જયશ્રીબેન પટેલ, હેમલભાઈ મોદી, કિર્તીભાઈ મહેતા, રાધિકા જ્વેલર્સના અશોકભાઈ ઝીંઝુવાડીયા, દર્શિતભાઈ જાની, સરોજબેન, રમાબેન હેરભા, ખ્યાતિબેન ગોહેલ, કિરીટભાઈ પાંધી, અપુલભાઈ દોશી, પાર્થરાજસિંહ ચૌહાણ, ધ્રુવભાઈ રાજા, અનુપમભાઈ દોશી, શૈલેષભાઈ શાહ, સંજયભાઈ મણિયાર, કેતનભાઈ પારેખ, પ્રશાંતભાઈ ગાંગડીયા, અમિતભાઈ કે પટેલ, નીરવભાઈ મણિયાર, વિશાલ માંડલિયા, દીપક પારેખ, નટુભાઈ ચાવડા, ચેતનભાઈ મહેતા, સંદીપભાઈ પટેલ, યોગેશભાઈ વાળા, નિલેશભાઈ શાહ, જયેન્દ્રભાઈ મહેતા, ઉમેશભાઈ દફતરી, અંજલિ વોરા, છાયાબેન વજરીયા, નીતાબેન પારેખ, બીપીનભાઈ પાઠક, હસમુખભાઈ ગણાત્રા સહિતના જાહેર જીવન અને સમાજજીવનના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થા દ્વારા નવનિયુક્ત મેયર ડો. નેહલભાઈ શુક્લઈ, સ્ટે . ચેરમેન પરેશભાઈ પીપળીયા તેમજ સંસ્થા પરિવારમાંથી નગરસેવક તરીકે ચૂંટાયેલ નગરસેવકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. ફ્રીડમ યુવા ગ્રુપ દ્વારા યોજાયેલ ૨૩ માં શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમમાં સહકાર આપી સહભાગી બનનાર તમામ દાતાઓને પણ ફ્રીડમ યુવા ગ્રુપ દ્વારા સ્મતિચિન્હ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થા ના સંસ્થાપક ભાગ્યેશ વોરાની રાહબરીમાં મનોજ ડોડીયા, સંજય પારેખ, પ્રવિણ ચાવડા, કિરીટ ગોહેલ, સુરેશ રાજપુરોહિત, નીતિન ઝરીયા, મિલન વોરા, રસિક મોરધરા, નિમેષ કેસરિયા, અલ્પેશ પલાણ, ચંદ્રેશ પરમાર, રાજન સૂરૂ, વિરલ પલાણ, જે. પી. ફૂલારા, ધવલ પડિયા, જીતેશ સંઘાણી, જીગ્નેશ આહિર, રોહિત સિધ્ધપુરા, હર્ષદ ચોકસી, જીતેશ સંઘાણી, રિતેશ ચોકસી, અભિજિત શિયાર, વિહાન વોરા, મયંક ગોહેલ, કિશન પાંધી સહિતનાએ જહેમત ઉઠાવી હતી.

# રાજકોટમાં ભારત વિકાસ પરિષદ શાખા દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કીટ વિતરણ



રાજકોટ, ભારત વિકાસ પરિષદ - આનંદનગર શાખા, રાજકોટ તથા અર્પણ ફાઉન્ડેશન દ્વારા સેવા પખવાડા અંતર્ગત પૂ. રણછોડદાસજીબાપુ કોમ્યુનિટી હોલ ખાતે માનવ સેવા યજ્ઞ અંતર્ગત આશરે ૨૦૦ જેટલા જરૂરિયાતમંદ વિધવા બહેનો અને પરિવારોને ઘઉં, ચોખા, તેલ, મગ, ચણા, ખાંડ, ચા, ગોળ, ચણાનો લોટ, મસાલા, મમરા સહિતની અનાજ કીટ તેમજ સાડીનું વિતરણ નગીનભાઈ જગડા, ભુપેનભાઈ મહેતા (એનઆરઆઈ), પ્રફુલગીરી ટી. ગોસ્વામી તથા મદનમોહન સેવા ટ્રસ્ટના રમેશભાઈ દત્તાના સહયોગથી યોજાયો હોવાનું યાદીમાં જણાવાયું છે.

કાર્યક્રમમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલારા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. શ્રીમતી શોભનાબેન ગોસ્વામી, શ્રીમતી ચંપાબેન અગ્રાવત અને શ્રીમતી રંજનબેન ટાંકે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન કિરીટભાઈ મૈયડે તથા આભારવિધિ કોષાધ્યક્ષ સુખદેવભાઈ અગ્રાવતે કરી હતી. તેમ વિજયભાઈ કુંભરવાડીયા - અધ્યક્ષ, પ્રવીણભાઈ ગરસર - સચિવ, સુખદેવભાઈ અગ્રાવત - કોષાધ્યક્ષ, પ્રવીણભાઈ ગોસ્વામી, અરવિંદગિરી ગોસ્વામી - સેવા કન્વીનરની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટમાં યુથ કોંગ્રેસ દ્વારા ''છાત્રો કી ગુંજ'' કાર્યક્રમ યોજાયો

## કોલેજ કેમ્પસ ખાતે યુવાનો-છાત્રો સાથે શિક્ષણલક્ષી સંવાદ કરાયો



રાજકોટ, રાજકોટ શહેર યુથ કોંગ્રેસ પ્રમુખ ભાગ્યારાજસિંહ વાળા જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ દીપ ભાઈ ભંડેરી દ્વારા કોલેજ કેમ્પસ ખાતે ''છાત્રો કી ગુંજ'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર ઝોન યુથ કોંગ્રેસના પ્રભારી ચંદ્રકલા નાગોરી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓ અને યુવાનો સાથે સંવાદ કરી હાલ દેશની શિક્ષણ વ્યવસ્થા તથા યુવાનો સામે ઊભા થયેલા પ્રશ્નો અંગે વિસ્તત ચર્ચા કરી.

આ પ્રસંગે જણાવાયું હતું કે છેલ્લા કેટલાક સમયથી વારંવાર પેપર લીક જેવી ઘટનાઓને કારણે લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે. વર્ષો સુધી મહેનત કરનાર વિદ્યાર્થીઓ અને યુવાનોને અન્યાયનો સામનો કરવો પડે છે, જે અત્યંત ચિંતાજનક બાબત છે.

રાહુલ ગાંધીજીના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં ''છાત્રો કી ગુંજ'' અભિયાન યોજાઈ રહ્યું છે. આ અભિયાનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓના અવાજને મજબૂતીથી ઉઠાવવાનો, અન્યાય સામે ન્યાયની લડત લડવાનો, શિક્ષણ વ્યવસ્થામાં જરૂરી સુધારાઓ લાવવાનો તથા યુવાનોના હક અને ભવિષ્યની સુરક્ષા માટે સંઘર્ષ કરવાનો છે. ગુજરાત પ્રદેશ શક્તિ સુપર શી ના ચેરપર્સન વૈશાલી શિંદેએ જણાવ્યું હતું કે, ''વિદ્યાર્થીઓ અને યુવતીઓનું સુરક્ષિત અને ઉજ્જવળ ભવિષ્ય સુનિ?તિ કરવું એ સરકારની પ્રથમ જવાબદારી છે. શિક્ષણ વ્યવસ્થામાં પારદર્શિતા આવે અને યુવાનોને ન્યાય મળે તે માટે કોંગ્રેસ હંમેશા તેમની સાથે ઉભી રહેશે.''

રાજકોટ શહેર યુથ કોંગ્રેસ પૂર્વ પ્રમુખ હરપાલસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ''દેશના યુવાનોનું ભવિષ્ય કોઈપણ સરકારની નિષ્ફળતાનો ભોગ બનવું જોઈએ નહીં. યુવાનોના પ્રશ્નોને અવગણવાના બદલે સરકાર તેમની ચિંતાઓનો તાત્કાલિક ઉકેલ લાવે અને શિક્ષણ વ્યવસ્થામાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરે.''

આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર ઝોન યુથ કોંગ્રેસના પ્રભારી ચંદ્રકલા નાગોરી,ગુજરાત પ્રદેશ શક્તિ સુપર શીના ચેરપર્સન વૈશાલી શીંદે,રાજકોટ શહેર યુથ કોંગ્રેસના પ્રમુખ ભાગ્ય રાજસિંહ વાળા, રાજકોટ જિલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ દીપ ભંડેરી, રાજકોટ શહેર યુથ કોંગ્રેસ પૂર્વ પ્રમુખ હરપાલસિંહ જાડેજા, રાજકોટ શહેર શક્તિ સુપર શી ના પ્રમુખ હિરલબા રાઠોડ, ડો.રુકમુમદિન માથકિયા,અક્ષાંશ ગોસ્વામી,ડો. સોહિલ ઝરીયા, જલ્પેશ ભાઈ વાઘેલા, ફેનિલ વોરા,યજ્ઞેશ દવે,નરેન્દ્ર પટેલ, કિશનભાઈ, ધવલ ભાઈ, તેમજ યુથ કોંગ્રેસ ના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટના ભરૂડીથી હિરાસર એરપોર્ટ સૂધી ૨ હજાર કરોડના ખર્ચે ૪૪ કિ.મી. લાંબો સિક્સ લેન હાઈવે બનશે

## દિલ્હીથી એજન્સીની ટીમો દ્વારા રામપરા બેટી ગામથી જીપીએસ આધારિત સર્વે શરૂ

રાજકોટ, રાજકોટ-ગોંડલ હાઈવે પર ભરૂડીથી હિરાસર એરપોર્ટ સુધી ૨૦૦૦ કરોડના ખર્ચે ૪૪ કિલોમીટર લાંબો ભવ્ય સિકસલેન હાઈવે બનશે.આ પ્રોજેક્ટ માટે દિલ્હીથી એજન્સી દ્વારા કુવાડવા હાઈવે પરના રામપર બેટી ગામથી જીપીએસ સિસ્ટ મ આધારિત સર્વે ની કામગીરી શરૂ કરવામાં આવી છે.

૧૩ જુલાઈને સોમવારથી શરૂ કરાયેલો આ સર્વે ૧૫ દિવસમાં પૂર્ણ થઈ જશે. જેમાં ૨૪ ગામની અંદર પસાર થનાર સિકસલેન હાઈવેની માપણી કરીને જમીન પર સરકારી ખૂંટા લગાડવાનું શરૂ કરવામાં આવશે.

આ બાદ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા રાજકોટ તાલુકા, ગોંડલ, કોટડાસાંગાણીના ૨૬ ગામની અંદર જમીન સંપાદન માટેનો સર્વે હાથ ધરવામાં આવશે. આ સર્વે સિકસલેન હાઈવેમાં કપાત થનાર ખેતી અને બિનખેતીનો સર્વે નંબર આધારિત ડેટા તૈયાર કરી કલેકટરને સોંપવામાં આવશે.

# રાજકોટની શાળા નંબર ૮૫માં સાયબર સુરક્ષા સેમીનાર યોજાયો




રાજકોટ, આજના ડિજિટલ યુગમાં ટેકનોલોજીના વધતા વ્યાપ સાથે સાયબર ગુનાઓનું પ્રમાણ પણ વધી રહ્યું છે, ત્યારે શાળાના બાળકો નાની ઉંમરથી જ આ બાબતે જાગત બને તેવા હેતુસર રાજકોટ પોલીસ કમિશનર કચેરી દ્વારા સુરક્ષા સેતુ કાર્યક્રમ અંતર્ગત રાજકોટની શ્રી પ્રાણનાથજી પ્રાથમિક શાળા નંબર ૮૫ ખાતે સાયબર ક્રાઈમ સુરક્ષા તેમજ સલામતી વિષય પર એક વિશેષ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમીનારમાં શાળાના ધોરણ ૬ થી ૮ માં અભ્યાસ કરતા કુલ ૧૯૫ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પોલીસ વિભાગના નિષ્ણાતો દ્વારા ઉપસ્થિત વિદ્યાર્થીઓને વર્તમાન સમયમાં થતા વિવિધ સાયબર ફ્રોડ, સોશિયલ મીડિયાના ઉપયોગ વખતે રાખવાની થતી સાવચેતી, ઓનલાઈન ગેમિંગના જોખમો તેમજ સુરક્ષિત ઈન્ટરનેટ સર્ફિંગ અંગે ઊંડાણપૂર્વકની સમજૂતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, કોઈ પણ પ્રકારની ઓનલાઈન છેતરપિંડી કે મુશ્કેલીના સમયે ક્યાં અને કેવી રીતે મદદ મેળવવી તે અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

શાળાના આચાર્ય શ્રી હિતેશભાઈ રાઠોડના સરાહનીય પ્રયાસોથી યોજાયેલ આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સ્ટા ફ મિત્રો અને રાજકોટ પોલીસ કમિશનર કચેરીની ટીમે જહેમત ઉઠાવી હતી. શાસનાધિકારીશ્રી રમેશભાઈ જેઠવાએ શાળાની આ પ્રસંશનીય કામગીરીને બિરદાવી હતી.

# આજે રાજકોટના કાન્તા સ્ત્રી વિકાસ ગૃહનો ૮૨માં વર્ષમાં પ્રવેશ

## સપ્તાહભર વિવિધ કાર્યક્રમો સાથે સેવામય ઉજવણી




રાજકોટ,રાજકોટ શહેરની સામાજજક અને શૈક્ષણિક તેમજ સેવાકીય ક્ષેત્રે અગ્રેસર શ્રી કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ સંસ્થા દ્વારા ૮૨ માં વર્ષમાં પ્રવેશ થઈ રહ્યો હોય સેવામય ઉજવણીનું આયોજન કરાયુ છે.

સ્વ. ગુલાબચંદ તલકચંદ શેઠે સંસ્થાની સ્થાપના ૧૬ જુલાઈ ૧૯૪૫ માં કરી હતી. નારી ઉત્થાનના તથા શિક્ષણના ઉમદા વવચારને અપનાવી સંસ્થાના શિલ્પી એવા શેઠ કુટુંબની જ બંને બહેનો સ્વ. હીરાલક્ષ્મીબેન શેઠ તેમજ સ્વ. ડૉ. સુશીલાબેન શેઠ આજીવન સંસ્થા માટે ભેખધારી બન્યા. ત્યારબાદ તેમના સમાજ સેવાના વારસાને આગળ વધારતા રાજકોટ સ્થિત ટ્રસ્ટીશ્રી અતુલભાઈ મોદી, શ્રીમતિ નેહાબેન દફતરી તેમજ મુંબઈ સ્થિત શ્રી પ્રેમલભાઈ ઉદાણી તેમજ શ્રી વિશાલભાઈ શેઠ આ સમયે પણ આ સમાજ સેવાના સૂકાનને સુપેરે સંભાળી રહ્યા છે.૮૧ વર્ષના ગૌરવવંતા ઈવતહાસની ઝાંખી કરાવવા સંસ્થા તા.૧૩ થી ૧૮ જુલાઈ સુધીના સપ્તાહની ભવ્ય ઉજવણી કરવા જઈ રહી છે. જેમાં દીકરીઓના હેલ્થ. ચેકઅપ(મેન્યુઅલ હાઈજીન - ડેન્ટલ ચેકઅપ - હમોગ્લોબીન ચેકઅપ વગેરે), સાયબર સિક્યુરીટી સેમિનાર, વૃક્ષારોપણ, પ્રકૃતિ મહોત્સવ, ગુરુવંદના કાર્યક્રમ, અનાથાશ્રમ તેમજ વદ્ધાશ્રમની મુલાકાત, ભવ્ય પ્રવેશોત્સવ, પૂર્વ શિક્ષિકાઓ તેમજ વિદ્યાથીઓનું બહુમાન જેવા કાયક્રમો આયોજીત કરેલ છે. ટ્રસ્ટ સ્થાપિત અને સંચાલિત શ્રી જી.ટી. શેઠ ઓથો. હોસ્પિટલની વિદ્યાથી અને શિક્ષકો મુલાકાત લઈ દદીઓને પુષ્પ તેમજ ગેટવેલનુ કાર્ડ આપી શુભેચ્છાઓ પાઠવશે.

# ભારતનું હવે સેમિકન્ડક્ટર મિશન ૨.૦ પર ફોકસ

## મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન ૨.૦ ને મંજૂરી આપી : ડોમેસ્ટિક મોબાઈલ ફોન મેન્યુફેક્ચરિંગ સ્કીમને અપગ્રેડ કરવાનો નિર્ણય

નવીદિલ્હી,

ભારતમાં એક નવી ચિપ ક્રાંતિ શરૂ થઈ છે. પીએમ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન ૨.૦ ને મંજૂરી આપી છે. આ ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ બનાવવા તરફ એક મોટું પગલું માનવામાં આવે છે. વધુમાં, સરકારે ડોમેસ્ટિક મોબાઈલ ફોન મેન્યુફેક્ચરિંગ સ્કીમને અપગ્રેડ કરવાનો નિર્ણય લીધો છે. મોદી સરકારનું આ પગલું ભારતમાં ડોમેસ્ટિક ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમને વેગ આપશે.

મોદી સરકારે ૨૦૨૧ માં ભારત સેમિકન્ડક્ટર મિશન શરૂ કર્યું હતું. પ્રથમ તબક્કો ચિપ ઉત્પાદન અને પેકેજિંગ એકમોને આકર્ષવા પર કેન્દ્રિત હતો. હવે, સરકારે તેના બીજા તબક્કાની જાહેરાત કરી છે, જે ફક્ત ચિપ ઉત્પાદન પર જ નહીં પરંતુ વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારતની સ્થિતિને મજબૂત બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.મીટવાયએ આ મિશન માટે ૧.૨૫ લાખ કરોડના પ્રસ્તાવને મંજૂરી આપી છે. સરકારે આ વર્ષના બજેટમાં સેમિકન્ડક્ટર મિશન ૨.૦ ની જાહેરાત કરી હતી.આઈએસએમ ૨.૦ માં, સરકારનું ધ્યાન ભારતમાં ફુલ-સ્ટેક સેમિકન્ડક્ટર બૌદ્ધિક સંપત્તિ વિકસાવવા પર છે. આ ભારતમાં ચિપ ઉત્પાદન માટે એક મજબૂત ઈકોસિસ્ટમ બનાવશે, જેમાં ચિપ ડિઝાઈન અને ફેબ્રિકેશનથી લઈને અદ્યતન ટેકનોલોજી વિકાસ સુધીની દરેક વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. કેન્દ્રીય મંત્રીમંડળ તરફથી સેમિકન્ડક્ટર મિશન માટે આ ભંડોળ ઉત્પાદન ક્ષમતાને વિસ્તૃત કરવા અને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારતનો હિસ્સો મજબૂત કરવા માટે કામ કરશે.

સરકારનો અંદાજ છે કે આઈએસએમ ૨.૦ દ્વારા, ભારતનું સેમિકન્ડક્ટર બજાર ૨૦૩૦ સુધીમાં ૧૦૦ થી ૧૧૫ બિલિયન સુધી પહોંચી શકે છે. ભારત




સેમિકન્ડક્ટર મિશનના પ્રથમ તબક્કામાં, ભારતનું સેમિકન્ડક્ટર બજાર આશરે ૪૫ થી ૫૦ બિલિયન સુધી પહોંચી ગયું છે. આગામી પાંચ વર્ષમાં આ બજાર બમણું થવાની ધારણા છે.

ભારતનો સેમિકન્ડક્ટર બજારમાં વધતો પ્રવેશ ખાસ કરીને ચિપ ડિઝાઈન, ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન, સેમિકન્ડક્ટર ઉપકરણો, ઓટોમેશન અને હાઈ-ટેક ઉત્પાદનમાં સંકળાયેલા સ્ટાર્ટ-અપ્સને લાભ આપશે. સ્માર્ટફોન, ઈલેક્ટ્રિક વાહનો, ડેટા સેન્ટર્સ, એઆઈ, ઓટોમેશન અને ઔદ્યોગિક ઈલેક્ટ્રોનિક્સની ઝડપથી વધતી માંગનો સીધો ફાયદો બજારને થશે. આને ભારતમાં એક નવી ચિપ ક્રાંતિ તરીકે જોઈ શકાય છે.

# હોર્મુઝમાં થયેલા હુમલા બાદ હવે દરેક ભારતીય નાવિક પર ૨૪ કલાક દેખરેખ રાખવામાં આવશે

## કેન્દ્ર સરકારે ભારતીય નાવિકોના રક્ષણ માટે મોટા પગલાં લીધાં

નવીદિલ્હી,

હોર્મુઝની સામુદ્રધુનીમાં બે વેપારી જહાજો પર થયેલા હુમલા બાદ પશ્ચિમ એશિયામાં વધતી જતી દરિયાઈ સુરક્ષા કટોકટીને ધ્યાનમાં રાખીને, કેન્દ્ર સરકારે ભારતીય નાવિકોના રક્ષણ માટે મોટા પગલાં લીધાં છે. કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે દરિયાઈ દેખરેખ વધારવા અને "નાવિક-પ્રથમ" નીતિના અમલીકરણનો નિર્દેશ આપ્યો છે. તેમણે જણાવ્યું હતું કે અસરગ્રસ્ત વિસ્તારમાં દરેક ભારતીય નાવિકને તેમના રાષ્ટ્રીય ધ્વજને ધ્યાનમાં લીધા વિના શોધી કાઢવામાં આવશે. સોમવારે યોજાયેલી ઉચ્ચ-સ્તરીય સમીક્ષા બેઠકમાં સોનોવાલે અનેક મહત્વપૂર્ણ સૂચનાઓ જારી કરી.

મીટિંગ દરમિયાન, સોનોવાલે દરેક જહાજનું રીઅલ-ટાઈમ મોનિટરિંગ, દરેક અસરગ્રસ્ત ભારતીય નાવિક માટે સમર્પિત સંપર્ક અધિકારીની નિમણૂક અને વિદેશ મંત્રાલય, ભારતીય નૌકાદળ, શિપિંગ મહાનિર્દેશાલય, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય, રસાયણો અને ખાતર મંત્રાલય અને ઈરાન અને ઓમાનમાં ભારતીય દૂતાવાસો સાથે ચોવીસ કલાક સંકલન કરવાનો નિર્દેશ આપ્યો. હોર્મુઝ સ્ટ્રેટમાં બે વેપારી જહાજો, એમટી અલ બાહિયાહ અને એમટી મોમ્બાસા પર થયેલા હુમલા બાદ આ બેઠક બોલાવવામાં આવી હતી. બંને જહાજોના ૪૬ સભ્યોના ક્રૂમાં ૩૦ ભારતીય નાવિકોનો સમાવેશ થાય છે.

એમટી અલ બાહિયાહ પરના હુમલામાં એક ભારતીય નાવિકનું મોત થયું હતું અને બીજો ઘાયલ થયો હતો. એમટી મોમ્બાસામાં નવ ભારતીય નાવિક ઘાયલ થયા હતા, જેમાંથી બેની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે. મૃતક નાવિકોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરતા, સોનોવાલે જણાવ્યું હતું કે રાષ્ટ્ર હંમેશા ફરજ દરમિયાન પોતાનો જીવ ગુમાવનારા ભારતીય નાવિકોના સર્વોચ્ચ બલિદાનને યાદ રાખશે. તેમણે જણાવ્યું હતું કે સરકાર શોકગ્રસ્ત પરિવારોને શક્ય તમામ સહાય પૂરી પાડશે અને ઘાયલ થયેલા તમામ ખલાસીઓના ઝડપી સ્વસ્થ થવાની કામના કરે છે.

# જથ્થાબંધ ફુગાવાના આંકડા સરકારની આર્થિક નીતિઓની નિષ્ફળતાનો પુરાવો : કોંગ્રેસ

## કોંગ્રેસે વધતી જતી મોંઘવારી અંગે વડાપ્રધાન પાસેથી જવાબ માંગ્યો

નવીદિલ્હી,

જૂનમાં જથ્થાબંધ ફુગાવો ૯.૮૭ ટકા સુધી વધી ગયા પછી, કોંગ્રેસે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર આકરા પ્રહારો શરૂ કર્યા છે. પાર્ટીએ આરોપ લગાવ્યો કે સરકારની જનવિરોધી નીતિઓને કારણે દેશ ધીમે ધીમે આર્થિક સંકટ તરફ આગળ વધી રહ્યો છે. કોંગ્રેસે વધતી જતી મોંઘવારી અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પાસેથી જવાબ માંગ્યો, કહ્યું કે ૧૨ વર્ષ સુધી સરકાર ચલાવ્યા પછી, તેમણે આ આર્થિક પરિસ્થિતિની જવાબદારી લેવી જોઈએ.

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર હિન્દીમાં પોસ્ટ કરતાં કહ્યું કે કોંગ્રેસ છેલ્લા ઘણા મહિનાઓથી સરકારને આર્થિક પરિસ્થિતિ અંગે સતત ચેતવણી આપી રહી છે, પરંતુ સરકારે સમયસર કોઈ નક્કર પગલાં લીધા નથી. તેમણે કહ્યું કે જૂનમાં જથ્થાબંધ ફુગાવો ૯.૮૭ ટકાના ૪૪ મહિનાના ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયો છે. ઈંધણ અને વીજળીના ભાવમાં ૨૭.૪ ટકાનો વધારો થયો છે. વધુમાં, કૃષિ વાવણી ત્રણ વર્ષના નીચલા સ્તરે પહોંચી ગઈ છે. તેમણે કહ્યું કે સામાન્ય લોકો મોંઘવારી અને બેરોજગારીથી પીડાઈ રહ્યા છે, જ્યારે ખેડૂતો સરકારી નીતિઓ અને પ્રતિકૂળ હવામાનના બેવડા પ્રહારનો સામનો કરી રહ્યા છે.

જયરામ રમેશે કહ્યું કે વધતી જતી ફુગાવાથી ઉદ્યોગોના ખર્ચમાં પણ વધારો થઈ રહ્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે જ્યારે લગભગ તમામ મુખ્ય આર્થિક સૂચકાંકો ચિંતાઓ ઉભી કરી રહ્યા છે, ત્યારે સરકાર પરિસ્થિતિને સંબોધવાને બદલે લોકોનું ધ્યાન ભટકાવવામાં વ્યસ્ત છે.

# જાતીય ગુનાઓના કેસોમાં ન્યાયિક અને પોલીસ સંવેદનશીલતા અંગે કોઈપણ પ્રકારની ઢીલ અસ્વીકાર્ય

## સુપ્રીમ કોર્ટે જાતીય ગુનાના કેસોમાં ન્યાયાધીશો અને પોલીસની સંવેદનશીલતા અંગે કડક માર્ગદર્શિકા જારી કરી

નવીદિલ્હી,

દેશની સર્વોચ્ચ અદાલતે જાતીય ગુનાના કેસોમાં સંવેદનશીલતા અંગે ખૂબ જ મહત્વપૂર્ણ નીતિ અને વહીવટી નિર્દેશ જારી કર્યો છે. સુપ્રીમ કોર્ટે પટના હાઈકોર્ટના તાજેતરના આદેશ પર ઊંડી નારાજગી વ્યક્ત કરી છે, જેમાં મહિલા પર બળજબરી કરવાના કૃત્યને "બળાત્કારનો પ્રયાસ" ગણવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લેતા, ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે સ્પષ્ટ કર્યું કે જાતીય ગુનાઓ સંબંધિત કેસ નોંધવા અને સુનાવણી માટે અદાલતો અને પોલીસે નિર્ધારિત સંવેદનશીલતા માર્ગદર્શિકાનું કડક પાલન કરવું જોઈએ.

તાજેતરના એક નિર્ણયમાં, પટના હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે મહિલાના કપડાં ઉતારવા અને તેના સ્તન પર હાથ રાખવા એ "બળાત્કારનો પ્રયાસ" સાબિત કરવા માટે પૂરતું નથી. હાઈકોર્ટના ન્યાયાધીશ પૂર્ણેન્દુ સિંહે આરોપીની સજાને બળાત્કારના પ્રયાસની વધુ ગંભીર કલમથી ઘટાડીને માત્ર મહિલાની નમ્રતાને ઠેસ પહોંચાડવાના ગુના (ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૪) સુધી ઘટાડી દીધી, જેમાં ઘણી ઓછી સજા છે. જ્યારે વરિષ્ઠ વકીલ શોભા ગુપ્તાએ સુપ્રીમ કોર્ટને ધ્યાન દોર્યું કે આવી વિસંગતતાઓ સતત ઉભરી રહી છે, ત્યારે સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તે ચિંતા વ્યક્ત કરી હતી કે ન્યાયાધીશોએ પણ કાયદા અને અગાઉના નિર્ણયોનું સંશોધન કરવાની ફરજ છે. તેમણે કડક ટિપ્પણી કરી હતી કે ન્યાયિક સ્ટાફ આ મામલે કંઈ કરી રહ્યો નથી.

આ સમગ્ર વિવાદ ૨૦૦૮ માં બનેલી એક ઘટનાથી ઉદ્ભવ્યો હતો. અમરપુરમાં એક મહિલા તેના પિતા સાથે ફોટો સ્ટુડિયોમાં ગઈ હતી. આરોપ મુજબ, સ્ટુડિયોના માલિકે, તેના પિતાને બહાર રાહ જોવાનું કહેવાના બહાને, દરવાજો બંધ કરી દીધો અને અંદર મહિલા પર જાતીય હુમલો કરવાનો પ્રયાસ કર્યો. નીચલી કોર્ટે આરોપીને બળાત્કારના પ્રયાસ અને ખોટી રીતે બંધક બનાવવાનો દોષી ઠેરવ્યો હતો, જેને તેણીએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. હાઈકોર્ટે ચુકાદો આપ્યો હતો કે રેકોર્ડ પર ઘૂસણખોરી અથવા તબીબી પુરાવા ન હોવાથી, બળાત્કારના પ્રયાસના આરોપો લાગુ પડતા નથી. કોર્ટે જણાવ્યું હતું કે આ કેસ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૪ હેઠળ મહિલાની નમ્રતાને માત્ર અપમાનજનક ગણાવે છે કારણ કે આરોપીએ ગુનાહિત બળનો ઉપયોગ કર્યો હતો.

# કાશીમાં એલિવેટેડ કોરિડોર અને ૬-લેન ગ્રીનફિલ્ડ હાઈવેને કેન્દ્ર સરકારની મંજૂરી

## બે પ્રોજેક્ટ્સ પર કુલ ૨૫,૦૦૦ કરોડથી વધુનો ખર્ચ થશે

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય મતવિસ્તાર વારાણસીને એક મોટી માળખાગત સુવિધા ભેટ આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળે શહેરમાં ૪૩.૨૧૮ કિલોમીટરના એલિવેટેડ કોરિડોર અને ૬-લેન ગ્રીનફિલ્ડ એલિવેટેડ કોરિડોર પ્રોજેક્ટને મંજૂરી આપી છે. આ બે પ્રોજેક્ટ્સ પર કુલ ૨૫,૦૦૦ કરોડથી વધુનો ખર્ચ થશે. હાઈબ્રિડ એન્યુઈટી મોડેલ પર આધારિત, આ મેગા પ્રોજેક્ટ્સ સ્થાનિક લોકો, ભારત અને વિદેશના યાત્રાળુઓ અને કાશી જતા પ્રવાસીઓ માટે ટ્રાફિક જામમાંથી કાયમી રાહત આપશે.

બુધવારે, કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કેબિનેટ બ્રીફિંગમાં માહિતી આપી હતી કે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૯ અને વારાણસી રિંગ રોડ વચ્ચે ભવ્ય ૬-લેન ગ્રીનફિલ્ડ એલિવેટેડ કોરિડોરના વિકાસને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટની કુલ લંબાઈ ૪૬.૦૩૯ કિલોમીટર હશે અને તેનો ખર્ચ આશરે ૧૪,૪૪૭.૬૪ કરોડ થશે. આ ગ્રીનફિલ્ડ કોરિડોર વારાણસીના રોડ નેટવર્કને ઉત્તમ કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ પ્રોજેક્ટનો સૌથી મોટો ફાયદો એ હશે કે તે આ અસરગ્રસ્ત વિસ્તારમાં વાહનો માટે સરેરાશ મુસાફરી સમય લગભગ ૬૦ મિનિટથી ઘટાડીને માત્ર ૨૦ મિનિટ કરશે. આ શહેરના મુખ્ય ધાર્મિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક સ્થળો સુધી પહોંચવામાં મોટા પ્રમાણમાં સુવિધા આપશે.

# ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા રજૂ કરાયેલ ૯૬ લાખ કરોડના સંરક્ષણ બિલને યુએસ સેનેટે બ્લોક કરી દીધું

## સંરક્ષણ બિલમાં લશ્કરી કર્મચારીઓ માટે પગાર વધારા સહિત નોંધપાત્ર પેન્ટાગોન ખર્ચ માટેની જોગવાઈઓ

વોશિંગ્ટન,

ઈરાન સાથે ચાલી રહેલા યુએસ યુદ્ધ વચ્ચે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને તેમના જ દેશમાં ઝટકો લાગ્યો છે. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા રજૂ કરાયેલ ૧ ટ્રિલિયન અથવા ૯૬ લાખ કરોડથી વધુના સંરક્ષણ બિલને યુએસ સેનેટમાં બ્લોક કરી દેવામાં આવ્યું છે. ડેમોક્રેટ્સે ઈરાન સાથેના યુદ્ધના વિરોધમાં આ પગલું ભર્યું છે.

સેનેટમાં ડેમોક્રેટ્સે વાર્ષિક સંરક્ષણ બિલ, રાષ્ટ્રીય સંરક્ષણ અધિકૃતતા અધિનિયમ, પસાર થવાથી અટકાવ્યું. તેમણે જણાવ્યું હતું કે તેઓ ડોનાલ્ડ ટ્રમ્પના ઈરાન સામેના યુદ્ધ અને દ્વિપક્ષીય પેકેજનો વિરોધ કરે છે, જેમાં લશ્કરી કર્મચારીઓ માટે પગાર વધારા સહિત નોંધપાત્ર પેન્ટાગોન ખર્ચ માટેની જોગવાઈઓ શામેલ છે.

એ નોંધનીય છે કે ડેમોક્રેટિક નેતા ચક શૂમરે યુએસ સેનેટમાં આ બિલનો વિરોધ કર્યો હતો. તેમણે, અન્ય અગ્રણી ડેમોક્રેટ્સ સાથે, જણાવ્યું હતું કે તેઓ વાર્ષિક સંરક્ષણ બિલ, જેને રાષ્ટ્રીય સંરક્ષણ અધિકૃતતા અધિનિયમ તરીકે ઓળખવામાં આવે છે, તેને સમર્થન આપી શકતા નથી, કારણ કે ઈરાન સાથેનું યુદ્ધ તેના પાંચમા મહિનામાં ચાલુ છે. સેનેટ મતદાનમાં ૫૦-૪૬ મત મળ્યા, અને રાષ્ટ્રીય સંરક્ષણ અધિકૃતતા અધિનિયમ બિલ પક્ષની રેખાઓ પર જરૂરી બહુમતી મેળવવામાં નિષ્ફળ ગયું.

ચક શુમરે કહ્યું, "ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકન લોકોને એવા યુદ્ધમાં વધુ ઊંડા ધકેલી શકતા નથી જેને તેઓ સમજી શકતા નથી અને જેને કેવી રીતે સમાપ્ત કરવું તે જાણતા નથી. અને પછી તેઓ અપેક્ષા રાખે છે કે કોંગ્રેસ તેને અવગણશે." યુએસ સેનેટમાં આ મતદાન વ્હાઈટ હાઉસે કોંગ્રેસને ઔપચારિક રીતે જાણ કર્યાના એક દિવસ પછી આવ્યું કે તેણે ઈરાન સામે બોમ્બમારો ફરી શરૂ કર્યો છે, જેનાથી યુએસ-ઈરાન યુદ્ધવિરામનો અંત આવ્યો છે.

# પતિના પગારના ૨૫% ભરણપોષણ તરીકે ચૂકવવા ફરજિયાત નથી : અલ્હાબાદ હાઈકોર્ટ

## અદાલત જરૂર મુજબ વધુ કે ઓછું ભરણપોષણ નક્કી કરી શકે

પ્રયાગરાજ,

અલ્હાબાદ હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ અવલોકન કર્યું છે, જેમાં કહેવામાં આવ્યું છે કે પતિની ચોખ્ખી માસિક આવકના ૨૫ ટકા ભરણપોષણ તરીકે ચૂકવવું ફરજિયાત નથી. તે ફક્ત એક સામાન્ય માર્ગદર્શિકા છે. કોર્ટે જણાવ્યું હતું કે દરેક કેસના તથ્યો અને સંજોગો અલગ અલગ હોય છે, તેથી ગૌણ અદાલત જરૂર મુજબ વધુ કે ઓછું ભરણપોષણ નક્કી કરી શકે છે. ન્યાયાધીશ અચલ સચદેવની સિંગલ બેન્ચે બે ફોજદારી સુધારણા અરજીઓની સુનાવણી કરતી વખતે આ અવલોકન કર્યું હતું. બે અરજીઓમાંથી એક પત્ની પિંકી ઉર્ફે પ્રીતિ દ્વારા દાખલ કરવામાં આવી હતી, જેમાં ઉત્તર પ્રદેશના કાનપુર દેહાતમાં ફેમિલી કોર્ટ દ્વારા આપવામાં આવેલા ૧૨,૦૦૦ ના માસિક ભરણપોષણમાં વધારો કરવાની માંગ કરવામાં આવી હતી. બીજી અરજી પતિ જય પ્રકાશ દ્વારા ફેમિલી કોર્ટના આદેશને પડકારતી દાખલ કરવામાં આવી હતી. કોર્ટે પોતાના નિર્ણયમાં સ્પષ્ટ કર્યું હતું કે ભરણપોષણની ગણતરી પતિની ચોખ્ખી આવકના આધારે કરવામાં આવશે. ચોખ્ખી આવક એ જરૂરી કપાત અને કર પછી બાકી રહેલી આવકનો ઉલ્લેખ કરે છે, કુલ આવક નહીં. એ નોંધવું જોઈએ કે આ કિસ્સામાં, પતિએ તેની પત્ની સામે છૂટાછેડાની અરજી દાખલ કરી હતી અને છૂટાછેડાનો હુકમનામું મેળવ્યું હતું.

# સોનમ વાંગચુકની ભૂખ હડતાળ મામલે દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર અને દિલ્હી સરકારને નોટિસ ફટકારી

## સોનમ વાંગચુકની ભૂખ હડતાળ અંગે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી

નવીદિલ્હી,

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી સાથે દિલ્હીના જંતર મંતર પર અનિશ્ચિત સમય માટે ભૂખ હડતાળ પર બેઠેલા સોનમ વાંગચુકનો કેસ દિલ્હી હાઈકોર્ટમાં પહોંચ્યો છે. આબોહવા કાર્યકર્તા સોનમ વાંગચુક ૨૮ જુલાઈથી ભૂખ હડતાળ પર છે. સોનમ વાંગચુકની ભૂખ હડતાળ અંગે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી (પીઆઈએલ) દાખલ કરવામાં આવી છે. આ અરજીની સુનાવણી દિલ્હી હાઈકોર્ટમાં થઈ હતી. દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકાર અને દિલ્હી સરકારને નોટિસ જારી કરીને આવતીકાલ સુધીમાં જવાબ આપવા જણાવ્યું હતું. હાઈકોર્ટ મુખ્ય ન્યાયાધીશ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને ન્યાયાધીશ તેજસ કારિયાની બનેલી ડિવિઝન બેંચ સમક્ષ અરજીની સુનાવણી કરી રહી હતી.

આ અરજી સામાજિક કાર્યકર અને વકીલ રાકેશ કુમાર સૈની દ્વારા દાખલ કરવામાં આવી હતી. અરજીમાં કેન્દ્ર સરકારને વાંગચુકને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા અને જો જરૂરી હોય તો, તેમનો જીવ બચાવવા માટે તેમને બળજબરીથી ખોરાક આપવાનો નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી છે. અરજીમાં કેન્દ્ર અને



દિલ્હી સરકારને વાંગચુકને બળજબરીથી ખોરાક આપવાનો નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી છે.

સોનમ વાંગચુક દિલ્હીના જંતર-મંતર ખાતે ભૂખ હડતાળ પર છે. તેમની ભૂખ હડતાળ ૧૮ દિવસથી ચાલી રહી છે. તેઓ કોકરોચ જનતા પાર્ટીના સ્થાપકના સમર્થનમાં ભૂખ હડતાળ પર છે. પાર્ટીના સ્થાપક શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા છે.

# ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસવાય કુરૈશીએ એસઆઈઆર પ્રક્રિયા અંગે ચૂંટણી પંચની ટીકા કરી

## એસઆઈઆરનો હેતુ મતદાર યાદીમાંથી નામો દૂર કરવાનો હતો

નવીદિલ્હી,

ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસવાય કુરૈશીએ ચાલુ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પ્રક્રિયા અંગે ચૂંટણી પંચની ટીકા કરી છે. તેમણે કહ્યું કે જૈંઇ પ્રક્રિયા મતદાર યાદીમાંથી નામો દૂર કરવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે અને લોકશાહીને નુકસાન પહોંચાડે છે. તેમણે કહ્યું કે જૈંઇ એ મુક્ત અને ન્યાયી ચૂંટણીઓની પ્રક્રિયાને અસર કરી છે.

તેમના નવા પુસ્તક, "ઈન્ડિયા એન્ડ આઈ: અ હન્ડ્રેડ મેમોરીઝ, નોટ અ મેમોઈર" ના વિમોચન પહેલા કુરેશીએ કહ્યું કે વર્તમાન એસઆઈઆર પ્રક્રિયા મતદાર યાદીમાંથી નામો દૂર કરવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે, જાણે કે ચૂંટણી પંચને વધુ નામો દૂર કરવા બદલ પુરસ્કાર આપવામાં આવશે. કુરેશીએ કહ્યું કે મતદાર તરીકે નોંધણી કરાવવી એ બંધારણીય અધિકાર છે, પરંતુ એવી પરિસ્થિતિ બનાવવામાં આવી રહી છે કે જાણે ચૂંટણી પંચ લોકોને ઈનામ તરીકે આ સુવિધા આપી રહ્યું હોય.

કુરેશીએ કહ્યું, એસઆઈઆર પ્રક્રિયા મોટે ભાગે નામો દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. એવું લાગે છે કે શક્ય તેટલા લોકોને દૂર કરવા એનો મુખ્ય ઉદ્દેશ્ય બની ગયો છે." તેમના કાર્યકાળના ઉદાહરણો આપતા, તેમણે કહ્યું કે અગાઉ, ચૂંટણી અધિકારીઓને નાની ભૂલોને અવગણવાની સૂચના આપવામાં આવી હતી જેથી કોઈ પણ મતદાર યાદીમાંથી બાકાત ન રહે. કુરેશીએ કહ્યું, "હવે ધ્યાન એ વાત પર છે કે કેટલા લોકોને બાકાત રાખવા જોઈએ, કારણ કે મહત્તમ સંખ્યામાં નામો દૂર કરવાથી પોઈન્ટ મળશે. કરોડો લોકોને બાકાત રાખવામાં આવ્યા છે." કુરેશીએ ૩૦ જુલાઈ, ૨૦૧૦ થી ૧૦ જૂન, ૨૦૧૨ સુધી ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે સેવા આપી હતી.

બિહારનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે ૨૦૦૨-૦૩માં છેલ્લી સંપૂર્ણ સમીક્ષા પછી, એવું નક્કી કરવામાં આવ્યું હતું કે સંપૂર્ણ સમીક્ષા હવે જરૂરી નથી કારણ કે મતદાર યાદીઓનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે જો કોઈ નવો મતદાર ઉમેરવાની જરૂર હોય, તો બૂથ-સ્તરીય અધિકારી ફોર્મ-૬ પ્રદાન કરે છે, અને પ્રક્રિયા પૂર્ણ થયા પછી નામ ઉમેરવામાં આવે છે. દરમિયાન, મૃત વ્યક્તિ અથવા સ્થળાંતર કરનાર મતદારનું નામ દૂર કરવા માટે ફોર્મ-૭ ભરવામાં આવે છે. કુરેશીએ કહ્યું કે આ પ્રક્રિયા સ્થળ પર જ પૂર્ણ કરવામાં આવી હતી.

ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને ઓળખવા માટે બિહારમાં શરૂ કરાયેલા એસઆઈઆર અભિયાનનો ઉલ્લેખ કરતા કુરેશીએ પ્રશ્ન કર્યો કે આશરે ૮૦ મિલિયન લોકોને હેરાન કરવામાં આવ્યા હતા, પરંતુ ચૂંટણી પંચે હજુ સુધી કેટલા વિદેશી નાગરિકો મળી આવ્યા તેની માહિતી આપી નથી.

# અમરનાથ યાત્રાના ૧૨ દિવસમાં ૩૦૦,૦૦૦ થી વધુ ભક્તોએ બાબા બર્ફાનીના દર્શન કર્યા

## યાત્રાળુઓની સંખ્યામાં પાછલા વર્ષોની સરખામણીમાં ૩૭% નો વધારો થયો

અનંતનાગ,

શ્રી અમરનાથ યાત્રા ૨૦૨૬ એ ઈતિહાસ રચ્યો છે, અને દરરોજ નવા રેકોર્ડ બની રહ્યા છે. ૫૭ દિવસની આ યાત્રાના શરૂઆતના દિવસોમાં બરફ શિવલિંગ પીગળી ગયો હોવા છતાં, શ્રદ્ધાળુઓની સંખ્યા ઐતિહાસિક સ્તરે પહોંચી ગઈ છે. અમરનાથ યાત્રા દરમિયાન એક નવો રેકોર્ડ સ્થાપિત થયો છે, જેમાં માત્ર ૧૨ દિવસમાં ૩,૦૦,૦૦૦ થી વધુ યાત્રાળુઓએ 'બાબા બર્ફાની' ના દર્શન કર્યા. યાત્રાળુઓની સંખ્યામાં પાછલા વર્ષોની સરખામણીમાં ૩૭% નો વધારો થયો છે.

લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ પવિત્ર અમરનાથ યાત્રામાં તેમના અમૂલ્ય યોગદાન



બદલ તમામ અધિકારીઓ, સેવા પ્રદાતાઓ અને સ્વયંસેવકોની પ્રશંસા કરી. લેફ્ટનન્ટ ગવર્નરે કહ્યું કે તેમના સમર્પણ અને મહેનતે આ પવિત્ર યાત્રાને બાબા બર્ફાનીના દરેક ભક્ત માટે સરળ અને યાદગાર બનાવી છે.

આ વર્ષની અમરનાથ યાત્રાને ઐતિહાસિક માનવામાં આવી રહી છે કારણ કે તેણે યાત્રાળુઓની સંખ્યાના અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે, ભલે શિવલિંગ વહેલું ઓગળી ગયું હોય. લોકોની શ્રદ્ધા કે ભક્તિમાં કોઈ ઘટાડો થયો નથી; ફક્ત પહેલા ૧૨ દિવસમાં ૩,૦૦,૦૦૦ થી વધુ યાત્રાળુઓએ દર્શન કર્યા હતા. આ આંકડો ગયા વર્ષના ઉદ્ઘાટન સંખ્યા કરતા ૩૭% વધુ છે, જે શ્રી અમરનાથ યાત્રાના ઈતિહાસમાં એક ઐતિહાસિક સિદ્ધિ છે.

અમરનાથ શ્રાઈન બોર્ડ દ્વારા કરવામાં આવેલી ખાસ વ્યવસ્થા અને સુરક્ષા પગલાંને કારણે શ્રદ્ધાળુઓની મોટી સંખ્યા છે. ભક્તો માને છે કે બરફની રચનાની ભૌતિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના, પવિત્ર ગુફાની પવિત્ર પવિત્રતા અને દૈવી ઊર્જા અકબંધ રહે છે.

'બાબા બર્ફાની' તરીકે આદરણીય બરફની રચના મે ૨૦૨૬ માં આશરે ૭ ફૂટ ઊંચી હતી, પરંતુ યાત્રાના પહેલા પાંચ દિવસમાં તે પીગળી ગઈ.

# અમરેલીના નાની ધારીમાં યુવકની હત્યા:પ્રેમલગ્નના મનદુ:ખમાં તલવારથી હુમલો, આરોપીઓ ફરાર, ૪ સામે ફરિયાદ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલીઃ જાફરાબાદ તાલુકાના કંથારીયા ગામે રહેતા એક યુવકની ઈંગોરાળા ડુંગરી ગામે રહેતી એક યુવતી સાથે સગાઇ થયેલ હતી. અને તે યુવતીને ખાંભા તાલુકાના નાની ધારી ગામે રહેતો એક યુવક ભગાડી લઈ જઇ તેણીની સાથે પ્રેમ લગ્ન કરી લીધેલ હતા. તે વાતનું મન દુઃખ રાખી ગઈકાલે તા.૧૫ ના રોજ બપોરના ૩/૩૦ વાગ્યે આરોપીએ ફોરવ્હીલ ગાડીમાં અન્ય ત્રણ અજાણ્યા આરોપીઓને બેસાડી નાની ધારી ગામેથી ઈંગોરાળા ગામે ગોંવિદભાઈ મધુભાઈ માંગરોળીયાની વાડી ખેતરની પાસે લઇ આવી ત્યાં યુવતીને ભગાડી જનાર યુવકના ટુવ્હીલ મોટર સાયકલની પાછળ ફોરવ્હીલ ગાડી ભકટાવી તેને પછાડી દઈ ફોરવ્હીલએ આરોપીએ તલવાર લઈ તિક્ષ્ણ તલવાર વડે મરણજનારના માથાના ભાગે મરણોતર બે ધા મારી કરપીણ હત્યા નાખી હતી.



જાફરાબાદ તાલુકાના કંથારીયા ગામે રહેતા મયુરભાઈ વલકુભાઈ વરૂને ઈંગોરાળા ડુંગરી ગામે રહેતા ગેલુભાઈ મેરામભાઈ વાળાની દિકરી સુર્મિલાબેન ગેલુભાઈ સાથે સગાઈ થયેલ હતી. અને તેણીને ખાંભા તાલુકાના નાની ધારી ગામે રહેતા જયરાજભાઈ ઉર્ફે લાલાભાઈ ગોદડભાઈ ધાખડા ભગાડી લઈ જઇ તેણીની સાથે પ્રેમ લગ્ન કરી લીધેલ હતા. તે વાતનું મન દુઃખ રાખી ગઈકાલે તા.૧૫ ના રોજ બપોરના ૩/૩૦ વાગ્યે આરોપી મયુરભાઈ વલકુભાઈ વરૂ તેમના હવાલા કબ્જાની ફોરવ્હીલ ગાડીમાં તેમની સાથેના અન્ય ત્રણ અજાણ્યા આરોપીઓને બેસાડી નાની ધારી ગામેથી ઈંગોરાળા ગામે ગોંવિદભાઈ મધુભાઈ માંગરોળીયાની વાડી ખેતરની પાસે લઇ આવી ત્યાં મરણ જનાર જયરાજભાઈ ઉર્ફે લાલાભાઈ ધાખડાની ટુવ્હીલ મોટર સાયકલની પાછળ ફોરવ્હીલ ગાડી ભકટાવી તેને તથા ઈજા પામનાર શક્તિરાજ બન્નેને પછાડી દઈ ફોરવ્હીલ તેમની પાસે ઉભી રાખી આરોપી મયુરભાઈ વલકુભાઈ વરૂએ તેમનીના હાથમાં તલવાર લઈ તથા અન્ય ત્રણ અજાણ્યા આરોપીઓએ કુહાડી, લોખંડનો પાઈપ, સાથે નીચે ઉતરી મરણ જનાર જયરાજભાઈ ઉર્ફે લાલાભાઈ પાસે જઈ ત્રણ અજાણ્યા ઈસમોએ હથિયારો વડે જયરાજભાઈને આડેધડ ધા મારી તથા તેમની સાથે રહેલા શક્તિરાજને પણ જમણા હાથ ઉપર લોખંડના પાઈપના ધા મારી તથા આરોપી મયુરભાઈએ તેમની પાસે રહેલ તિક્ષ્ણ તલવાર વડે મરણજનાર જયરાજભાઈના માથાના ભાગે મરણોતર બે ધા મારી કરપીણ હત્યા નાખી હતી.

આ અંગે ખાંભા તાલુકાના નાની ધારી હનુમાનજી મંદીર પાછળ રહેતા ગૌતમભાઈ ધીરૂભાઈ વાળાએ આરોપી મયુરભાઈ વલકુભાઈ વરૂ તથા ત્રણ અજાણ્યા ઈસમો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓને ઝડપી પાડવા ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલી જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન અલગ અલગ બનાવમાં ત્રણના મોત

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલીઃ અમરેલી જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન અલગ અલગ ત્રણ બનાવમાં એક આધેડ, એક તરુણ અને અને એક મહિલના મોત નીપજયાનું જે તે પોલીસ સ્ટેશનમાં જાહેર થતા સ્થાનિક પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે

પ્રથમ બનાવમાં બગસરા ગામે આવેલ ઉગમણો વાસ વિસ્તારમાં રહેતા પ્રફુલભાઈ મુળજીભાઈ રાખશીયા નામના ૪૯ વર્ષીય આધેડને આર્થિક સંકડામણ રહેતી હોય, જેથી લાગી પોતાને આવતા ગત તા.૧૪ ના રોજ બપોરના આશરે સાડા અગીયારેક પહેલા કોઈપણ સમયે પોતે પોતાની મેળે પોતાના ઘરે ગળાફાસો ખાઈ લેતા તેમનું મોત નીપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે



બીજા બનાવમાં મધ્યપ્રદેશના વતની અને હાલ લાઠી તાલુકાના કેરાળા ગામે અમૃતભાઈ કુરજીભાઈ બોધાણીની વાડીએ રહેતા રતનભાઈ નરુભાઈ બામનીયા નામના ૧૬ વર્ષીય તરુણને ગત તા.૧૨ના રોજ વહેલી સવારના આશરે ચારેક વાગ્યાના સમયે કેરાળા ગામે જમણા ખભાના ભાગે ઝેરી સાપ કરડી જતા તરુણનું સારવાર દરમ્યાન મોત નીપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે

ત્રીજા બનાવમાં સાવરકુંડલા ગામે આવેલ જુના ગાધકડા રોડ મોમાઈ માતાજીના મંદીર પાસે આવેલ કેશવધામ સોસાયટીમાં રહેતા દક્ષાબેન કેતનભાઈ મારૂ નામની ૩૮ વર્ષીય મહિલાના લગ્નને ૧૦ વર્ષ જેટલો સમય થઈ ગયેલ હોવા છતાં તેમને કોઈ સંતાન ન હોય, દવા લેવા છતા સંતાન થતુ ન હોય જે વાતનું મનમાં લાગી આવતા ગત તા.૧૩ ના આશરે બપોરે ૩ વાગ્યાના સમયે સાવર કુંડલા ગામે ઘંઉમાં નાખવાનો પાવડર પી જવાથી તેણીનું સારવાર દરમ્યાન મોત નીપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે

# અમરેલી જિલ્લામાં રેતી માફિયાઓ બેફામ

## સાવરકુંડલા મામલતદારની ટાસ્ક ફોર્સે ૨૦ ટન રેતી ભરેલું ડમ્પર ઝડપી પાડતા ચકચાર

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃ

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી રેતી સહિતના ખનીજની ચોરીઓ બેફામ બની છે. અખબારોમાં અહેવાલો પ્રસિદ્ધ થયા બાદ સાવરકુંડલા મામલતદારે જિલ્લા કલેકટરની સૂચનાથી ઈરીગેશન, આરએન્ડબી અને પોલીસની એક ટાસ્ક ફોર્સ ટીમ બનાવી રેતી માફિયા સામે કડક ઝુંબેશ શરૂ કરી છે. આ ઝુંબેશ દરમિયાન આજે સાવરકુંડલાના જૂનાસાવર ગામ નજીકથી એક રોયલ્ટી પાસ વિનાનું ૨૦ ટન રેતી ભરેલું ડમ્પર ઝડપી પાડવામાં આવ્યું છે.

જિલ્લામાં રાત-દિવસ રેતી સહિતના ખનીજોની ચોરીનો સિલસિલો યથાવત છે. ખાણ ખનીજ વિભાગની નિષ્ક્રિયતાના કારણે માફિયાઓ બેફામ બન્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા હતા. આ અંગે અખબારોમાં અહેવાલો પ્રસિદ્ધ થયા બાદ



વહીવટી તંત્ર દોડતું થયું છે.

સાવરકુંડલા મામલતદારે ખનીજ ચોરી રોકવા માટે તાત્કાલિક ટાસ્ક ફોર્સની રચના કરી છે. જેમાં સિંચાઈ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ તથા પોલીસના અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ટાસ્ક ફોર્સ દ્વારા હાથ ધરાયેલી તપાસ દરમિયાન સાવરકુંડલા તાલુકાના જૂનાસાવર ગામ નજીકથી એક ડમ્પર ટ્રકને ઝડપી પાડવામાં આવ્યો. તપાસમાં ડમ્પરમાં લગભગ ૨૦ ટન રેતી ભરેલી હોવાનું અને તેની પાસે કોઈ જાતનો રોયલ્ટી પાસ કે ખનીજના પરિવહન માટે જરૂરી દસ્તાવેજ ન હોવાનું બહાર આવ્યું.


મામલતદારે તાત્કાલિક કાર્યવાહી કરીને રેતી ભરેલા ડમ્પરને કબજે કરી પોલીસને સોંપી દીધો છે. તેમજ સમગ્ર મામલાની વિગતવાર રિપોર્ટ ખાણ ખનીજ વિભાગને પણ મોકલી આપવામાં આવી છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે, ખાણ ખનીજ વિભાગ આ મામલે આંખ આડા કાન કરી રહ્યું હતું, ત્યારે મામલતદારે સીધી ટાસ્ક ફોર્સ બનાવી કાર્યવાહી કરીને રેતી માફિયાઓમાં ફફડાટ ફેલાવ્યો છે.

મામલતદારના જણાવ્યા મુજબ "જિલ્લામાં કોઈપણ પ્રકારની ગેરકાયદેસર ખનીજ ચોરી સહન કરવામાં આવશે નહીં. ટાસ્ક ફોર્સ દ્વારા રાત-દિવસ પેટ્રોલિંગ કરી રેતી માફિયા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમ જણાવ્યું હતું.

# જાફરાબાદ:એપ્લીકેશન મારફત કટકે કટકે કરી કુલ રૂ.૯,૫૫,૦૦૦ ટ્રાન્સફર કરાવી છેતરપિંડી

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃ

ઉત્તરપ્રદેશના વતની અને હાલ જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામે આવેલ કે-૪૦૩ સિન્ટેક્ષ કોલોનીમાં રહેતા અને સિન્ટેક્ષ કંપની લુણસાપુરમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા અનીલકુમાર રમેશચંદ્ર શાહૂ નામના ૪૦ વર્ષીય યુવકને ગત તા.૨૧/૧/૨૬ થી તા.૪/૫/૨૬ દરમીયાન કોઈ અજાણ્યા વ્યક્તિએ ફેસબુક એપ્લીકેશનમાં એડ મારફતે મો.નં.૬૩૦૯૦૦૬૪૧૪ વાળાએ સ્ટોક માર્ટેકમાં શીખવા માટે અને નફા વાળા શેર ટ્રેડીગ કરવા માટે A1165 Samco Trading Learning Group નામના વોટ્સએપ ગ્રુપમાં એડ કરાવી, વોટ્સએપ ગ્રુપમાં તથા મો.નં.૬૩૦૯૦૦૬૪૧૪ વાળા સાથે પર્સનલમાં તથા વોટ્સએપ કોલમાં વાતચીત કરી, યુવકના જુદા જુદા બેંક એકાન્ટમાંથી તા.૨૧/૧/૨૬ થી તા.૧૮/૪/૨૬ દરમીયકન જુદી જુદી બેંકો જેમાં (૧) Shree Sai construction (BANK OF INDIA)



ખાતા નં. ૭૦૦૬૨૦૧૧૦૦૦૦૨૭૦ માં રૂપિયા ૩૧,૦૦૦ તથા D.K.Traders (YES BANK ) ખાતા નં. ૦૩૧૦૮૯૪૦૦૦૦૦૭૧૬ માં રૂપિયા ૬૨,૦૦૦ તથા Istiaque online stroe (YES BANK) ખાતા નં. ૧૨૨૮૬૧૯૦૦૦૦૨૬૫૭ માં રૂપિયા ૨૫,૦૦૦ તથા Mahakal enterprises (KOTAK MAHINDRA BANK) ખાતા નં. ૯૧૫૦૨૪૨૨૧૬ માં રૂપિયા ૨,૨૫,૦૦૦ તથા M.S.R K Enterprises (BANDHAN BANK) ખાતા નં. ૨૦૧૦૦૦૭૭૧૭૦૪૬૯ માં રૂપિયા ૧૧,૦૦૦ તથા MADEEY FOOTCARE (BANK OF INDIA) ખાતા નં. ૭૨૭૩૨૦૧૧૦૦૦૦૪૩૦ માં રૂપિયા ૧,૦૧,૦૦૦ તથા Santosh Kumar (HDFC) ખાતા નં. ૫૦૧૦૦૪૯૩૪૦૬૧૬૫ માં રૂપિયા ૫,૦૦,૦૦૦ માં કટકે કટકે કરી કુલ રૂ.૯,૫૫,૦૦૦ ટ્રાન્સફર કરાવી reliance industries Limited ફેસિબસ્કરાઈબ કરાવી, Samco Securities limited એપ્લી.માં યુવકના એકાઉન્ટમાં માઈનસ દશ લાખ દેખાડી યુવકનુ એકાઉન્ટ ફ્રીજ કરી વધુ રૂપીયા દશ લાખ નાખવાની ધમકી આપી મો.નં.૬૩૦૯૦૦૬૪૧૪ વાળાનું વોટ્સએપ તથા છ૧૧૬૫ Samco Trading Learning Group વોટ્સએપ ગ્રુપ તથા Samco Securities limited નામની એપ્લીકેશન બંધ કરી દઈ યુવક સાથે ઠગાઈ કરી ઓનલાઈન સાયબર ફ્રોડ કરેલ કરી ગુનો કર્યાની BNS ક.૩૧૮(૪), ૩૧૯(૨), ૩૫૧(૨) તથા આઈ.ટી એક્ટ ક.૬૬(સી), ૬૬(ડી) મુજબ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# ખેડૂતને ખાતર તથા અનાજનો માલ નહી આપી રૂપિયા ૫૦,૦૦૦ની છેતરપીંડી

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલીઃ રાજુલા તાલુકાના રામપરા-૨ ગામે રહેતા એક ખેડુતને કોઈ અજાણ્યા શખસોએ મહુવા ગામે રહેતા હોવાની ઓળખ આપી ખેડૂતને વિશ્વાસમાં લઈ અને આરોપીએ અનાજ, ખાતર વેંચવા માટે જણાવેલ હતું. અને વેચાણમાં એક બોરી દીઠ રૂપિયા ૧૫૦ નો ફાયદો થશે. તેવી લાલચ આપી અને ખેડૂતને ૩૦૦ બોરીઓ ખાતર તથા અનાજ પહોંચાડવા માટે તથા મજુરી તેમજ ગાડીના ભાડા પેટે કુલ રૂપિયા ૫૦,૦૦૦ ની જરૂર પડશે. તેમ કહી ગુગલ પે થી રૂપિયા મંગાવી લઈ ખેડૂતને ખાતર તથા અનાજનો માલ નહી આપી ખેડૂત સાથે રૂપિયા ૫૦,૦૦૦ ની છેતરપીંડી ઓન લાઇન સાયબર ફ્રોડ કાર્યની ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની ક.૩૧૮(૪), ૫૪ તથા IT ACT કલમ ૬૬(ડી) મુજબ પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

રાજુલા તાલુકાના રામપરા-૨ ગામે રહેતા શીવાભાઈ નાજાભાઈ વાઘ નામના ૩૭ વર્ષીય ખેડુતને મોબાઈલ નં. ૭૬૯૮૬૬૬૫૫૫ ઉપરથી મહુવા ગામે રહેતા આરોપી રાઘવભાઈ ભુવાના નામથી ઓળખ આપી ખેડૂતના મો.નં.૯૯૦૪૯ ૪૪૩૧૬ મા ફોન કરી અને કહેલ કે, પોતે રામપરા-૨ ગામે આવેલ બગીચાની શાળાએ ભણેલ છે. અને આશ્રમના સંતને સારી રીતે ઓળખતો હોય જેથી ખેડૂતને આ આરોપી રાઘવ જાણીતો લાગતા ખેડૂતને વિશ્વાસમાં લઈ અને આ આરોપીએ ખેડૂતને અનાજ, ખાતર વેંચવા માટે જણાવેલ હતું. અને વેચાણમાં એક બોરી દીઠ રૂપિયા ૧૫૦ નો ફાયદો થશે. તેવી લાલચ આપી અને ખેડૂતને ૩૦૦ બોરીઓ ખાતર તથા અનાજ પહોંચાડવા માટે તથા મજુરી તેમજ ગાડીના ભાડા પેટે કુલ રૂપિયા ૫૦,૦૦૦ ની જરૂર પડશે. અને તે પૈસા એડવાન્સમાં નાખવાનુ કહી આરોપીએ તેના મિત્ર આરોપી નં.૯૭૭૩૪ ૪૯૪૧૨ થી વાત કરાવનાર વ્યક્તિના ગુગલ પે આઈ.ડી. નં.vijaybhais215@oksbi (SBI બેંક ખાતા ધારક વિજયકુમાર રણછોડભાઈ ધોબી) ના ખાતામાં ખેડૂતે SBI ના સેવીગ બેન્ક એકાઉન્ટ નં. ૬૬૦૧૯૦૪૫૩૧૭ ના ગુગલ પે થી રૂપિયા ૫૦,૦૦૦ પે કરાવી ઉપરોક્ત બન્ને મોબાઈલ નંબરથી વાત કરનાર આરોપીઓએ એકબીજાએ મીલાપીપણુ કરી ખેડૂતને વિશ્વાસમા લઈ ખાતર તથા અનાજનો માલ નહી આપી ખેડૂત સાથે રૂપિયા ૫૦,૦૦૦ ની છેતરપીંડી ઓન લાઇન સાયબર ફ્રોડ કાર્યની ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની ક.૩૧૮(૪), ૫૪ તથા IT ACT કલમ ૬૬(ડી) મુજબ પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

# રાજુલા:મથુરભાઈ ધૈયાભાઈ શિયાળના પાસેથી સુકા ગાંજાનો જથ્થો ૫ કિ.ગ્રા. ઝડપાયો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલીઃ અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં આપેલ હોય જે અન્વયે અમરેલી એસ.ઓ.જી. પોલીસ ઈન્સપેક્ટર બી.જી.ઈશરાણીની રાહબરી હેઠળ એસ.ઓ.જી. ટીમ રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હોય તે દરમિયાન ખાનગીરાહે બાતમી હકીકત આધારે બીડીકામદાર વિસ્તાર ખાતે રહેતા મથુરભાઈ ધૈયાભાઈ શિયાળનાઓ પાસેથી સુકા ગાંજાનો જથ્થો ૫.૦૦૩ કિ.ગ્રા. સાથે રેઈડ દરમ્યાન ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.



આ બનાવમાં અમરેલી જિલ્લાના રાજુલા ગામે બીડીકામદાર વિસ્તારમાં રાજુલા-સાવરકુંડલા બાયપાસ રોડ ઉપર રહેતા મથુરભાઈ ધૈયાભાઈ શિયાળ નામના ૬૦ વર્ષીય વૃદ્ધ ગેરકાયદેસર રીતે નશાકારક માદક પદાર્થ સુકા ગાંજાનું વેચાણ કરતો હોય તેવી બાતમી અમરેલી એસ.ઓ.જી. પોલીસને મળતા પોલીસે આજે વહેલી સવારે બાતમી વાળા સ્થળે દરોડો કરી આરોપી મથુરભાઈ ધૈયાભાઈ શિયાળને ગેરકાયદેસર રીતે નશાકારક માદક પદાર્થ સુકા ગાંજો જેનુ ચોખ્ખુ વજન ૫.૦૦૩ કિ.ગ્રા જેની કિમત રૂપિયા ૨,૫૦,૧૫૦ નો નાર્કોટીક્સ પદાર્થનો જથ્થો તથા સફેદ વિમલ પાનમસાલા લખેલ કાપડનો થેલો નંગ-૧ તથા ડીજીટલ વજન કાંટો નંગ-૧ કી.રૂપિયા ૫૦૦ મળી કુલ રૂપિયા ૨,૫૦,૬૫૦ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ તથા સુરત રહેતા અજાણ્યો આરોપી નહિ પકડાઈ જઈ ગુનો કરેલ આ બંને આરોપીઓ વિરૂધ્ધ એન.ડી.પી.એસ એક્ટ કલમ ૮(સી), ૨૦(બી)" (બી), ૨૯ મુજબ કાયદેસર થવા વગર પાસ પરમીટે પોતાના કબ્જામાં વેચાણ કરવા સબબ રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# સાવરકુંડલા રેલવે સ્ટેશનની પશ્ચિમ રેલવેના જીએમની ઓચિંતી મુલાકાત

## જીરામાં નબળું પ્લેટફોર્મ બન્યું હશે તો આકરી કાર્યવાહી થશેઃ જીએમ



સાવરકુંડલા:બુધવારે સવારે પશ્ચિમ રેલવેના જીએમ ધોળા ઢસા સાવરકુંડલા રાજુલાથી પીપાવાવ ગયા હતા અને પરત ફરતી વખતે સાવરકુંડલા રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી અને ઈન્સ્પેક્શન કર્યું હતું.

તેમણે સાવરકુંડલામાં પ્લેટફોર્મ તેમજ વેઈટિંગ રૂમ અને ટોયલેટ વગેરેનું ઝીણવટ ભર્યું નિરીક્ષણ કરી સંબંધિત અધિકારીને સૂચનાઓ આપી હતી. આ તબક્કે સાવરકુંડલા તાલુકાના જીરા રોડના નબળા પ્લેટફોર્મનો પ્રશ્ન સાંસદ ભરત સુતરીયાએ જાત નિરીક્ષણ કરી ઉઠાવ્યો હતો.

નબળું નબળું બાંધકામ થયું હોવાનું જાત નિરીક્ષણમાં સુતરીયાએ સ્વીકારી ભાવનગર ડીઆરએમ સાથે વાતચીત કરી રીપેરીંગ નહીં પણ ફરીથી નવું બનાવવાની સૂચનાઓ આપી હતી. આ બાબતે પશ્ચિમ રેલવેના જીએમ રામાશ્રેય પાંડેને પ્રશ્ન પૂછતા તેઓએ જણાવ્યું હતું કે અમારી ટીમ ક્વોલિટી કંટ્રોલના નમુના લઈ તપાસ કરશે અને રિપોર્ટ આવ્યા બાદ આ નબળા કામ જણાશે તો કાર્યવાહી કરાશે.

# સરપંચની ટિકીટ જોઈએ તો માલીશ કરવી પડે!: ખાંભા તા.પં.ના ચેરમેનનો વિવાદાસ્પદ વીડિયો વાયરલ

અમરેલી:અમરેલી જિલ્લાના ખાંભા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન ભાવેશ જાદવનો એક વિવાદાસ્પદ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આ વીડિયોમાં એક કાર્યકર ચેરમેનના પગ દબાવતો અને મસાજ કરતો જોવા મળે છે, જ્યારે ચેરમેન તેને સરપંચ પદ આપવાનું વચન આપી રહ્યા છે. આ ઘટનાથી ભાજપમાં ખળભળાટ મચી ગયો છે.

તાજેતરમાં રાજ્યભરમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન અંતર્ગત જિલ્લાવાર સંગઠન દ્વારા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ધારી વિધાનસભા ક્ષેત્રમાં આવતા ખાંભા તાલુકા મંડળ દ્વારા ધારી ગીરમાં આવેલા લાયનડેન રિસોર્ટમાં બે



દિવસીય પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ગમાં મોટી સંખ્યામાં કાર્યકરો, હોદ્દેદારો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વાયરલ થયેલા આ વીડિયો ક્યાનો છે તે અંગે હજુ સુધી કોઈ પુષ્ટી થઈ નથી. પરંતુ કાર્યકરોમાં ચર્ચા છે કે, પ્રશિક્ષણ વર્ગ દરમિયાન રિસોર્ટના એક રૂમનો આ વીડિયો છે.સોશિયલ મીડિયામાં વહેતા થયેલા આ વીડિયોમાં જોવા મળે છે કે, એક સામાન્ય કાર્યકર ખાંભા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન ભાવેશ જાદવના પગ દબાવી રહ્યો છે અને પગની માલિશ કરી રહ્યો છે. આ દરમિયાન ભાવેશ જાદવ કાર્યકરને સરપંચ બનવાનું વચન આપે છે. જેનાથી કાર્યકર ભારે ઉત્સાહમાં આવી જાય છે.

કાર્યકર પગ દબાવીને સેવા કરી રહ્યો છે તેમજ બોલી રહ્યો છે કે, પ્રાણ

**કાર્યકર પાસે મસાજ કરાવી પદનું વચન આપ્યું; ભાજપમાં ખળભળાટ**

જાય પણ વચન ન જાય, મને ભાવેશ ભાઈએ ગ્રામ પંચાયતનું વચન આપ્યું છે અને આપણે બહુમતિથી જીતીશું. કેટલા વર્ષોથી સેવા કરીએ છીએ જેનો લાભ મળશે. આટલું જ નહીં, વીડિયોમાં સત્તાના નશા અને પદની લાલચનો ખુલ્લો ખેલ પણ જોવા મળી રહ્યો છે.

આ વીડિયો વાયરલ થતાં અને પક્ષની છબી ખરડાતાં ભારે વિવાદ જાગ્યો હતો. આ અંગે જ્યારે વિવાદના કેન્દ્રમાં રહેલા ખાંભા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન ભાવેશ જાદવનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે રિસોર્ટની ઘટનાનો સાવ ઈનકાર કર્યો હતો. તેમણે પોતાનો બચાવ કરતા જણાવ્યું કે, આ વીડિયો સુરતમાં યોજાયેલા એક લગ્ન પ્રસંગ દરમિયાનનો છે. અમે મિત્રો-કાર્યકરો સાથે બેઠા હતા ત્યારે માત્ર મજાક-મસ્તીના મૂડમાં આ બધું બોલાયું હતું. વીડિયોમાં દેખાય છે તેવી કોઈ ઘટના બની નથી.

બીજી તરફ આ મામલે ખાંભા તાલુકા ભાજપ સંગઠનના પ્રમુખ આનંદ ભટ્ટ પણ હરકતમાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે, આ વીડિયો ધારી ગીરના રિસોર્ટનો છે કે અન્ય કોઈ જગ્યાનો તેની સત્તાવાર પુષ્ટિ હજી થઈ નથી.

# ધારીના નબાપરા વિસ્તારમાંથી આખરે ખુંખાર દીપડો પાંજરે પુરાયો

અમરેલી:અમરેલી જિલ્લાના ધારી તાલુકાના નબાપરા વિસ્તારમાં છેલ્લા ઘણા દિવસોથી આતંક મચાવતો અને માણસો પાછળ દોડતો ખુંખાર દીપડો આજે વહેલી સવારે વન વિભાગ દ્વારા ગોઠવાયેલા પાંજરામાં સપડાયો હતો. નબાપરાની સીમમાંથી દીપડાનું સફળ રેસ્ક્યુ કરવામાં આવતા વીસ દિવસમાં ત્રીજો દીપડો પાંજરે પુરાયો છે, જેના કારણે વિસ્તારમાં રાહતનો માહોલ છવાયો છે.

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના નબાપરા વિસ્તાર માટે આજે વહેલી સવાર રાહતના સમાચાર લઈને આવી હતી. છેલ્લા ઘણા દિવસોથી વિસ્તારમાં આતંક



મચાવતો અને લોકો પાછળ દોડતો ખુંખાર દીપડો આખરે વન વિભાગની ટીમની જાળમાં ફસાઈ પાંજરે પુરાયો હતો. વન વિભાગ દ્વારા ગોઠવાયેલા પાંજરામાં દીપડો સપડાતા સ્થાનિકોમાં રાહતની લાગણી પ્રસરી ગઈ હતી.

મળતી માહિતી મુજબ નબાપરા વિસ્તાર અને તેની આસપાસની સીમમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાની સતત અવર જવર જોવા મળી રહી હતી. દીપડો ખેડૂતો, રાહદારીઓ અને વાહનચાલકો માટે ભયનું કારણ બન્યો હતો. અનેક વખત દીપડાએ માણસો તરફ દોડવાનો પ્રયાસ કર્યો હોવાનું પણ સ્થાનિકોએ વન વિભાગને જણાવ્યું હતું. જેના આધારે વન વિભાગે સતત મોનિટરિંગ શરૂ કર્યું હતું.

વન વિભાગની ટીમે નબાપરાની સીમ વિસ્તારમાં અલગ અલગ સ્થળોએ પાંજરા ગોઠવી દીપડાની હિલચાલ પર નજર રાખી હતી. આજે વહેલી સવારે દીપડો પાંજરામાં સપડાતા અધિકારીઓ અને સ્ટાફ તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા. બાદમાં દીપડાને સુરક્ષિત રીતે લઈ જઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.